વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - ૧૧
SUNDAY
06 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 214 CMD : Sanjay Shah

### ભાષાવાદ અને 'જય ગુજરાત' પર રાજકીય ગરમાવો : રાજ ઠાકરેએ કહ્યું - મુંબઈને મહારાષ્ટ્રથી અલગ નહીં થવા દઈએ

**મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ**

# બે દાયકા બાદ ઠાકરેબંધુ એક મંચ પર

### ફડણવીસનું નામ લીધા વિના ઉદ્ધવે કહ્યું, ભાષાના નામે ગુંડાગીરી સહન નહીં કરાય, જો ગુંડાગીરી ન્યાય મેળવવા માટે છે, તો અમે ગુંડા છીએ

મુંબઈ, તા.૫

મુંબઈના ઈતિહાસમાં આજે એક ઐતિહાસિક ઘટના બની, જ્યારે ઠાકરે ભાઈઓ - રાજ અને ઉદ્ધવ ઠાકરે - ૨૦ વર્ષ પછી એક રાજકીય મંચ પર સાથે આવ્યા. આ પહેલા પણ તેઓ ઘણી વખત મળ્યા હતા, પરંતુ વરલીમાં પહેલીવાર જાહેરમાં મંચ શેર કર્યો.

વર્લી ડોમ ખાતે રેલીને સંબોધતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ જણાવ્યું કે, જે કામ બાલા સાહેબ ઠાકરે ન કરી શક્યા તે આજે થશે. તેમણે ડોમની બહાર ઉભેલા લોકોની માફી માંગી. રાજ ઠાકરેએ હિન્દી ભાષાના મુદ્દે આકરા શબ્દોમાં કહ્યું કે, આજે હિન્દી ભાષી લોકો રોજગાર માટે મહારાષ્ટ્ર આવે છે. હિન્દી એક સારી ભાષા છે, પરંતુ તેઓ તેને આપણા પર લાદી શકતા નથી. આપણને હિન્દી શીખવા માટે કેમ દબાણ કરવામાં આવે છે? આ અન્યાય છે. તેમણે એક મંત્રી સાથેની વાતચીતનો કિસ્સો સંભળાવતા યુપી, બિહાર અને રાજસ્થાન જેવા હિન્દીભાષી રાજ્યોની ત્રીજી ભાષા વિશે પ્રશ્ન કર્યો. તેમણે દ્રઢપણે કહ્યું કે, મુંબઈ ક્યારેય મહારાષ્ટ્રથી અલગ નહીં થાય.

રાજ ઠાકરેએ આ દરમિયાન ભાજપ સરકાર પર નિશાન સાધ્યું અને કહ્યું કે, ભાષા પછી આ લોકો જાતિનું રાજકારણ કરશે. આપણે મહારાષ્ટ્ર માટે જે કરી શકીએ તે કરીશું. સીએમ ફડણવીસે આપણને એક કર્યા છે. અમને નબળા સમજવાની ભૂલ ન કરો. નાના બાળકો પર હિન્દીનું કેમ દબાણ કરવામાં આવી રહ્યું છે? આજની સભામાં ન તો કોઈ ધ્વજ છે કે, ન તો કોઈ મરાઠી એજન્ડા છે. જો તમે કોઈને માર મારશો, તો તે ઘટનાનો વીડિયો ન બનાવો.

કાર્યક્રમને સંબોધિત કરતી વખતે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ભાજપને અફવા ફેલાવવાની ફેક્ટરી ગણાવી. તેમણે ૧૯૯૨-૯૩માં શિવસેનાએ હિન્દુઓને બચાવ્યા હોવાનો દાવો કર્યો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું નામ લીધા વિના ઉદ્ધવે કહ્યું કે, ભાષાના નામે ગુંડાગીરી સહન કરવામાં આવશે નહીં. જો આ ગુંડાગીરી ન્યાય મેળવવા માટે છે, તો અમે ગુંડા છીએ. મુંબઈ અમારો અધિકાર છે અને અમે તેના માટે લડ્યા છીએ.

ઉદ્ધવે પોતાના ભાષણની શરૂઆત એમ કહીને કરી કે, આજે બધાની નજર અમારા ભાષણ પર છે, પરંતુ તેનાથી પણ વધુ મહત્વનું એ છે કે આપણે બંને સાથે છીએ. આપણી વચ્ચે જે મતભેદ હતા, તે મરાઠીએ દૂર કર્યા છે. આપણે સાથે રહેવા માટે ભેગા થયા છીએ. તેમણે કલમ ૩૭૦ના સમર્થનનો ઉલ્લેખ કરીને કહ્યું કે, હવે આપણે હિન્દી અને હિન્દુસ્તાનનો નારા લગાવી રહ્યા છીએ. હિન્દી અને હિન્દુસ્તાન હોવું જોઈએ, પરંતુ હિન્દી શક્તિનો વિરોધ કરીશું. તેઓએ આપણો ઉપયોગ કર્યો અને પછી આપણને છોડી દીધા છે. આ ભાજપની નીતિ છે. આ લોકો રાજકારણમાં ઉદ્યોગપતિ બની ગયા છે. તેમની વિચારસરણી તોડીફોડીને શાસન કરવાની છે.

ઉદ્ધવે પીએમ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર પ્રહાર કરતા કહ્યું કે, આ બધું ટોચ પર બેઠેલા બે લોકોના કારણે થઈ રહ્યું છે. હવે આ લોકો મહારાષ્ટ્રમાં પણ ભાગલા પાડવાની રાજનીતિ કરી રહ્યા છે.



### રાજ અને ઉદ્ધવ વચ્ચેનો વિવાદ શું હતો?

એક પૂર્વભૂમિકા રાજ ઠાકરે ૧૯૮૯ થી રાજકારણમાં સક્રિય છે. ૨૧ વર્ષની ઉંમરે, તેઓ શિવસેનાના વિદ્યાર્થી પાંખ, ભારતીય વિદ્યાર્થી પરિષદના અધ્યક્ષ હતા. ૨૦૦૫ માં, શિવસેના પર ઉદ્ધવનું પ્રભુત્વ થવા લાગ્યું. ૨૦૦૩ માં મહાબળેશ્વરમાં પાર્ટીનું સંમેલન યોજાયું ત્યારે બાળાસાહેબ ઠાકરેએ રાજને ઉદ્ધવને પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ બનાવવાનું કહ્યું. ૨૦૦૫ સુધીમાં, ઉદ્ધવે પાર્ટી પર પ્રભુત્વ મેળવવાનું શરૂ કરી દીધું, જે રાજ ઠાકરેને ગમ્યું નહીં. ૨૭ નવેમ્લ ૨૦૦૫ ના રોજ, રાજ ઠાકરેએ શિવસેનાના નેતા પદ પરથી રાજીનામું આપીને ૯ માર્ચ ૨૦૦૬ ના રોજ પોતાની પાર્ટી 'મહારાષ્ટ્ર નવનિર્માણ સેના' (મનસે)ની જાહેરાત કરી, જેને તેમણે 'મરાઠી માનુષોની પાર્ટી' ગણાવી.

### શિંદેના 'જય ગુજરાત'ના નારાથી વિવાદ

પુણે : મહારાષ્ટ્રના ડે. સીએમ એકનાથ શિંદેએ પુણેમાં એક કાર્યક્રમમાં 'જય ગુજરાત, જય મહારાષ્ટ્ર' ના નારા લગાવ્યા, જેને લઈને રાજકીય વિવાદ ઉભો થયો છે. કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ પણ હાજર હતા, તેમણે લોકોને ગુજરાતીમાં સંબોધિત કર્યા હતા. જે બાબતે મહારાષ્ટ્ર કોંગ્રેસના એકમના પ્રમુખ હર્ષવર્ધન સપકલે શિંદે પર પ્રહારો કર્યા અને તેને 'રાજકીય ગુલામી' ગણાવી. સપકલે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ છે, જેઓ આત્મસન્માન અને સાર્વભૌમત્વ માટે ઉભા હતા. તેમણે નાયબ મુખ્યમંત્રીની ખુરશી પર બેઠેલા નેતા દ્વારા 'જય મહારાષ્ટ્ર' ને બદલે 'જય ગુજરાત' ના નારા લગાવવાને શરમજનક ગણાવ્યું. સપકલે દાવો કર્યો કે શિંદેએ મૂળ શિવસેના તોડીને અને ગુજરાતના દળો દ્વારા પાર્ટીનું નામ અને પ્રતીક મેળવ્યા પછી, તેમના રાજકીય માલિકોને ખુશ કરવા માટે બધી હદો વટાવી દીધી છે. તેમનો 'જય ગુજરાત'નો નારો માત્ર ચાપલૂસી નથી, પરંતુ મહારાષ્ટ્ર નિવાસીનું અપમાન છે.

### હિન્દીભાષી લોકો મહારાષ્ટ્રમાં રોજગાર માટે આવે છે : રાજ

રાજ ઠાકરેએ કહ્યુંહતું કે, અમે શાંત છીએ, એનો અર્થ એ નથી કે અમે ડરીએ છીએ, મુંબઈને મહારાષ્ટ્રથી કોઈ અલગ કરી શકતું નથી. હિન્દી એક સારી ભાષા છે, પરંતુ તેને લાદી શકાતી નથી. હિન્દી ભાષી લોકો રોજગાર માટે મહારાષ્ટ્રમાં આવે છે.

### ભાજપ નેતાનો ઠાકરેબંધુઓને પડકાર

મરાઠી ભાષા વિવાદ પર ભાજપ નેતા દિનેશ લાલ યાદવ ઉર્ફે નિરહુઆ પણ આગળ આવ્યા છે. તાજેતરમાં, મીરા રોડ પર એક ફાસ્ટ ફૂડ કર્મચારીને મરાઠી ન બોલવા બદલ મનસે કાર્યકરોએ માર માર્યો હતો, જેનો વીડિયો વાયરલ થયો હતો. નિરહુઆએ એક વીડિયોમાં ઠાકરે બંધુઓને ચેતવણી આપી છે. તેમણે કહ્યું, હું દર વખતે ખુલ્લો પડકાર આપું છું કે હું મરાઠી બોલતો નથી. હું ભોજપુરી બોલું છું. જો તમારામાં હિંમત હોય તો મને બહાર કાઢો. તમે બિચારાની પાછળ કેમ પડ્યા છો? વાસ્તવમાં તેઓ ગંદી રાજનીતિ કરે છે અને ભાગલા પાડવાની વાત કરે છે, જ્યારે વિવિધતામાં એકતા આપણી તાકાત છે. નિરહુઆએ સપા સુપ્રીમો અખિલેશ યાદવ પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે અખિલેશ હિન્દુઓનું અપમાન કરીને મુસ્લિમોને ખુશ કરે છે અને પોતાના ધર્મને નુકસાન પહોંચાડવાની કોઈ તક છોડતા નથી.

### યુપી, બિહાર, રાજસ્થાનમાં ત્રીજી ભાષા કઈ હશે : રાજ

પોતાના સંબોધનમા રાજ ઠાકરેએ કહ્યું હતું કે, એક મંત્રી મને મળ્યા અને મને તેમની વાત સાભળવા કહ્યું. મેં સ્પષ્ટ કહ્યું, હું સાંભળીશ પણ સંમત નહીં થાઉં. મેં તેમને પૂછ્યું કે ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં ત્રીજી ભાષા કઈ હશે. આ બધા હિન્દીભાષી રાજ્યો આપણી પાછળ છે, આપણે તેમનાથી આગળ છીએ, તો પછી આપણે બળજબરીથી હિન્દી કેમ શીખવી પડે છે, આ અન્યાય છે.



### મોદી કઈ સ્કૂલમાં ભણ્યા હતા? : ઉદ્ધવનો સવાલ

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, આજે ઘણા બાબા જ્યોતિષીઓ વ્યસ્ત છે. કોઈ આપણી કુંડળી જોઈ રહ્યું છેકે, આપણે (રાજ-ઉદ્ધવ) સાથે આવીશું કે નહીં, પરંતુ મારા દાદાએ આ કપટી બાબાઓ સામે લડત લડી હતી. અમે બંનેએ અનુભવ કર્યો છે કે કેવી રીતે ઉપયોગ કરીને ફેંકી દેવામાં આવે છે, આજે અમે બંને સાથે છીએ. અમે બંને ભાઈઓની શાળા વિશે વાત કરી હતી, પરંતુ નરેન્દ્ર મોદી કઈ સ્કૂલમાં ભણ્યા હતા, ભાજપ એક એવી પાર્ટી છે જે અફવાઓ ફેલાવે છે.

### સંકુચિત વિચારસરણી મરાઠી માનુષને શોભતી નથી : દેવેન્દ્ર ફડણવીસ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદેની 'જય ગુજરાત' ટિપ્પણીનો બચાવ કર્યો. તેમણે કહ્યું હતું કે, શિંદેએ 'જય ગુજરાત' કહ્યું, તેનો અર્થ એ નથી કે શિંદે મહારાષ્ટ્ર કરતાં ગુજરાતને વધુ પ્રેમ કરે છે. આવી સંકુચિત વિચારસરણી મરાઠી માનુષને શોભતી નથી. જ્યારે કર્ણાટકના ચિકોડીમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કરાયું ત્યારે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શરદ પવારે 'જય મહારાષ્ટ્ર, જય કર્ણાટક' ના નારા લગાવ્યા હતા. શું આનો અર્થ એ છે કે શરદ પવાર કર્ણાટકને વધુ અને મહારાષ્ટ્રને ઓછું પ્રેમ કરે છે? રાજ્યમાં મરાઠી ભાષા પર ગર્વ હોવો ખોટું નથી, પરંતુ જો કોઈ ભાષાના નામે ગુંડાગીરી કરે છે, તો તેને સહન કરવામાં આવશે નહીં. ભાષાના આધારે કોઈને પણ માર મારવો પણ સહન કરાશે નહીં.

### ગુજરાતી કે અન્ય મરાઠી તો આવડવી જ જોઈએ : રાજ

રાજ ઠાકરેએ કહ્યું હતું એક, ગુજરાતી હોય કે બીજું કોઈ, તેને મરાઠી આવડવી જ જોઈએ, પરંતુ જો કોઈ મરાઠી ન બોલતું હોય તો તેને મારવાની કોઈ જરૂર નથી. પરંતુ જો કોઈ નકામું નાટક કરે તો તેના કાન નીચે મારવું જોઈએ. હું તમને એક બીજી વાત કહી દઉં, જો તમે કોઈને માર મારશો, તો તે ઘટનાનો વીડિયો ન બનાવો. માર ખાનાર વ્યક્તિને કહો કે તેને માર મારવામાં આવ્યો છે, તમારે બધાને કહેવાની જરૂર નથી કે તમે કોઈને માર માર્યો છે.

### લાલકૃષ્ણ અડવાણીએ પણ મિશનરી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો : રાજ

રાજ ઠાકરેએ કહ્યું, જ્યારે અમારા બાળકો અંગ્રેજી માધ્યમમાં જાય છે, ત્યારે અમારી મરાઠી પર પ્રશ્નો ઉભા થાય છે. જો અડવાણી મિશનરી સ્કૂલમાં ભણ્યા હોય, તો શું તેમના હિન્દુત્વ પર સવાલ ઉઠાવાયા? અમે હિન્દી લાદવાનું સહન નહીં કરીએ. તેઓ ફક્ત મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા માંગે છે, એ જ તેમનો એજન્ડા છે. દક્ષિણમાં, સ્ટાલિન, કનિમોઝી, જયલલિતા, નારા લોકેશ, આર રહેમાન, સૂર્યા, બધાએ અંગ્રેજીમાં અભ્યાસ કર્યો છે. બાળાસાહેબ અને મારા પિતા શ્રીકાંત ઠાકરે અંગ્રેજીમાં ભણ્યા હતા, પરંતુ તેઓ માતૃભાષા મરાઠી પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હતા. બાળાસાહેબ ઠાકરેએ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કર્યો હતો, પરંતુ તેમણે મરાઠી ભાષા સાથે કોઈ સમાધાન કર્યું ન હતું.

**ફ્રન્ટ પેજ સ્ટોરી**

### વક્ફની સંપત્તિઓ અંગે નવો નિયમ જાહેર કરાયો

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે વક્ફ કાયદા હેઠળ એક નવો નિયમ જાહેર કર્યો છે. આ નવો નિયમ વક્ફ પોર્ટલ અને વક્ફ સંપત્તિના ડેટાબેઝ, વક્ફ મિલકતોની નોંધણીની પદ્ધતિ અને તેના ઓડિટ સાથે સંબંધિત છે. નવા કાયદા હેઠળ, દરેક વક્ફ મિલકતની નોંધણી ફરજિયાત બનાવાઈ છે. નવા નિયમો હેઠળ એક કેન્દ્રીયકૃત પોર્ટલ અને ડેટાબેઝ બનાવવામાં આવ્યું છે, જે દેશભરના વક્ફના સંપૂર્ણ રેકોર્ડ નોંધવાશે.આમાં વક્ફ મિલકતોની યાદી અપલોડ કરવી, નવી નોંધણી, વક્ફ રજિસ્ટરની જાળવણી, ખાતાઓ વિશે માહિતી પૂરી પાડવી, ઓડિટ રિપોર્ટ પ્રકાશિત કરવા અને આદેશોની નોંધણીનો સમાવેશ થાય છે.

### મહિલાના બળજબરીપૂર્વક કપડાં ઉતારવા પણ દુષ્કર્મ

લખનઉ : લખનઉમા અલીગંજમાં વર્ષ ૨૦૦૪માં એક માતાએ ૧૬ વર્ષીય પુત્રીના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પીડિતાને શોધી કાઢી હતી. પીડિતાએ જણાવ્યું કે, આરોપી પ્રદીપ કુમાર મને બળજબરીથી લઈ ગયો. મને ૨૦ દિવસ સુધી એક સંબંધીના ઘરે રાખી. ત્યાં મારા કપડાં કાઢીને દુષ્કર્મનો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે લખનઉ હાઈકોર્ટે કહ્યું છે કે, પીડિતાના કપડાં ઉતારવાને દુષ્કર્મનો પ્રયાસ ગણાશે. જસ્ટિસ રજનીશ કુમારની સિંગલ બેન્ચે આ નિર્ણય આપ્યો. હાઈકોર્ટના જણાવ્યાનુસાર, પીડિતાના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આરોપીએ તેના કપડાં ઉતાર્યા હતા.

### નીરવ મોદીનો ભાઈ નેહલ મોદી અમેરિકામાં ઝડપાયો

નવી દિલ્હી : પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડ સાથે જોડાયેલા વધુ એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. અમેરિકી અધિકારીઓએ ભાગેડું નીરવ મોદીના ભાઈ નેહલ મોદીની ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ ધરપકડ કરી છે. આ અંગેની માહિતી અમેરિકી ન્યાય વિભાગ (યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ)એ ભારતીય એજન્સીઓને આપી છે. નેહલ મોદીની ધરપકડ ભારતના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા સંયુક્ત પ્રત્યાર્પણની વિનંતી કરાયા બાદ કરવામાં આવી છે.

### સેન્ટ્રલ ટેક્સાસમાં ગણતરીના કલાકોમાં ધમાધમ ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો

## ટેક્સાસમાં ભયાનક પૂરમાં ૨૪નાં મોત, ૨૦થી વધુ બાળકીઓ સમર કેમ્પમાંથી ગુમ, શોધખોળ જારી

### રેસ્ક્યૂ ઓપરેશનમાં ૧૪ હેલિકોપ્ટર, ૧૨ ડ્રોન અને ૫૦૦ વર્કર્સ જોતરાયાં

ટેક્સસ, તા.૫

ટેક્સસમાં સદીના સૌથી ભીષણ ફ્લેશ ફ્લડને કારણે ૨૪ લોકોનાં મોત થયા છે, જ્યારે સમર કેમ્પમાં ભાગ લેવા ગયેલી ૨૦ જેટલી છોકરીઓનો કોઈ અતોપતો નથી. આ છોકરીઓ સિવાય બીજા પણ સેંકડો લોકો ગુમ થયા હોવાનું મનાઈ રહ્યું છે અને હાલ તેમને શોધવાની કામગીરી ચાલી રહી છે, જેના માટે હેલિકોપ્ટર્સ પણ કામે લગાડવામાં આવ્યા છે. આ ફ્લડની સૌથી વધુ અસર કેર કાઉન્ટીમાં થઈ છે. કેરવીલમાં છેલ્લે ૧૯૩૨માં આવું ભીષણ પૂર આવ્યું હતું તેવો પણ કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે. સેન્ટ્રલ ટેક્સસમાં ગુરુવાર રાતથી શરૂ થયેલા ધમધોકાર વરસાદને કારણે ગ્વાડાલુપે નદીમાં રાતોરાત ઘોડાપૂર આવતા ગાંડીતૂર બનેલી આ નદીએ આસપાસના વિસ્તારોને ઝપેટમાં લઈ લેતા કેટલાય મકાનો પાણીમાં ડૂબી ગયા હતા અને ગાડીઓ નદીમાં તણાતી જોવા મળી હતી.



યુએસ મીડિયા રિપોર્ટ અનુસાર સેન્ટ્રલ ટેક્સસમાં ગણતરીના કલાકોમાં જ ૧૦ ઈંચ વરસાદ પડ્યો હતો. મતલબ કે આ સ્ટેટમાં બે-ચાર મહિનામાં પણ જેટલો વરસાદ નથી પડતો તેટલો માત્ર એક જ રાતમાં પડી જતાં ગ્વાડાલુપે નદીની સપાટી ૨૦ ફૂટ પહોંચી ગઈ હતી.

ભારે વરસાદ બાદ જે ૨૦ છોકરીઓ ગુમ થઈ છે તે નદીના પટમાં આવેલી જગ્યામાં જ કેમ્પિંગ કરી રહી હતી અને તેમનો કેમ્પ પાણીમાં તણાઈ ગયા બાદ આઠ-દસ વર્ષની આ છોકરીઓને શોધવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ ગ્વાડાલુપે નદીએ જે તોફાની સ્વરૂપ ધારણ કર્યું હતું તેને જોતાં તેમાં તણાઈ ગયેલી છોકરીઓના બચવાની શક્યતા ખૂબ જ અલ્પ લાગી રહી છે. જો આમ થયું તો કદાચ આ પૂર ટેક્સસનું અત્યારસુધીનું સૌથી ખતરનાક ફ્લડ સાબિત થશે. આ ફ્લડની ભયાનકતા દર્શાવતા કેટલાક ચોંકાવનારા વિડીયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે જેમાં જોઈ શકાય છે કે કઈ રીતે અનેક મકાનો તેમજ વાહનો તણખલાની જેમ પાણીમાં તણાઈ રહ્યા છે. શુક્રવાર રાત સુધીમાં ફ્લડ અફેક્ટેડ એરિયામાં શુક્રવાર રાત સુધીમાં ૨૩૭ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા, લોકલ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર રેસ્ક્યુ ઓપરેશનમાં ૧૪ હેલિકોપ્ટર, ૧૨ ડ્રોન તેમજ ૫૦૦ વર્કર્સને લગાડવામાં આવ્યા છે.

### સરકારના નિર્ણયથી મોટરચાલકો માટે યાત્રાનો ખર્ચ ઘટશે

## સુરંગો, પુલો, ફ્લાઈઓવર ધરાવતા નેશનલ હાઈવે પર ૫૦ ટકા ટોલ ઘટ્યો

### નિયમોમાં ફેરફારઃ ટોલ ચાર્જની ગણતરી માટે નવી ફોર્મ્યુલા જાહેર

નવી દિલ્હી, તા.૫

સરકારે મોટો નિર્ણય કર્યો છે. નેશનલ હાઈવે પર ટોલ સીધો ૫૦ ટકા સુધી ઘટાડી દીધો છે. સરકારે રાષ્ટ્રીય રાજમાર્ગના તે સેક્શન માટે ટોલના દરોમાં સીધો ૫૦ ટકાનો ઘટાડો કર્યો છે, જેમાં સુરંગો, પુલો, ફ્લાઈઓવર કે ઊંચા ભાગ જેવી સંરચનાઓ છે. આ પગલાથી મોટર ચાલકો માટે યાત્રાનો ખર્ચ ઘટી જશે.

રાષ્ટ્રીય રાજમાર્ગો પર ચાર્જ પ્લાઝા પર યુઝર્સ ચાર્જ NH Fee Rules, ૨૦૦૮ અનુસાર એકત્ર કરવામાં આવે છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે નિયમોમાં ફેરફાર કર્યા છે અને ટોલ ચાર્જની ગણતરી માટે એક નવું ફોર્મ્યુલા જાહેર કર્યું છે. મંત્રાલયે નવા ટોલ ચાર્જને સમજાવવા માટે ઉદાહરણો આપ્યા છે.

એક ઉદાહરણ જણાવે છે કે જો રાષ્ટ્રીય ધોરીમાર્ગના એક ભાગની કુલ લંબાઈ ૪૦ કિમી હોય, જેમાં ફક્ત માળખું શામેલ હોય, તો લઘુત્તમ લંબાઈ આ રીતે ગણવામાં આવશે : '૧૦ x ૪૦ (માળખાની લંબાઈના દસ ગણા) = ૪૦૦ કિમી અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગની કુલ લંબાઈના પાંચ ગણા = ૫ x ૪૦ = ૨૦૦ કિમી'. અહીં માળખું એટલે સ્વતંત્ર પુલ, ટનલ અથવા ફ્લાયઓવર અથવા એલિવેટેડ હાઈવે. વપરાશકર્તા ફીની ગણતરી ૪૦૦ કિમી નહીં પણ ઓછી લંબાઈ એટલે કે ૨૦૦ કિમી માટે કરવામાં આવશે. આ કિસ્સામાં, વપરાશકર્તા ફી રસ્તાની લંબાઈના અડધા (૫૦%) પર જ વસૂલવામાં આવશે.

વર્તમાન નિયમો મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર દરેક કિલોમીટર માટે વપરાશકર્તાઓએ નિયમિત ટોલ કરતાં ૧૦ ગણી વધુ ચૂકવણી કરવી પડે છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હાલની ટોલ ગણતરી પદ્ધતિનો ઉપયોગ આવા માળખાગત સુવિધાઓ સાથે સંકળાયેલા ઊંચા બાંધકામ ખર્ચને વળતર આપવા માટે થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામામાં, ફ્લાયઓવર, અંડરપાસ અને ટનલ જેવા વિભાગો માટે ટોલ દરમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે.

### શેરબજારમાં રોકાણની સ્કીમમાં ફસાવીને ૩૫૦ કરોડ ઉસેટનારી ટોળકીનો પર્દાફાશ

સુરત, તા.૫

શેબરબજારમાં રોકાણથી માસિક ૭થી ૧૧ ટકા સુધીનાં વળતરની પ્રલોભનકારી સ્કીમમાં લોકોને ફસાવી ૩૫૦ કરોડ રૂપિયા પડાવી લેનાર ટોળકીનો સુરત શહેર પોલીસનાં સાયબર સેલ દ્વારા પર્દાફાશ કરાયો છે.


ક્રાઈમ બ્રાન્ચનાં ડીસીપી ભાવેશ રોજીયાએ જણાવ્યું હતું કે, શેરબજારમાં ટ્રેડિંગ કરી અઢળક નફો કમાવો એવી સોશિયલ મીડિયામાં લોભામણી જાહેરાતો મૂકી લોકોને ફસાવતી ટોળકી અંગે સાયબર સેલ તપાસ કરી રહી હતી. દરમિયાન મળેલી માહિતીનાં આધારે ઉત્રાણમાં વીઆઈપી સર્કલ પાસે પ્રગતિ આઈટી પાર્ક બિલ્ડીંગનાં ૯માં મજલે આવેલી આઈ.વી. ટ્રેડ નામની ઓફિસમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આઈ.વી.ટ્રેડની ઓફિસમાંથી રોકડા ૨૦.૦૩ લાખ, ૧.૫૨ લાખ કિંમતનાં ૦૪ મોબાઈલ ફોન, ૨.૧૦ લાખનાં ૦૫ લેપટોપ, ૯૫ હજાર કિંમતનાં ૦૪ ટેબલેટ વિગેરે સાથે ત્રણ કર્મચારીઓને અટકાયતમાં લેવાયા હતાં.

વિશાલ ગૌરાંગ દેસાઈ, અલ્પેશ લાલજી વઘાસીયા અને ઝરીત હિતેશ ગોસ્વામીની પુછપરછમાં જણાયું હતું કે, તેઓ દિપેન ધાનક (હાલ રહે. દુબઈ, મુળ રહે. શીપન ઓનિક્સ વીંગ-૧ ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ,રાજકોટ) અને તેના પિતા નવીનચંદ્ર દયાલાલ ધાનક માટે કામ કરે છે. તેઓ રાજકોટનાં શીતલ પાર્ક ખાતે પ્રિઝમ ટાવરમાં સ્કાય ગ્રોથ વેલ્થ મેનેજમેન્ટના નામે ઓફિસ ધરાવે છે. હાલ આ ઓફિસ દીપેનનો ભાઈ ડેનિસ ઉર્ફે હેમલ સંભાળે છે.

### ચૂંટણી પંચના નવા નિયમો વિરુદ્ધ સુપ્રીમમાં અરજી, લાખો વૉટર્સ મતાધિકાર ગુમાવશે

નવી દિલ્હી, તા.૫

બિહારમાં વૉટર્સ લિસ્ટના રિવિઝન માટે ચૂંટણી પંચના નિર્ણય વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. એસોસિએશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવ્યું છે કે, ચૂંટણી પંચનો આ પ્રકારનો નિર્ણય મનસ્વી છે અને આમ થવાથી બિહારના લાખો વૉટર્સનો મતાધિકાર છીનવાશે. તમને જણાવી દઈએ કે, બિહારમાં આ વર્ષે ચૂંટણી થવાની છે. જ્યારે ગત ૨૪ જૂનના રોજ ચૂંટણી પંચે બિહારમાં વૉટર્સ લિસ્ટના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની ઘોષણા કરી હતી.



ચૂંટણી પંચના આ પ્રકારના નિર્ણય પર વિપક્ષના નેતાઓએ પણ નારાજગી વ્યક્ત કરી છે. ADR દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહ્યું છે કે, બિહારમાં વૉટર્સ લિસ્ટના રિવિઝનને લઈને ચૂંટણી આયોગના આદેશથી બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯, ૨૧, ૩૨૫ અને ૩૨૬ સાથે-સાથે રિપ્રેઝન્ટેશન ઑફ ધ પીપલ એક્ટ અને રજીસ્ટ્રેશન ઑફ ઈલેક્ટર્સ રૂલ્સ-૧૯૬૦ના નિયણ ૨૧૬નું પણ ઉલ્લંઘન થાય છે. જો આ આદેશ રદ કરવામાં નહીં આવે તો લાખો વૉટર્સને મતાધિકારથી વંચિત રાખવામાં આવશે. જેની સીધી અસર ચૂંટણી પ્રક્રિયાની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા પર પડશે. આ બંધારણના મૂળ માળખાનું ઉલ્લંઘન ગણાશે.

### અમરનાથ જતાં યાત્રાળુઓની ૪ બસનો શ્રીનગર હાઈવે પર અકસ્માત, ૩૬ ઘાયલ

જમ્મુ, તા.૫

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં અમરનાથ યાત્રા દરમિયાન એક અકસ્માત થયો હતો. ડેપ્યુટી કમિશનર ડીઈઓ રામબને જણાવ્યું હતું કે પહેલગામ કાફલાના છેલ્લા વાહને ચંદ્રકોટ લંગર સ્થળ પર કાબુ ગુમાવ્યો હતો અને ત્યાં પાર્ક કરેલા વાહનો સાથે અથડાઈ હતી. ટક્કરમાં ચાર વાહનોને નુકસાન થયું હતું અને ૩૬ મુસાફરો ઘાયલ થયા હતા. જોકે, બધાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

માહિતી મુજબ, જિલ્લા વહીવટીતંત્ર પહેલાથી જ ઘટનાસ્થળે હાજર હતું અને ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ રામબન લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ, તમામ યાત્રાળુઓને અન્ય વાહનોમાં તેમના આગામી સ્ટોપ પર મોકલવામાં આવ્યા હતા. વહીવટીતંત્રે તાત્કાલિક પરિસ્થિતિને કાબુમાં લીધી અને રાહત અને બચાવ કાર્ય ઝડપથી હાથ ધર્યું.

યાત્રાળુઓને સારવાર માટે જિલ્લા હોસ્પિટલ રામબન મોકલવામાં આવ્યા હતા જ્યાં બધાની સારવાર કરવામાં આવી હતી. સદનસીબે, કોઈને પણ ખૂબ ગંભીર ઈજા થઈ નથી. કોઈને રિફર કરવાની જરૂર નહોતી. પોલીસે પણ આ મામલાની તપાસ શરૂ કરી છે અને યાત્રા રૂટ પર સુરક્ષા કડક કરવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રે અમરનાથ યાત્રા ૨૦૨૫ની સુરક્ષા માટે મજબૂત વ્યવસ્થા કરી હતી. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સંયુક્ત મોક ડ્રીલ કરવામાં આવી હતી.

### શહેરની અલગ અલગ સ્કૂલો બાદ હવે સયાજીગંજની હોટેલને પણ ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં પોલીસમાં દોડધામ

# સયાજીગંજની હોટેલને બોંબથી ઉડાવી દેવાની ધમકી

## સવારે ૬.૩૦ વાગે મોકલાયેલો ધમકીભર્યો ઈમેઈલ હોટેલ મેનેજરે મોડી સાંજે જોયો : પોલીસે આખી હોટલ ફેંદી નાખી પણ કશું શંકાસ્પદ ના મળ્યું

વડોદરા, તા. ૫

શહેરની વિવિધ સ્કુલોમાં બોંબ બ્લાસ્ટ કરવાના ધમકીભર્યા બોગસ ઈમેઈલ મોકલીને હેરાનગતિ કર્યા બાદ અજાણ્યા તત્વોએ હવે શહેરના સયાજીગંજ વિસ્તારની એક હોટલમાં બોંબ બ્લાસ્ટ કરવાની ધમકીભર્યો ઈમેઈલ મોકલ્યો હતો. સવારે મોકલેલા આ ઈમેઈલને મોડી સાંજે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ બેડામાં ફરી દોડધામ મચી હતી અને તપાસના અંતે આ ધમકી પણ બોગસ હોવાનું સપાટી પર આવ્યું હતું.




શહેરના હરણીરોડની સિગ્નસ હાઈસ્કુલ અને અકોટાની ડી આર અમીન હાઈસ્કુલમાં ગઈ કાલે આરડીએક્સથી બોંબ બ્લાસ્ટ કરવાના ધમકીભર્યા ઈમેઈલ મળ્યા હતા જેના પગલે શાળા સંચાલકો અને સ્ટાફ તેમજ વાલીઓમાં દોડધામ મચી હતી. આ બંને સ્કુલોમાં પોલીસ ઉચ્ચાધિકારીઓની હાજરીમાં બોંબ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કોવોડની સ્ટાફે ઘનિષ્ટ તપાસ કરી હતી પરંતુ કોઈ વાંધાજનક ચીજવસ્તુ નહી મળતાં શાળા સંચાલકો સાથે પોલીસે હાશકારો લીધો હતો. આ બંને બનાવ બાદ શહેર પોલીસ તંત્ર આવતીકાલે વિઠ્ઠલનાથજીનો વરઘોડો અને તાજિયા વિસર્જનના બંદોબસ્ત તેમજ રિહર્સલની કામગીરીમાં વ્યસ્ત હતો તે સમયે આજે મોડી સાંજે શહેરના સયાજીગંજ વિસ્તારમાં કમાટીબાગ પાસે આવેલી હોટેલ લોર્ડસ ઈનના મેનેજરે તેમની હોટલમાં બોંબ બ્લાસ્ટ કરવાની ધમકીભર્યો ઈમેઈલ મોકલાયો છે તેવી પોલીસને જાણ કરી હતી. શાળાઓ બાદ હવે હોટેલમાં બોંબ બ્લાસ્ટની ધમકીના ઈમેઈલ મોકલવાની ઘટનાથી પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. ઝોન-૧ના ડીસીપી જુલી કોઠિયા સહિત પોલીસ ઉચ્ચાધિકારી સાથે બીડીએસ, ડોગ સ્કોવોડ અને એસઓજીની ટીમોએ તુરંત હોટલ ખાતે દોડી જઈ તપાસ શરૂ કરી હતી. હોટલની અંદર અને બહારના પરિસરમાં ઘનિષ્ટ તપાસ કરી હતી પરંતુ હોટલમાંથી કોઈ વાંધાજનક ચીજ નહી મળતાં પોલીસને રાહતનો દમ લીધો હતો.

### હોટેલમાં રોકાયેલા તમામ મહેમાનોને બહાર કાઢી તપાસ કરાઈ

મોડી સાંજે બોમ્બ બ્લાસ્ટ ધમકીના મેસેજની તપાસ કરવા માટે શહેર પોલીસનો કાફલો હોટલ પર દોડી ગયો હતો જેને પગલે હોટલની બહાર પોલીસના હરોળબધ્ધ વાહનો જોઈને રાહદારીઓમાં પણ કુતુહુલ ફેલાયું હતું. દરમિયાન પોલીસે સુરક્ષાના ભાગરૂપે હોટેલની રૂમમાં રોકાયેલા તમામ પ્રવાસીઓ અને અન્ય કાર્યક્રમમાં આવેલા મહેમાનોને હોટલની બહાર રવાના કરી તપાસ કરી હતી. જોકે તપાસના અંતે આ ઈમેઈલ પણ બોગસ ધમકીભર્યો હોવાની જાણ થતાં પ્રવાસીઓ અને મહેમાનોને ફરી હોટલમાં મોકલવામાં આવ્યા હતા.

### એનડી મુદુરાસાના નામે ધમકીભર્યો ઈમેઈલ મોકલાયો

શહેરની બે સ્કુલોમાં ગઈ કાલે મદ્રાસ ટાઈગર્સના નામે ધમકીભર્યા ઈમેઈલ મોકલાયા હતા પરંતુ આજે હોટલ લોર્ડસ ઈનને મોકલવામાં આવેલો મેસેજ નયનથારા કુરિયન ઓર એન.ડી.મુદુરાસાના નામે મોકલાયો હોવાની વિગતો સાંપડી છે. જોકે આ ઈમેઈલ ક્યાં વીપીએન પરથી મોકલાઈ છે તેની તપાસમાં સાયબર ક્રાઈમ પણ જોડાઈ છે.

---

### રિક્ષામાં એક મોબાઇલ અને રોકડા રૂપિયા ૬૫ હજાર મૂકેલા હતા

## હોટેલના વેપારીએ મરીમાતા ખાંચાની બહાર પાર્ક કરેલી રિક્ષા ચોરી શખ્સ ફરાર

વડોદરા, તા. ૫

કરચિયા રિફાઈનરી પાસે રહેતા અને ન્યુ ગિરનાર કાઠીયાવાડી હોટલના નામે ધંધઓ કરતા વેપારીએ રીક્ષા પાર્ક કરીને કામ અર્થે મરીમાતાના ખાંચામાં ગયા હતાં. તે દરમિયાન કોઈ ગઠીયો તેમની રીક્ષા લઈને ફરાર થઈ ગયો હતો. રિક્ષામાં રોકડા ૬૫ હજાર રૂપિયા અને ૪૦ હજારનો એક મોબાઈલ ફોન મુકેલ હતો તે પણ લઈને ભાગી ગયો હતો. જેથી વેપારીએ ૧.૩૫ની ચોરીની ફરિયાદ નવાપુરા પોલીસ મથકમાં નોંધાવી છે.

વડોદરા શહેરમાં દિવસેને દિવસે તસ્કરો ત્રાસ યથાવત્ જોવા મળી રહ્યો છે. તસ્કરો દ્વારા નવી નવી તરકીબો અપનાવીને ચોરી કરીને પલાયન થઈ જતા હોય છે. જેને પરિણામે લોકોને લાખો રૂપિયાનું નુકશાન થતુ હોય છે. લોકો દ્વારા પોલીસના નાઈટ પેટ્રોલિંગ સામે અનેક સવાલો ઉભા થાય છે. લોકો આક્ષેપ પણ કરી રહ્યા છે કે અમારા વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરતા ક્યારેય જોયા નથી. જ્યારે પોલીસ કહે છે કે અમે ૨૪ કલાક પેટ્રોલિંગ કરી રહ્યા છે. જો પોલીસ ૨૪ કલાક પેટ્રોલિંગ કરતા હોય તો તસ્કરોનો ત્રાસ ઓછો હોવો જોઈએ તેમ પોલીસ પર આક્ષેપો કરી રહ્યા છે. તેવામાં આજ રોજ શહેરના બાજવા વિસ્તારમાં કરચીયા રિફાઇનરી પાસે અમીન ફળિયામાં રહેતા સુભાષભાઈ જયંતિલાલ પંડ્યાએ કહ્યું હતું કે, હું ન્યુ ગીરનાર કાઠીયાવાડી નામની હોટલ ચલાવું છું. ગત ૧૧ જૂનના રોજ સાંજના ૮ વાગ્યાની આસપાસ રાજમહેલ રોડ ખાતે આવેલ મરીમાતાના ખાંચા ખાતે ગયા હતા અને મારી રીક્ષા મરીમાતાના ખાંચાની ગલીની બહાર રોડ ઉપર રીક્ષા પાર્ક કરી અમે ૩૦ મિનીટ માટે ગલીમાં અમારા કામ માટે ગયા હતા. કામ પૂર્ણ થયા બાદ અમે પાર્ક કરેલીજગ્યાએ મારી ઓટોરીક્ષા પાસે ગયા હતા ત્યારે ત્યાં રીક્ષા ન હતી. જેથી અમે આજુબાજુમાં મારી રીક્ષાની શોધખોળ કરતા રીક્ષા મળી આવેલ નહી. આ મારી ઓટો રીક્ષાની ડેકીમાં આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, બેન્ક ઓફ બરોડાનું ક્રેડીટ કાર્ડ, અમારી ન્યુ ગીરનાર કાઠિયાવાડી હોટલનો એગ્રીમેન્ટ સહિતના અસલ કાગળો હતા. તેમજ અમારો ૪૦ હજારનો મોબાઈલ અને રોકડા ૬૫ હજાર જેટલી રકમ હતી.

---

## પાન પાર્લરની દુકાનમાં સીસીટીવી કેમેરા નહીં લગાવનાર સંચાલક સામે કાર્યવાહી

વડોદરા, તા. ૫

શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે કે, શહેરમાં ગેરેજ વાળા હોય કે જે ગાડીઓનુ રીપેરીંગ કામ કરતા હોય તે લોકોએ જે ગાડીઓ રીપેર કરવા આવતા હોય તેમનું રજીસ્ટર બનાવવું અને તેમની વિગતો તેમની પાસે રાખવી, તેમજ હોટલ સંચાલકો માટે પણ જાહેરનામું પાડ્યું છે કે જે લોકો પણ હોટલમાં રહેવા કે રૂમ ભાડે રાખતા હોય તેવા લોકોનું રજીસ્ટર બનાવવું તેમજ શહેરમાં પાન પાર્લરમાં પણ પાન પાર્લરના સંચાલક દ્વારા સીસીટીવી કેમેરા લગાવવા જોઈએ જેથી પાન પાર્લર પર ચાલતી ગતિવિધિઓ પર નજર રહી શકે અને કોઈ અનિચ્છિનિય બનાવ ન બને પોલીસ કમિશનર દ્વારા તમામ પ્રકારના રજીસ્ટર મેન્ટન કરવાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં આજ રોજ કપુરાઈ વિસ્તારમાં આવેલ પાન પાર્લરના સંચાલક દ્વારા સીસીટીવી કેમેરા નહી લગાવતા તેની સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ગુનાઓનું પ્રમાણ ઘટાડી શકાય તે હેતુથી તમામ પાર્ટી પ્લોટ ,પેટ્રોલ ડીઝલ પંપ, ખાનગી કંપનીઓ, શોપિંગ મોલ, હોટલ, રેસ્ટોરન્ટ, મલ્ટિપ્લેક્સ, ફાસ્ટ ફૂડ પાર્લર, ગેસ્ટ હાઉસ, બહુમાળી ઈમારતો વિગેરે સ્થળોએ હાઈડેફીનેશન/નાઈટ વિઝન ધરાવતા સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું અમલમાં છે. જે અનુસંધાને કપૂરાઈ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે સમય પરિવાર ચાર રસ્તા પાસેના દિવ્યા આશિષ કોમ્પ્લેક્ષની ક્રિષ્ના ડીલક્ષ પાન પાર્લરની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવેલ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે સંચાલક રાહુલ વિશ્રામભાઈ મારુની જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

### છેલ્લાં છ દિવસથી યુવાન અધિકારીનો કોઈ પત્તો નથી

## ભેદી સંજોગોમાં ગુમ ખાનગી કંપનીના સીઈઓને બંધક બનાવી રાખ્યાની શંકા

વડોદરા, તા.૫

શહેરના વડસરરોડ પર પરિવાર સાથે રહેતા ખાનગી કંપનીના યુવાન અધિકારી છ દિવસ અગાઉ બપોરે પોતાની કાર લઈને ઘરેથી નીકળ્યા બાદ ભેદી સંજોગોમાં ગુમ થઈ ગયા છે. આ બનાવની માંજલપુર પોલીસને જાણ કરાઈ છે પરંતુ હજુ સુધી અધિકારીનો કોઈ પત્તો લાગ્યો નથી. બીજીતરફ અધિકારીને કોઈએ અંગત કારણોસર બંધક બનાવીને ગોંધી રાખ્યાની પરિવારજનો શંકા વ્યક્ત કરી રહ્યા છે પરંતું માંજલપુર પોલીસ બંદોબસ્તામાં વ્યસ્ત હોવાનું રટણ કરતાં ગુમ થયેલા અધિકારીના પરિવારજનોએ પોલીસ આ દિશામાં તપાસ કરે તેવી માંગણી કરી રહ્યા છે.

વડસરરોડ પર બિલાબોંગ સ્કુલ પાસે આવેલા વિરામ-૨ ફ્લેટમાં માતા-પિતા તેમજ પત્ની અને એક પુત્રી સાથે રહેતા ૩૭ વર્ષીય દિપકભાઈ વિનુભાઈ પરમાર અટલાદરાની એઓપિયર કંપનીમાં સીઈઓ તરીકે ફરજ બજાવે છે અને કંપની એકાઉન્ટને લગતી તેમજ જીએસટીને લગતી કામગીરી કરે છે. ગત ૩૦મી તારીખે તે રજા પર હોઈ બપોરે પરિવાર સાથે જમ્યા હતા. જોકે ત્યારબાદ બપોરે ત્રણ વાગ્યાના અરસામાં તે અચાનક ઘરે કોઈને જાણ કર્યા વિના તેમની કાર લઈને ઘરેથી નીકળ્યા હતા અને ત્યારબાદ ભેદી સંજોગોમાં ગુમ થઈ ગયા છે. પરિવારજનોએ તપાસ કરતા એવી જાણ થઈ હતી કે દિપકભાઈએ ઘરેથી નીકળ્યા બાદ બપોરે ૩.૧૨ વાગે તેમના એક મિત્ર સાથે ઓફિસ કામ સંદર્ભે વાત કરી હતી અને ત્યારબાદ બપોરે સાડા ત્રણ વાગ્યાથી તેમનો ફોન સ્વીચઓફ થઈ ગયો છે. જોકે મોડી રાત્રે તેમની કાર માંજલપુર દરબાર ચોકડી પાસેથી પસાર થતી હોવાનું સીસીટીવી કેમેરાના ફુટેજમાં જાણ થતાં સમગ્ર બનાવે ભારે રહસ્યો ઉભા કર્યા છે.

બનાવની માંજલપુર પોલીસને ૩૦મી તારીખના રાત્રે જાણ કરાઈ હતી પરંતું હજુ સુધી દિપકભાઈનો કોઈ પત્તો લાગ્યો નથી . બીજીતરફ દિપકભાઈ કે તેમની કાર અને મોબાઈલના કોઈ જ સગડ નહી મળતાં હવે પરિવારજનોને એવી શંકા છે કે દિપકભાઈને અંગત કારણોસર કોઈએ બંધક બનાવીને ગોંધી રાખ્યા હશે. પરિવારજનો દિપકભાઈની તપાસ માટે પોલીસે શું કામગીરી કરી તેની વિગતો મેળવવા માટે પોલીસનો સંપર્ક કરી રહ્યા છે.

---

### એમ.એસ.યુનિ.માં જીકાસના કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો મુશ્કેલીમાં

## જીકાસની વિવિધ ખામીઓ અંગે વાઈસ ચાન્સેલરને આવેદનપત્ર સુપરત કરાયું

વડોદરા, તા.૫

એમ. એસ. યુનિવર્સિટીના સોશિયલ વર્ક ફેકલ્ટીના પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોશીએ વાઈસ ચાન્સેલરને સંબોધીને એક આવેદન સુપરત કર્યું હતું. જેમાં ગુજરાત સરકારની સેન્ટ્રલ એડમિશન સ્કીમ (જીકાસ) દ્વારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પ્રવેશ મેળવવા માટે પડી રહેલી મુશ્કેલીઓ પર ધ્યાન દોરવામાં આવ્યું છે. કપિલ જોશીએ જીકાસને ઉચ્ચ શિક્ષણનું વ્યાપારીકરણ કરવા માટેનો બીજો એક બેશરમ સાહસ ગણાવ્યો છે અને તેની અનેક ખામીઓને ઉજાગર કરી છે.મેમોરેન્ડમમાં દર્શાવવામાં આવ્યું છે કે જીકાસ પોર્ટલ પર ફરજિયાતપણે નોંધણી કરાવવા માટે રૂ. ૩૦૦ની બિન-રિફંડપાત્ર ફી ચૂકવવી પડે છે. કપિલ જોશીએ દલીલ કરી છેકે, લાખો ગ્રામીણ ઉમેદવારો પાસે નેટની એક્સેસ નથી કે આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે તેઓ નેટ સાક્ષર નથી. પરિણામે, તેઓ અનૈતિક સાયબર કાફેનો આશરો લે છે જે તેમની પાસેથી રૂ. ૫૦૦ વધુ વસૂલ કરે છે. તેમણે પ્રશ્ન કર્યો કે શા માટે પ્રવેશ ફક્ત ઓનલાઈન જ હોવો જોઈએ અને ઑફલાઈન વિકલ્પ કેમ નથી. તેમણે આ ટેકનોલોજીકલ મોડેલને કેન્દ્રીકરણ દ્વારા સેવાના નામે સામાન્ય નાગરિકો પાસેથી પૈસા પડાવવા માટે અનુકૂળ ગણાવ્યું.તેમણે નોંધ્યું હતું કે, ગયા વર્ષે જ વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય હિસ્સેદારોએ કેન્દ્રિયકૃત જીકાસ મોડેલ પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કર્યો હતો અને તેને દૂર કરવાની આશા રાખી હતી, પરંતુ હવે તે આપણા ગળા નીચે ધકેલી દેવામાં આવી રહ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે જો હિસ્સેદારો તેને ઈચ્છતા નથી તો સરકાર તેને શા માટે અમલમાં મૂકે છે, અને તેનો જવાબ ખાનગી ખેલાડીઓના ખિસ્સા ભરવા અને આ પૈસા ખાનાર રાક્ષસ બનાવવા માટે પ્રોત્સાહનમાં જોયો.કપિલ જોશીએ જણાવ્યું કે, અધિકારીઓએ તેમના પાછલા વર્ષોના અનુભવમાંથી શીખ્યું નથી. વિદ્યાર્થીઓને જીકાસ નામના ચેટબોટનો સામનો કરવો પડે છે અને કોઈ પણ અધિકારી પાસે તેમની સમસ્યાઓનો ઉકેલ નથી. તેમણે ખાસ કરીને ફેકલ્ટી ઓફ લોના ઈન્ચાર્જ ડીન ડૉ. અર્ચના ગાડેકર અને પ્રવેશ સંયોજક ડૉ. નમ્રતા સોલંકી પર આક્ષેપ કર્યો કે તેઓ પ્રવેશ મળે તે પહેલાં જ મૂળ દસ્તાવેજોની ચકાસણીની માંગ કરી રહ્યા છે, જે યુનિવર્સિટીની અન્ય કોઈ ફેકલ્ટીમાં થતું નથી. મેમોરેન્ડમમાં ચુકવણી સંબંધિત સમસ્યાઓ પણ પ્રકાશિત કરવામાં આવી છે, જ્યાં અરજદારોને ચુકવણી લિંક મળતી નથી, અથવા તે સ્માર્ટફોન મોડેલમાં કામ કરતી નથી, અથવા લિંક સમયમર્યાદા સમાપ્ત થઈ જાય છે. તેમણે ધ્યાન દોર્યું કે અડધાથી વધુ ગ્રામીણ અરજદારોએ ક્યારેય ડિજિટલ ટ્રાન્સફર કર્યું નથી, જેના કારણે તેઓ ફરીથી એજન્ટોનો આશ્રય લે છે જેઓ પૈસા લઈને છેતરપિંડી પણ કરી શકે છે.

---

### પોલીસે આણંદના રીઢા તસ્કર પાસેથી ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

## ગોત્રીના મકાનમાંથી ધોળા દિવસે ચોરી કરનાર તસ્કર આણંદના વાસખલીયા ગામેથી ઝડપાયો

વડોદરા, તા. ૫

ગોત્રી વિસ્તારમાં આવેલા મકાનમાંથી ધોળા દિવસે સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૭.૨૯ લાખની ચોરી કરનાર તસ્કરને પોલીસે આણંદ જીલ્લાના વાસખીલિયા ગામેથી ઝડપી પાડ્યો હતો. ચોર પાસેથી સોના ચાંદીના દાગીના અને એક્ટિવા તેમજ ચોરી કરવા માટેનો સામાન મળી કુલ ૧૦.૦૬ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. શહેરના ગોત્રી વિસ્તારમાંથી ગત ૨૯ જૂનના રોજ ધોળા દિવસે મકાનને નિશાન બનાવ્યું હતું. બારી ઉપર ચડીને લોખંડની ગ્રીલ તોડ્યા બાદ ઘરમાં તસ્કરે પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ નીચેના માળે આવીને બેડરૂમમા મૂકેલી તીજોરીનું ડ્રોવર તોડી સોના ચાંદીના દાગીના ૨.૨૮ લાખના તથા રોકડ રકમ ૫.૦૧ લાખની ચોરી કરી પલાયન થઈ ગયો




હતો. ગોત્રી પોલીસે આ ચોરીના ગુનામાં તસ્કરને ઝડપી પાડવા માટે હ્યુમન તથા ટેકનીકલ તેમજ સીસીટીવી ફુટેજના આધારે શોધખોળ શરૂ કરી હતી ત્યારે જાણવા મળ્યું હતું કે, ગોત્રીમાં ચોરી કરનાર શખસ આણંદ જીલ્લાના વાસખીલીયા ગામે રહે છે. જેથી ગોત્રી પોલીસની એક ટીમ આણંદ જીલ્લાના વાસખિલિયા ગામે રવાના થઈ હતી અને આરોપીને વિશાલ મનુભાઈ પટેલેને ઝડપી પાડ્યો હતો. ચોર પાસેથી પોલીસે સોના ચાંદીના દાગીના, રોકડ રકમ, એક્ટીવા તેમજ ચોરી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતો સામાન મળી કુલ ૧૦.૦૬ લાખનો મુદ્દામાલ રિકવર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

## મંજુસર વિસ્તારમાંથી મહિલા પુત્રી સાથે ભેદી સંજોગોમાં ગુમ

વડોદરા, તા.૫

મંજુસર વિસ્તારમાથી મહિલા પુત્રી સાથે ભેદી સંજોગોમાં ગુમ થતાં પોલીસે ગહન તપાસ હાથ ધરી છે. મંજુસર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સાવલી તાલુકાના અંજેસર ગામમાં ટેકરા ફળીયામાં રહેતી ૨૫ વર્ષીય મહિલા પુત્રી સાથે ભેદી સંજોગોમાં ગુમ થઈ જતાં પોલીસે તપાસ હાથ ધરી છે.મહિલા અને અગિયાર મહિનાની પુત્રી સાથે પોતાના ઘેરથી કોઈને કહ્યા વગર ૨૪મી જૂનના રોજ સવારે સાડા દશ વાગ્યાથી સાડા અગિયાર વાગ્યા પહેલાં કોઈ પણ સમયે કોઈને પણ કહ્યા વગર ઘરેથી જતા રહ્યા હતા.તે ૪થી જુલાઈ સુધી ઘેર પરત નહી ફરતાં તેમના પતિએ મંજુસર પોલીસ મથકમાં નોંધ કરાવી હતી.આ સંબંધમાં મંજુસર પોલીસે વિવિધ સ્થળે તપાસ શરુ કરી છે.હજી સુધી મહિલા અને તેની દિકરીના કોઈ સગડ મળ્યા નથી.

---

### વરઘોડા અને તાજિયા વિસર્જનને લઈને શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ

## આજે શ્રીવિઠ્ઠલનાથજીનો વરઘોડો અને તાજિયાનું જુલૂસ નીકળશે

વડોદરા, તા. ૫

ઉત્સવપ્રિય નગરી વડોદરામાં આવતી કાલે દેવપોઢી અગિયાર નિમિત્તે ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનો વરઘોડો નીકળશે અને તેની સાથે આવતી કાલે જ મોહરમ નિમિત્તે વિવિધ વિસ્તારોમાં સ્થાપના કરેલા તાજીયાનું પણ વિસર્જન માટેનું જુલુસ નીકળશે. આ બંન્ને તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરમાં કોમી એખલાસની લાગણી જળવાયેલી રહે અને બંન્ને કોમના શાંતિ પૂર્વક તહેવારોની ઉજવણી કરે તે માટે શહેર પોલીસ તંત્ર આવતીકાલે ચુસ્ત પોલીસ બંદોબસ્તનું આયોજન કર્યું છે અને બંન્ને તહેવારો અગાઉ પોલીસ કમિશનર સહિત ઉચ્ચ



અધિકારીઓએ બંન્ને કોમના ધર્મગુરુ અને અગ્રણીઓ સાથે બેઠક કરી હતીં. રવિવારે દેવપોઢી એકાદશીએ ભગવાન શ્રીવિઠ્ઠલનાથજીનો ૨૧૬મો વરઘોડો ગોલ્ડ સિલ્વરના ભવ્ય રથમાં નીકળશે. એ પૂર્વે રાજવી પરિવાર દ્વારા પૂજન અર્ચન આરતી કરાશે. વરઘોડો સવારે ૯ કલાકે માંડવી, લહેરપુરા, ન્યાયમંદિર, ટાવર કોઠી ચાર રસ્તા, આરાધના સિનેમા થઈ કીર્તિ મંદિરના પ્રાંગણમાં કેદારેશ્વર મહાદેવ મંદિરે બપોરે ૧ કલાકે પહોંચશે. ત્યારબાદ સાંજ ૪.૩૦ કલાકે નિજ મંદિરમાં પરત આવશે. આ સમગ્ર વરધોડને લઈને પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. શહેર પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, વરઘોડાના સમગ્ર રૂટને લઈને મંદિરના અગ્રણી સાથે બેઠક કરી હતી તેમજ વરઘોડો ઝોન-૧ અને ઝોન -૨ના વિસ્તારમાંથી નીકળનાર હોવાથી બે ડીસીપી, બે એસીપી, ચાર પી.આઈ સહિત ૨૦૦થી ૩૦૦ પોલીસ કર્મીઓ આ વરઘોડાના રૂટ પર તૈનાત રહેશે. શહેરમાં આવતીકાલના તાજીયા વિસર્જનને લઈને પોલીસ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. જેમાં શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, આજે કતલની રાત અને આવતીકાલે તાજિયાના વિસર્જનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ૧૯૬ તાજીયા જુદા-જુદા વિસ્તારમાં સ્થાપિત થયેલા છે. આ તાજીયાઓનું સરસીયા તળાવ સહિત ૯ સ્થળોએ વિસર્જન કરવામાં આવશે. શહેર તાજિયા સમિતિ, વડોદરા કોર્પોરેશન સાથે મળીને પૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આવતીકાલના તાજીયા વિસર્જનને લઈને ૯ DCP, 13 ACP, 200 PI અને PSI, ૨૦૦૦ કોન્સ્ટેબલ તૈનાત રહેશે. આ ઉપરાંત બહારથી એક DCP, 7 ACP અને 15 PI અને PSI કક્ષાના અધિકારીઓ આવ્યા છે અને ૪ કંપની SRPની પણ તૈનાત કરી છે. સંવેદનશીલતાને ધ્યાને રાખીને એક કંપની રેપિડ એક્શન ફોર્સની પણ તૈનાત રાખી છે.

---

### સંગઠિત ટોળકી બનાવીને દારૂનું નેટવર્ક ચલાવતા હતા

## ગુજસીટોક હેઠળ સંડોવાયેલા અલ્પુ સિંધી ગેંગના હરિની જામીનઅરજી નામંજૂર

### હરેશ ઉર્ફે હરિ બ્રહ્મક્ષત્રીય સામે ૪૬ ગુના નોંધાયા છે અને પાંચ વખત પાસા થઈ

વડોદરા, તા. ૫

ગુજસીટોક હેઠળ ઝડપાયેલા અલ્પુ સિંધી ગેંગના સાગરીત અને રીઢા આરોપી હરેશ ઉર્ફે હરિ બ્રહ્મક્ષત્રિયએ જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં અરજી કરી હતી જેને નામંજુર કરવાનો આદેશ થયો હતો.

રાજયભરમાં લાંબા સમયથી સંગઠિત ટોળકી બનાવીને વિદેશી દારૂનું નેટવર્ક ચલાવી કરોડો રૂપિયાના આસામી બનેલા અલ્પુ સિંધી અને તેની ગેંગના સાગરીતો સહિત આઠ આરોપીઓ વિરુધ્ધ તાજેતરમાં વારસિયા પોલીસ મથકમાં ગુજસીટોક હેઠળ ફરિયાદ નોંધાઈ છે. અલ્પુ સિંધી ગેંગનો સાગરીત હરેશ ઉર્ફે હરિ ચંદ્રકાન્ત બ્રહ્મક્ષત્રિય (સંતકવર કોલોની, વારસિયા) જેલમાં હોઈ પોલીસે ગુજસીટોકના ગુનામાં તેની અગાઉ ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી હતી અને તેના છ દિવસના રિમાન્ડ પુરા થતાં તેને જેલભેગો કર્યો હતો. રાયોટીંગ, હત્યાનો પ્રયાસ, પોલીસ કસ્ટડીમાંથી ભાગી જવાના અને દારૂબંધી સહિતના ૪૬ ગુનાઓમાં સંડોવાયેલો અને અગાઉ પાંચ વખત પાસા અને એક વાર તડીપાર કરાયા હોવા છતાં સંગઠિત ગુનાઓ આચરી દારૂનું નેટવર્ક ચલાવતા હરિ હાલમાં જ્યુડીશ્યલ કસ્ટડી હેઠળ સેન્ટ્રલ જેલમાં કેદ છે.

જેલમાંથી મુક્ત થવા માટે હરિએ અત્રેને સ્પેશ્યલ જજ (ગુજસીટોક) વિકુલ પાઠકની કોર્ટમાં અરજી કરી હતી જેમાં ગુજસીટોક કેસ માટે ખાસ નિમાયેલા સરકારી વકીલ રઘુવીર પંડ્યાની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે હરેશ ઉર્ફે હરિ બ્રહ્મક્ષત્રિયની જામીન અરજી નામંજુર કરવાનો આદેશ કર્યો હતો.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

### શહેરના માંડવી દરવાજાની સલામતી માટે ૨૧૬ વર્ષમાં પહેલી વખત વિઠ્ઠલનાથજીના વરઘોડામાં ભગવાનને બે પાલખી ઉપર સવારી કરાવાશે

# માંડવી પ્રત્યે સત્તાધીશોની બેદરકારીને લીધે રથયાત્રાની પરંપરામાં બદલાવ

વડોદરા, તા.૫

અષાઢ સુદ અગિયારસ ના રોજ વડોદરા શહેરમાં વર્ષોની પરંપરાગત મુજબ ૨૧૬ મો ભગવાન વિઠ્ઠલનાથજી નો વરઘોડો આન બાન શાન તથા આભાર શ્રદ્ધા અને ઉમંગ સાથે નીકળશે જે માટેની વિઠ્ઠલનાથજી મંદિરના પૂજારી દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ વર્ષે ઐતિહાસિક માંડવી ચાર દરવાજા ની હાલત જર્જરીત હોવાને કારણે તેના રીનોવેશન કામ ચાલી રહ્યું છે. અને તેના અને બચાવવા માટે લોખંડમાં ઝડરો ગોઠવવામાં આવ્યા છે. જેથી માંડવી ચાર દરવાજા નીચેથી પસાર થતા ભગવાન વિઠ્ઠલનાથજીના વરઘોડાની ૨૧૬ વર્ષની પરંપરા પ્રથમ વખત તૂટશે.





જોકે આવતીકાલે સવારે ભગવાન વિઠ્ઠલનાથજીના નીકળનાર વરઘોડા અંગે વિઠ્ઠલનાથજી મંદિરના પૂજારી હરિઓમ વ્યાસના જણાવ્યા અનુસાર પ્રભુની વર્ષોની પરંપરા જળવાઈ રહે અને વડોદરા ની ઐતિહાસિક ધરોહર સમાન માંડવી સમારકામ માં કોઈ બાધા ન આવે તે માટે ભગવાન વિઠ્ઠલનાથજી ને ચાંદીની નાની સુખપાલ માં બિરાજમાન કરાવી માંડવી ટાવર નીચેથી પ્રસ્થાન કરાવાશે અને ત્યારબાદ સામેની સાઈડ બહાર રાખવામાં આવેલ મોટી પાલખીમાં ભગવાનને બિરાજમાન કરાશે ત્યારબાદ તેમને રાબેતા મુજબ વરઘોડાને પ્રસ્થાન કરાવાશે. આ અગાઉ રાજવી પરિવાર દ્વારા ભગવાન વિઠ્ઠલનાથજી ની પૂજા અર્ચન આરતી કરશે ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે વરઘોડો પ્રસ્થાન કરશે જે માંડવી, લહેરીપુરા, ન્યાય મંદિર, રાવપુરા ટાવર, કોઠી ચાર રસ્તા, આરાધના સિનેમા થઈ કીર્તિ મંદિરના પ્રાંગણમાં આવેલા કેદારેશ્વર મહાદેવ મંદિરે બપોરે એક કલાકે પહોંચશે જ્યાં હરિહર ની ભેટ થશે બાદ પૂજન અર્જન અને ભોગ આરતી થશે ત્યારબાદ સાંજે ૪:૩૦ કલાકે નિજ મંદિર માં પરત આવશે. દેવપોઢી એકાદશી એ મંગલા આરતી સવારે ત્રણ કલાકે થશે ત્યારબાદ શૃંગાર આરતી સવારે સાત કલાકે રાજભોગ આરતી સવારે આઠ કલાકે વરઘોડાની આરતી દર્શન સવારે ૯:૦૦ કલાકે જ્યારે શયન આરતીના દર્શન રાત્રે ૯:૦૦ કલાકે થશે ઉલ્લેખનીય છે કે વરઘોડાના સમય દરમિયાન સવારે ૯:૦૦ થી રાતના ૧૦ કલાક સુધી ભક્તો મંદિરમાં દર્શન કરી શકશે.જોકે આ વર્ષે વડોદરા શહેરની ઐતિહાસિક ની ધરોહર સમાન માંડવી ના દરવાજાની જાળવણી હેતુ ખુદ ભગવાન નાની પાલખીમાં બિરાજમાન થઈ માંડવી ચાર દરવાજા નીચેથી પસાર થઈ મુખ્ય સિલ્વર ગોલ્ડન પાલખીમાં બિરાજમાન થશે.

### બરોડા ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસો. દ્વારા સબ જુનિયર ટુર્નામેન્ટ યોજાઈ

# ઈન્ટર સ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટ: બોયઝ અને ગર્લ્સમાં નવરચના સ્કૂલની ટીમ વિજેતા બની



**સ્ટેટ એસો. માં બીડીએફએના સભ્યોની નિમણૂક**

બરોડા ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસોસિએશનનાં કેટલાક હોદેદારો અને સભ્યોની ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનમાં નિમણૂંક કરવામાં આવી છે. જેમાં સંદીપ દેસાઈની સ્ટેટ ફૂટબોલ એસો.ના ઉપાધ્યક્ષ, ધર્મેશ પટેલની ટેક્નિકલ ડાયરેક્ટર, વિષ્ણું ચૌહાણની જુનિયર સિલેક્શન કમિટીના સભ્ય, જતીન સીધ બીષ્ટની બ્રાન્ડ એમ્બેસેડર, તરન્નુમ શેખની વુમન કમિટી મેમ્બર, એન. એચ. ઔએરની એક્ઝીક્યુટીવ કમિટી મેમ્બર અને સ્ટીફન ફર્નાન્ડીસની સબ જુનિયર સિલેક્શન કમિટીના સભ્ય તરીકેની નિમણૂંક કરવામાં આવી છે.

વડોદરા, તા.૫

બરોડા ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસોસિએશમાં નવા હોદ્દેદારોની વરણી બાદ સબ જુનિયર અને જુનિયર બોયઝ અને ગર્લ્સની ઈન્ટર સ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટમાં નવરચના, સ્કૂલ ની ટીમ વિનર તેમજ દિલ્હી પબ્લિક સ્કૂલ, ડોન બોસ્કો અને પાઠશાળા સાવલીની ટીમ રનર્સ થઈ હતી. ટુર્નામેન્ટમાં બેસ્ટ પ્લેયર, મોસ્ટ પ્રોમિસીંગ પ્લેયર સહિત એવોર્ડ થી પ્લેયરોને સન્માનિત કરવામાં આવ્યાં હતા.

બરોડા ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસોસિએશનમાં નવા હોદ્દેદારોની તાજેતરમાં વરણી થઈ છે. ત્યારે નવા હોદેદારોએ કામગીરી સંભાળ્યા બાદ સબ- જુનિયર, અને જુનિયર બોયઝ અને ગર્લ્સ ઈન્ટર સ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ટુર્નામેન્ટ સંદર્ભે બરોડા ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસો.ના પ્રમુખ સંદીપ દેસાઈએ કહ્યું હતુ કે, બરોડા ફૂટબોલ એકેડમી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે રમાયેલી આ ટુર્નામેન્ટમાં શહેર જિલ્લાની અનેક સ્કૂલોએ ભાગ લીધો હતો. જેમાં સબ જુનિયર બોયઝમાં નવરટના ઈન્ટર નેશનલ સ્કૂલ વિનર જ્યારે દિલ્હી પબ્લિક સ્કૂલ રનર જ્યારે જુનિયર બોયઝમાં નવરચરના ઈન્ટર નેશનલ સ્કૂલ વિનર અને દિલ્હી પબ્લિક સ્કૂલ રનર થઈ હતી. સબ જુનિયર ગર્લ્સમાં નવરચના હાઈસ્કુલ સમા વિનર અને પાઠશાળા સાવલી રનર, જુનિયર ગર્લ્સમાં નવરચના હાઈસ્કૂલ સમા ચેમ્પિયન અને ડોન બોસ્કો સ્કૂલ મકરપુરા રનર થઈ હતી. આ ટુર્નામેન્ટમાં બેસ્ટ પ્લેયર ઓફ ધી ટુર્નામેન્ટ, મોસ્ટ પ્રોમીસીંગ પ્લેયર, બેસ્ટ ગોલ કીપર, સહિતના એવોર્ડ આપીને પ્લેયર્સને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ગૌરીવ્રત પૂર્વે કમાટીબાગમાં જોયટ્રેન ફરી શરૂ કરાય તેવી શક્યતા

# શહેરના કમાટીબાગ અને નિમેટા સિવાયના તમામ બગીચાઓમાં બપોરે ૨ થી ૭ માત્ર બહેનોને પ્રવેશ

વડોદરા, તા.૫

આગામી તા. ૮ થી ૧૨ જુન ગૌરીવ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે વડોદરા કોર્પોરેશન દ્વારા પ્રતિવર્ષ મુજબ કમાટીબાગ અને નિમેટાબાગ સિવાયના તમામ બગીચાઓમાં બપોરે ૨ થી સાંજે ૭ વાગ્યા સુધી માત્ર બહેનોને પ્રવેશ આપવાનો અને તા.૧૨ જુનના રોજ જાગરણના દિવસે રાત્રે ૧ વાગ્યા સુધી તમામ બગીચાઓ ખૂલ્લા રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.જોકે,કમાટીબાગમાં બંધ કરવામાં આવેલી જોય ટ્રેન ગૌરીવ્રત શરૂ થતાં પહેલાં ફરી શરૂ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

વડોદરા મહાનગર પાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, તા. ૮ જૂન થી તા.૧૨ જૂન સુધી ગૌરીવ્રતનો તહેવાર હોઈ પારલિકા હસ્તકના લાલબાગ, સયાજીબાગ તથા નિમેટા સિવાયના તમામ બાગોમાં બપોરના ૨ કલાકથી સાંજના ૭ કલાક સુધી ફક્ત બહેનોને જ પ્રવેશ મળી શકશે. જ્યારે જાગરણના દિવસે તા.૧૨મીના રોજ બગીચાઓ રાત્રીના ૧ કલાક સુધી ખુલ્લા રહેશે. બગીચાઓમાં લોનને નુકસાન ન થાય તેમજ કચરો નજીકની કચરાપેટીમાં નાખીને બગીચાઓને સ્વચ્છ રાખવા સહેલાણીઓને સહકાર આપવા કોર્પોરેશન દ્વારા અપિલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, કમાટીબાગમાં સહેલાણીઓ માટે આકર્ષણના કેન્દ્ર સમી જોય ટ્રેન તાજેતરમાં અકસ્માતની ઘટના બનતાં બંધ કરવામાં આવી હતી. આ જોય ટ્રેન ગૌરીવ્રત પહેલાં શરૂ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

### 30x10 ફૂટનું પોસ્ટ મોર્ટમની સુવિધા ધરાવતું મૂવેબલ કન્ટેનર કુતૂહલનું કેન્દ્ર

# દેશમાં પહેલીવાર ગોત્રી હૉસ્પિટલમાં મૂવેબલ પોસ્ટ મોર્ટમ રૂમ શરૂ કરાયો

વડોદરા તા. ૫

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં એક અત્યાધુનિક અને અનોખી સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ડીકમ્પોઝ થયેલી બોડીના પોસ્ટમોર્ટમ માટે નેશનલ મેડિકલ કમિશન (NMC)ની ગાઈડલાઈન્સ મુજબ અલગ પોસ્ટમોર્ટમ રૂમ હોવો જોઈએ. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગોત્રી હોસ્પિટલમાં ‘મુવેબલ ઓટોપ્સી રૂમ અને કોલ્ડ સ્ટોરેજ’ સુવિધા ધરાવતું એક ખાસ કન્ટેનર મૂકવામાં આવ્યું છે.

સુવિધાની વિશેષતાએ છે કે 30x10 પીએમ રૂમ,12x10 કોલ્ડરૂમ, તથા ૨૮૨૦૦ ડોક્ટર રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે.આ ખાસ કન્ટેનરમાં એકસાથે પોસ્ટમોર્ટમ કરી શકાય તેવી સુવિધા છે, અને તેની સાથે ૪ થી. ૫ બોડીને કોલ્ડ સ્ટોરેજમાં રાખી શકાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કન્ટેનરની સૌથી મોટી વિશેષતા એ છે કે તે મુવેબલ (ચલાયમાન) છે. એટલે કે, કોઈ મોટી દુર્ઘટના, જેમ કે પ્લેન ક્રેશ અથવા કોઈ જંગલ વિસ્તારમાં ઘટના બને અને મૃતદેહોને હોસ્પિટલ સુધી લાવવાનું શક્ય ન હોય, ત્યારે આ કન્ટેનરને ઘટનાસ્થળે પહોંચાડીને ત્યાં જ પોસ્ટમોર્ટમ કરી શકાશે અને મૃતદેહોને ત્યાં જ કોલ્ડ સ્ટોરેજમાં રાખી શકાશે.ડી કમ્પોસ્ટ બોડી માટે ખાસ વ્યવસ્થા ગોત્રી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં આ રૂમ ખાસ કરીને એવી બોડી માટે બનાવવામાં આવ્યો છે કે જેમાં સડો થઈ ગયો હોય અલબત્ત ડીકમ્પોસ થઈ ગયો હોય આનાથી સામાન્ય બોડી ના સ્વજનો અને અન્ય લોકોને દુર્ગંધ નો સામનો કરવો પડશે નહીં.

# વડોદરામાં ‘જિઓ ટેક્નિકલ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ઈન પ્રેક્ટિસ’ અંગે એક દિવસીય વર્કશોપ યોજાયો


વડોદરા, તા.૫

“જીઓ ટેક્નિકલ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ઈન પ્રેક્ટિસ” વિષય પર આધારિત એક દિવસીય વર્કશોપ ઈન્ડિયન જીયો ટેકનીકલ સોસાયટી – બરોડા ચેપ્ટર અને સ્ટ્રક્ચરલ એન્જિનિયર્સ એસોસિએશન ઓફ બરોડાના સંયુક્ત આયોજન હેઠળ હોટલ ગ્રાન્ડમર્ક્યુરે સુર્યા પેલેસ, સયાજીગંજ, વડોદરા ખાતે યોજાયો હતો. આ વર્કશોપમાં દેશમાં અને વિદેશોમાં ચાલી રહેલા અદ્યતન પ્રોજેક્ટ્સમાં જીઓ ટેક્નિકલ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ક્ષેત્રે અમલમાં લેવાતી નવીન પદ્ધતિઓ અને પડકારો અંગે ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. એન્જિનિયરો, નિષ્ણાંતોએ, પ્રોફેસર અને વિદ્યાર્થીઓએ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વર્કશોપની એક વિશેષ વાત તરીકે નાથદ્વારાના ૩૫૧ ફૂટ ઊંચા ભગવાન શિવનીપ્રતિમાના માળખાકીય પાસાઓ અંગે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર વ્યાખ્યાન યોજાયા હતા.

Jio

આપની દીર્ઘદ્રષ્ટિએ શુભારંભ કર્યો છે
શક્યતાઓના એક યુગનો.

પ્રત્યેક વચનને સ્થાયી વિકાસમાં રૂપાંતરિત કરીને
અમે આપના વારસાનું ગૌરવ કરીએ છીએ.



ધીરુભાઈ હીરાચંદ અંબાણી
(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)
ફાઉન્ડર ચેરમૅન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
આત્મા અજન્મ, અમર અને સનાતન સદાય.
દેહ પામે નાશ ત્યારે પણ, આત્મા તો અવિનાશી.

- ભગવદ્ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર

Reliance Industries Limited
Growth is Life

www.ril.com

### પંચમહાલ જિલ્લામાં ૩ બાળકોનાં ભેદી વાઇરસથી મોત થતાં આરોગ્યતંત્ર એક્શનમાં

# ટીમના છ સભ્યો દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં સઘન તપાસ

## કયા વાઇરસથી બાળકોનાં મોત થયાં તેની આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી

ગોધરા, તા.૫

પંચમહાલ જિલ્લામાં ચોમાસા ઋતુમાં વરસાદી ભેજ વાળા વાતાવરણ થયા બાદ જિલ્લામાં હાલોલ, શહેરા તથા ગોધરા તાલુકામાં ૪ બાળકોને તાવ સાથે ખેંચ આવતા વડોદરા હોસ્પીટલ ખાતે સારવાર હેઠળ ખસેડ્યા હતાં. જેમાં ૪ બાળકોમાંથી ૩ બાળકોના ભેદી વાઈરસના કારણે મોત થયા હતા. બાળકોના કયાં વાઈરસના કારણે મોત થયા તેની તપાસ કરવા જિલ્લા આરોગ્ય વિભાગે બાળકોના પરિવારજનોના લોહીના સેમ્પલ લઈને તપાસ ચાલુ કરી છે. જયારે બીજી બાજુ આઈ સી એમ આર પોંડીચેરીની ટીમના છ સભ્યો પણ ગ્રામ્ય વિસ્તારમાં પહોંચીને તપાસ કરી રહી છે.



પંચમહાલ જિલ્લામાં ગત વર્ષે વરસાદ બાદ ચાંદીપુરમ વાઈરસથી ૭ જેટલા બાળકોના મોત થયા હતા. દરમિયાન જિલ્લામાં ચોમાસાના પહેલા વરસાદ બાદ ભેજનું વાતાવરણ થયુ હતું. જેમાં અચાનક જ બાળકોને તાવ બાદ ખેંચ આવતા ૪ બાળકોને ગોધરા સિવિલમાં ખસેડયા હતા. પરંતુ બાળકોની તબિયત વધુ લથડતા વડોદરા ખસેડાયા હતા. જ્યાં ૩ બાળકોના મોત થતાં આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. બિમારીના કારણે બાળકોના લોહિના નમુના લઈને ચાંદીપુરમ, મગજના તાવના વાઈરસ, ડેન્ગ્યુ સહીતના ૫ વાઈરસના ટેસ્ટ ગાંધીનગરના બાયો ટેકનોલોજી રીસર્ચ સેન્ટર ખાતે મોકલ્યા હતા. જેમાં તમામ ટેસ્ટ નેગેટીવ આવતા બાળકોના મોત કયાં કારણથી થયા છે ? તેની તપાસમાં આરોગ્ય વિભાગ લાગી ગયું છે.

ગોધરાના મોર ડુંગરા ગામે શંકાસ્પદ બીમારી ધરાવતા બાળકના મકાન ખાતે આરોગ્ય વિભાગની ટીમ પહોચીને કયાં વાઈરસથી બાળકોના મોત થયા તેનું ઈન્વેસ્ટીગેશન કરવા આરોગ્ય વિભાગે અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરી રહી છે. તેમજ આઈ સી એમ આર પોંડીચેરીની ટીમના છ સભ્યો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ ચાલુ કરી છે.

બાળકોના પરિવારના લોહીના નમૂના લીધા પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ડોકવા, ગોધરા તાલુકાના ખજુરી અને કરસાણા તથા હાલોલ તાલુકાના જાંબુડી ગામના ૭ થી ૧૦ વર્ષ ના બાળકોને તાવ સાથે ખેંચ આવતા વડોદરાની હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડતા જયાં સારવાર દરમ્યાન ૩ બાળકોના મોત થયા હતા. કરસાણા ગામનું બાળક હાલ સારવાર હેઠળ છે. બાળકોનુ કયાં વાઈરસના કારણે મોત થયું તે હજુ જાણ શકાયુ નથી.

ભેદી વાઈરસ કયો છે તેની તપાસ ચાલુ છે પંચમહાલ જિલ્લામાં ૪ બાળકોને તાવ સાથે ખેંચ આવતા વડોદરા એસએસજી હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા. જેમાં ૩ બાળકોના મોત થયા છે.

### અગાઉ જુલાઈમાં પડેલા ૧૮ ઈંચ વરસાદની યાદ તાજી થઇ

# સમગ્ર બોડેલીમાં એક ઈંચ જેટલો વરસાદ : રસ્તા પર પાણી જ પાણી

## નીચાણવાળા વિસ્તારમાં રહેતા રહીશોના જીવ તાળવે ચોંટયા

બોડેલી, તા.૫

બોડેલી પંથક માં આજે બપોર થીજ વરસાદી માહોલ જામ્યો હતો અને સાડા બાર વાગ્યાથી બપોરે ત્રણથી ચાર વાગ્યા સુધી દરમ્યાન ધોધમાર વરસાદ ખાબક્યો હતો બોડેલી પંથકમાં બપોરથી જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

૧૨:૩૦ અગીયાર વાગ્યા થી ગણતરીના કલાકોમાં એક ઈંચથી વધુ ઉપરાંત વરસાદ ખાબક્યો હતો જેણે પગલે નીચાણ વાળા વિસ્તારો માં પાણી પાણી થઈ ગયા હતા અને નીચાણ વાળા વિસ્તાર માં રહેતા રહીશો ના જીવ તાળવે ચોંટયા હતા બોડેલી અલીપુરા પાસે પાણી ભરાઈ ગયા હતા બોડેલી એસટી ડેપો પાસે પણ રોડ પર પાણી જોવા મળ્યા હતા બોડેલી છોટાઉદેપુર રોડ પાસે ચાઈનીઝ ની દુકાન પાસે પણ પાણી જ પાણી જોવા મળ્યા હતા અને લોકોને અને ૧૦ મી ૧૧ જુલાઈની યાદ તાજી થઈ હતી પછી વરસાદનું જોર ધીમે થતા બોડેલી નગર ના રહીશો એ રાહત નો શ્વાસ લીધો હતો બોડેલી પંથક માં આજે બપોર થીજ વરસાદી માહોલ જામ્યો હતો સવાર થી બાર વાગ્યા દરમ્યાન ધોધમાર વરસાદ ખાબક્યો હતો.



## સંક્ષિપ્ત સમાચાર

### લુણાવાડા નગરપાલિકાની હદમાં ગેરકાનૂની બાંધકામ હશે તેનો સફાયો કરાશે



લુણાવાડા. લુણાવાડા નગરપાલિકા તે કોંગ્રેસ ગઢ હતો ત્યારે તે ગઢમાં ભાજપને ગાબડું પાડી કોંગ્રેસ જોડે થી સત્તા છીનવી લીધી હતી જ્યારે સત્તાનું મોહ ચાખેલી કોંગ્રેસ દ્વારા ભાજપ શાસિત લુણાવાડા નગરપાલિકા માં પ્રમુખ તરીકે ડોક્ટર કીર્તિભાઈ પટેલ ને કોંગ્રેસ ના સભ્યો દ્વારા વિરોધ પ્રદર્શન કરવા માટે જય રહ્યા હતા ત્યારે લુણાવાડા માં આવેલ હિંદુ સંગઠન તથા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ એકસાથ થઈ કોંગ્રેસના સભ્યો આવે તે પહેલા જ લુણાવાડા નગરપાલિકા ખાતે પહોંચી ગયા હતા સૂત્રોચાર કરી કોંગ્રેસનો જ વિરોધ કર્યો હતો.આજની આ સમગ્ર ઘટનામાં લુણાવાડા નગરપાલિકા પ્રમુખ ડોક્ટર કીર્તિભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે એકનો બચાવવા કરવા માટે બધા કોંગ્રેસ પક્ષના નેતાઓ ભેગા થઈ ને વિરોધ કરવા માટે આવ્યા હતા પરંતુ લુણાવાડા નગરપાલિકાની હદમાં આવેલ ગેર કાનૂની બાંધકામ હશે તેનો સફાયો અમે કરીશું તેવું જણાવવામાં આવ્યું હતુ જ્યારે મહીસાગર જીલ્લા ના કોંગ્રેસ પક્ષના પ્રમુખ હર્ષદભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમારા નગરપાલિકાના કોર્પોરેટરોનું પ્રમુખ દ્વારા સાંભળવામાં આવતા નથી અને અમારા પ્રજાના ટેક્સના પૈસા વેડફી રહ્યા છે આ ટેક્સ રૂપી નાણાં તો લુણાવાડા શહેરને સારી દિશામાં લઈ જવા માટે નગરપાલિકા પ્રમુખને જણાવવામાં આવ્યું હતું .

### હાલોલ કંજરી રોડ પર શ્રીનાથજીનગર સોસા.માંથી પિટ પટિત પ્રજાતિનાં ૫ બચ્ચાં મળી ૬ સાપનું રેસ્ક્યૂ



હાલોલ. હાલોલ નગરપાલિકાની ફાયર અને રેસ્ક્યુ ટીમના કર્મચારી અને પંથકમાં જીવદયા નું કામ કરતા જીવ દયા પ્રેમી જયેશ કોટવાળ અને વાય.કે.પટેલને માહિતી મળી હતી કે હાલોલ શહેરના કંજરી રોડ પર આવેલી કર્મા સોસાયટીની બાજુમાં આવેલ શ્રીનાથજી નગર સોસાયટીમાં ખૂબ જ ડરામણો અને ભયાનક દેખાવ ધરાવતો સાપ અને તેના બચ્ચા એક ઘરના કમ્પાઉન્ડની આજુબાજુ વારંવાર આવી જાય છે જેને લઈને આ વિસ્તારના લોકોમાં ભય ફેલાયો છે અને બાળકો તેમજ સ્થાનિકોને બહાર હરવા ફરવાની તકલીફ સર્જાઇ રહી છે જે માહિતીના આધારે હાલોલ નગરપાલિકાની ફાયર અને રેસ્ક્યુ એમના કર્મચારી જયેશ કોટવાળ અને વાય.કે.પટેલ સહિતની ટીમ તાબડતોડ શ્રીનાથ નગર સોસાયટી ખાતે આવી પહોંચી હતી જ્યાં તેઓને શરીર પર અલગ જ પ્રકારના પટ્ટા ધરાવતા દેખાવમાં ખૂબ જ ઘાતક અને ડરામણા લાગતા પરંતુ બિન ઝેરી પિટ પટિત પ્રજાતિનો સાપ અને તેના બચ્ચા મળી આવ્યા હતા જેમાં જયેશ કોટવાળ અને વાય.કે.પટેલે ભારે જહેમત ઉઠાવી સ્થળ પરથી અંદાજે એક થી દોઢ ફૂટ જેટલી લંબાઈ ધરાવતા પીટ પટિત સાપ અને અંદાજે અડધો ફૂટ જેટલી લંબાઈ ધરાવતા તેના ૫ બચ્ચાઓનું રેસ્ક્યુ કરી તેઓને ઝડપી લીધા હતા.

### બોડેલીના બાંગાપુરા ગામે બબાલના ઈજાગ્રસ્તોની મુલાકાત લેતા સુખરામ રાઠવા



બોડેલી. બોડેલી તાલુકાના બાંગાપુરામાં પંડિત દિન દયાલ સસ્તા અનાજની દુકાનદાર સહિત ના લોકો એ અચાનક એકા એક હુમલો કરતા અમિત બારીયા ને પગ માં ફેક્ચર અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે બોડેલી સર્વોદય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.તમામ ઘટના અંગે રાજકીય નેતાઓ આ મામલે મેદાને ઉતર્યા છે.જેને લઈ કોંગ્રેસ છોટાઉદેપુર પ્રમુખ શશી કાંત પૂર્વ વિરોધ પક્ષના નેતા સુખરામ ભાઈ રાઠવા કોગ્રેસ નેતા કાજલ રાઠવા વિષ્ણુ રાઠવા મેનોરેટી સેલ ના પ્રમુખ અમજત ખાન પઠાણ સહિત ના કોગ્રેસ નેતા હોસ્પિટલ ખાતે પહોંચી ખબર અંતર લીધા સંચાલક દ્વારા ગરીબોના મોઢામાંથી કોડિયો છીનવવાનો લાબા સમય થી જે કારસો ચાલી રહ્યો હતો એ કૌભાંડનો પરદા ફાસ્ જાગૃત નાગરિક કો દ્વારા ખુલ્લું પાડવા માં આવ્યો હતો જ્યારે આ મામલે મામલતદાર અને પુરવઠા વિભાગ ના અધિકારી ઓ અને પોલીસ આ મામલે તટસ્થ તપાસ કરી ગુનેગારો સામે કડક હાથે કાર્યવાહી કરવા માંગ કરી છે.દુકાન દાર સંચાલક દ્વારા જે આજે સવારે અનાજ નો જથ્થો નો સળગાવી દેવાનો પ્રયાસ કરાયો છે. આ મામલે પોલીસે તપાસ કરી ગુનો દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

### ખૂલ્લા વીજ સાધનો જાનહાનિનું કારણ બની શકે

## ઝાલોદ તાલુકા પંચાયત કચેરીના વીજ DPમાં ધડાકો : સફાઈના અભાવે દુર્ઘટના

### સફાઈ અને જાળવણી નિયમિત થાય તે જરૂરી

ઝાલોદ, તા.૫

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં આવેલા વીજ વિતરણ પેનલમાં ગત રાત્રે ભડાકો થયો. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે DPની આસપાસ સફાઈના અભાવે આ ઘટના બની. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, DP આસપાસ ઝાડી-ઝાંખરા અને કચરો એકઠો થયો હતો. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની પ્રિ-મોનસુન સફાઈની જવાબદારી હોવા છતાં કામગીરી થઈ નહોતી.

તાલુકા વિકાસ અધિકારી (TDO)એ પણ સ્ફ્ફઝન્ને સફાઈ માટે જાણ કરવાની જવાબદારી નિભાવી નહોતી. DPની અસ્વચ્છ સ્થિતિ કચેરીના કર્મચારીઓ કે અધિકારીઓના ધ્યાને આવી નહોતી. નિયમિત નિરીક્ષણના અભાવે આવી ઘટનાઓનું જોખમ વધ્યું છે.ભડાકા બાદ કર્મચારીઓએ જાણ કરી અને સમારકામ શરૂ થયું. વરસાદી માહોલમાં ખુલ્લાં વીજ સાધનો જાનહાનિનું કારણ બની શકે છે. લોકોમાં ચિંતા છે કે મોટી દુર્ઘટના બાદ જ MGVCL અને તાલુકા પંચાયત સફાઈ-જાળવણીનું ધ્યાન રાખશે.

નાગરિકોની માંગ છે કે આવી ઘટનાઓ ન બને તે માટે તાત્કાલિક પગલાં લેવાય. સફાઈ અને જાળવણી નિયમિત થાય તે જરૂરી છે. સમયસર પગલાં નહીં લેવાય તો ભવિષ્યમાં મોટું જોખમ સર્જાઈ શકે છે. DP આસપાસ ઝાડી-ઝાંખરા અને કચરો એકઠો થયો હતો. પ્રિ-મોનસુન સફાઈની જવાબદારી હોવા છતાં કામગીરી થઈ નહોતી.


### ઘટનાનો વીડિયો મોટા હાથીધરા પંચાયતના મહિલા સરપંચના પતિ ઉતાર્યો હતો

# દાહોદના અસાયડી નજીક ટ્રકચાલકને પાઈપ વડે માર મારતો આરટીઓનો વીડીયો વાયરલ

## પાઇપ બતાવી ડ્રાઇવરને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો, મારપીટ કરી નથી : પરમાર

દેવગઢ બારીયા, તા.૫

અસાયડી નજીક અમદાવાદ ઈન્દોર હાઈવે પર આરટીઓ ઈન્સ્પેક્ટરની દમનશાહીનો એક ચોંકાવનારો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર જિલ્લામાં હડકંપ મચી જવા પામ્યો છે. આ ઘટનાનો વિડિયો હાઈવે પરથી પસાર થતા મોટા હાથીધરા ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ વિનોદભાઈ રાવતે પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો. પોતાની દમનગીરીનો વિડીયો ઉતરતો જોઈ આરટીઓ ઈન્સ્પેક્ટર ડઘાઈ ગયા હતા. અને મારપીટ બંધ કરી બાજુમાં પ્લાસ્ટિકની પાઈપ ફેંકી દીધી હતી. અને વિડીયો ઉતારનાર વિનેશભાઈ રાવતે જ્યારે પૂછ્યું કે તમે આ ડ્રાઈવરને કેમ મારો છો? તમને આ રીતે મારવાનો અધિકાર કોને આપ્યો છે? તેવા વેધક પ્રશ્નો પૂછતા આરટીઓ કોઈ જવાબ આપ્યો ન હતો. જ્યારે ઈજાગ્રસ્ત ટ્રકના ચાલક નાસીરભાઈને પૂછવામાં આવતા તેઓએ જણાવ્યું હતું કે, અમે મુંબઈથી દિલ્હી માલ લઈને જઈ રહ્યા હતા. ભથવાડા ટોલનાકા પરથી પસાર થયા બાદ અસાયડી નજીક આરટીઓ અધિકારીએ અચાનક ટ્રકની આગળ બેરીકેટિંગ નાખી દીધું હતું જેના કારણે ટ્રકનું ટાયર પંચર થઈ ગયું હતું અને ટ્રકના કાચ તૂટવાથી ઈજાઓ થવા પામી હતી. જ્યારે વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર વિનેશભાઈ રાવતે આ મામલે જણાવ્યું કે સવારે અમે ગાંધીનગર જઈ રહ્યા હતા. ત્યારે



અસાયડી નજીક હાઈવે પર બે ત્રણ જણા ટ્રક ચાલકને માર મારતા હતા. આ જોઈ અમે અમારી ગાડી ટ્રકથી થોડે દૂર ઉભી રાખી હતી. અને અમારા મોબાઈલમાં વિડીયો ઉતારવાનું ચાલુ કર્યું હતું. આ મામલે અમારા પ્રતિનિધિએ આરટીઓ અધિકારી વી.કે. પરમારને રૂબરૂ મળી પૃચ્છા કરતા તેઓએ જણાવ્યું કે ભથવાડા ટોલનાકા પાસે ટ્રક રોકવાનો અમે પ્રયાસ કર્યો હતો પરંતુ ટ્રક ચાલકે ટ્રક ન રોકી ટ્રક ભગાવી મૂકી હતી અમે બેરીકેટિંગ મૂકી ટ્રક રોકવાનો પ્રયાસ કર્યો હતો. અમે ટ્રક પાસે ગયા ત્યારે ટ્રકનો ડ્રાઈવર ભાગવાનો પ્રયાસ કરતો હતો. જેથી અમે અમારી પાસેની પાઈપ બતાવી ડ્રાઈવરને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અમે કોઈ મારપીટ કરી નથી. આ બાબતે અમે પીપલોદ પોલીસ મથકે ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ સરકારી કામગીરીમાં અડચણ કરવા બાબતની ફરિયાદ નોંધાવી છે. અને ડ્રાઈવરને ડેન્જરસ ડ્રાઈવિંગનો મેમો પણ આપ્યો છે.

### લીમખેડા તાલુકાના પાલ્લી ગામે ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ મંડોર ખાતે

# ફૂડ પોઈઝનિંગની ઘટનામાં આચાર્ય અને બે વૉર્ડનને નોટિસ પાઠવી ખુલાસો માગવામાં આવતાં ખળભળાટ

## ખોરાકની ગુણવત્તા, રસોડાની સ્વચ્છતા અને સ્ટાફની જવાબદારીઓની તપાસ

દાહોદ, તા.૫

લીમખેડા તાલુકાના પાલ્લી ગામે આવેલી મોર્ડન સ્કૂલ ના કેમ્પસમાં ચાલતી ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલ (જીએલઆરએસ) મંડોર ખાતે ૨ જુલાઈ, ૨૦૨૫ની રાત્રે ભોજન લીધા બાદ ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના બની હતી, જેમાં ૯૮ વિદ્યાર્થીનીઓની તબિયત લથડી હતી. જેના કારણે વાલીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે. આરોગ્ય વિભાગની ઝડપી અને અસરકારક કામગીરીને કારણે ૮૯ વિદ્યાર્થીનીઓને આજે આરોગ્યની ચકાસણી કર્યા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, જ્યારે ૯ વિદ્યાર્થીનીઓ હજુ સારવાર હેઠળ છે. જી.એલ.આર.એસ. સ્કૂલ મંડોર જે લીમખેડા મોડેલ સ્કૂલના કેમ્પસમાં આવેલી છે, ત્યાં ૩૮૦ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. ૨ જુલાઈની સાંજે નિયમિત ભોજન લીધા બાદ એકાએક ૯૮ વિદ્યાર્થીનીઓને ઉલટી, પેટમાં તીવ્ર દુખાવો, ઝાડા અને મોઢામાંથી ફીણ આવવા જેવા લક્ષણો દેખાયા.

આ ઘટનાની જાણ થતાં જ રાજ્ય સરકારે તાત્કાલિક પગલાં લઈ રાજ્ય એપિડેમિક ઓફિસરને દાહોદ મોકલ્યા. ઓફિસરે હોસ્પિટલોમાં દાખલ વિદ્યાર્થીનીઓની સ્થિતિની સમીક્ષા કરી, જરૂરી સારવાર માટે સૂચનાઓ આપી અને શાળા તથા હોસ્ટેલમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી. આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ, ફૂડ પોઈઝનિંગના કેસમાં ૪૮ કલાકનું ઓબ્ઝર્વેશન આવશ્યક હોવાથી, તમામ વિદ્યાર્થીનીઓને હોસ્પિટલમાં નિયમિત નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી.આ ઘટના બાદ રાજ્ય સરકારે ઝીણવટભરી તપાસના આદેશ આપ્યા છે. રાજ્ય એપિડેમિક ઓફિસરે શાળા અને હોસ્ટેલની ચકાસણી કરી, ખોરાકની ગુણવત્તા, રસોડાની સ્વચ્છતા અને સ્ટાફની જવાબદારીઓની તપાસ હાથ ધરી. આ ઘટનાનો વિગતવાર રિપોર્ટ તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને.આ બનાવમાં દાહોદ પ્રાયોજના વહીવટદાર દ્વારા શાળાની આચાર્ય અને બે વોર્ડનને નોટિસ પાઠવી ખુલાસો માગતા ખળભળાટ મચી ગયો હતો.લીમખેડાના પાલ્લી ગામે આવેલી મોર્ડન સ્કૂલ ના કેમ્પસમાં ધોરણ ૬ થી૧૨ સુધી ચાલી રહેલી જી.એલ.આર.એસ મંડોર ધાનપુર શાળામાં અભ્યાસ કરતી છાત્રાઓએ બુધવારે સાંજે કડી, ખીચડી, રોટલી ચણાનું શાકનુ ભોજન લીધા બાદ બનેલી ફૂડ પોઈઝનીગની ઘટનામાં આચાર્ય રીટાબેન જોશી અને બે વોર્ડન નામે પારૂલબેન બારીયા તેમજ છાયાબેન બામણીયા ને પ્રાયોજના વહીવટદાર દ્વારા નોટિસ પાઠવી ખુલાસો માગતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

### વરસાદને લઈને રસ્તાઓ બીસ્માર

## ઢોકલીયા ચોકડી પાસેથી બોડેલી ગામમાં પ્રવેશતા રોડ પર મોટા ખાડાથી પરેશાની

### વાહનચાલકોને મુશ્કેલી વેઠવાનો વારો

બોડેલી, તા.૫

બોડેલીના ઢોકલિયા ચોકડી પાસે થી પસાર થતો રોડ પર ખૂબ મોટા મોટા ખાડા પડવાથી વાહન ચાલકોને મુશ્કેલી નો સામનો કરવાનો વારો આવી રહ્યો છે ચોમાસાની શરૂઆત થઈ ચૂકી છે અને વરસાદ પણ ખૂબ સારો પડી રહ્યો છે. વરસાદને લઈને રસ્તાઓ બિસ્માલ થયા છે ત્યારે બોડેલી ઢોકલીયા ચોકડીથી બોડેલી ગામમાં પ્રવેશતા જ વરસાદી ખાડાને લઈને વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

આજે બોડેલી વિસ્તારમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસ્યો હતો વરસાદને લઈને અનેક જગ્યાઓ પર પાણી ભરાયા હતા રસ્તાઓ ધોવાયા હતા ત્યારે બોડેલી ના ઢોકલીયા વિસ્તારમાંથી નીકળતો રોડ ખૂબ જ જર્જરીત જોવા મળ્યો હતો ઢોકલીયા ચોકડી પાસે નો રોડ પર ખૂબ મોટા મોટા ખાડા હોવાથી વાહન ચાલકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો.

બોડેલીના ઢોકલિયા ચોકડી પાસેથી પસાર થતો રોડ પર ખૂબ મોટા મોટા ખાડા પડવાથી વાહન ચાલકોને મુશ્કેલી નો સામનો કરવાનો વારો આવી રહ્યો છે અહીંથી પસાર થતાં વાહનચાલકો જણાઈ રહ્યા છે કે છેલ્લા કેટલા સમયથી ઢોકલીયાથી બોડેલી ગામ માં પ્રવેશવાનો રોડની આજ હાલત હોય જેને લઈને રસ્તો બનાવવામાં આવે રોડ બનાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. બોડેલી ઢોકલીયા ચોકડીથી બોડેલી ગામમાં પ્રવેશતા જ વરસાદી ખાડાને લઈને વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

### દાહોદ જિલ્લામાં વાહનચોર ટોળકીઓ સક્રિય

## જિલ્લામાં જુદીજુદી જગ્યાએથી બે મોટરસાઈકલની ઉઠાંતરી

### વાહન ચોરીના બનાવથી લોકોમાં ફફડાટ

દાહોદ, તા.૫

દાહોદ જિલ્લામાં સક્રિય બનેલી મોટર સાયકલ ચોર ટોળકી જુદી જુદી બે જગ્યાએથી રૂપિયા ૧.૬૫ લાખની કુલ કિંમતની બે મોટર સાયકલો ચોરીને લઈ ગયાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં બનેલી બાઈક ચોરીની બે ઘટનાઓ પૈકીની એક ઘટના દાહોદ શહેરમાં બની હતી.

જેમાં બાઈક ચોર ટોળકીએ દાહોદના જોહાર નગર શ્રીજી નિધિ હોસ્ટેલના આગળના ભાગે ખુલ્લા મેદાનમાં લોક મારીને પાર્ક કરેલી ગાંધીનગર ખાતે નોકરી કરતા આયુષભાઈ મનોજભાઈ પટેલની રૂપિયા ૧.૨૫ લાખની કિંમતની જીજે ૧૮ ડીજે-૦૧૦૧ નંબરની કેટીએમ મોટર સાયકલનું લોક કોઈ ડુપ્લીકેટ ચાવીથી ખોલીયા તોડી નાખી મોટરસાયકલ ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે આયુષભાઈ મનોજભાઈ પટેલ દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે જિલ્લામાં વાહન ચોરીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના નવા નગર ગામે ડોભણ ફળિયામાં બનવા પામ્યો હતો જેમાં એક બાઈક ચોર ટોળકીએ નવાનગર ગામના ડોભાણ ફળિયામાં રહેતા શનુભાઈ બીજલાભાઈ ભુરીયાની તેના ઘરના આંગણામાં લોક મારીને પાર્ક કરેલ રૂપિયા ૪૦ હજારની કિંમતની જીજે ૨૦ બીએલ-૧૯૪૩ નંબરની ર્હેહ્ક્ષ્ટ જૅ ૧૨૫ ડ્રીમ સાયન મોટર સાયકલ લોક તોડી ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે નવા નગર ગામના ડોભણ ફળિયામાં રહેતા શનુભાઈ બીજલા ભાઈ ભુરીયાએ ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### લોકોને ડંડાઓ વડે ૧૮ જેટલા લોકો ઘેરો ઘાલીને ત્રણ લોકોને ઇજા પહોંચાડી હતી

# બાંગાપુરા ગામના ૩ લોકોને માર મારી, લૂંટ અને જાતિ વાચક અપમાનમાં ૧૮ સામે ફરીયાદ

## જિલ્લા પંચાયત સદસ્ય તેમજ સરપંચ અને સસ્તા અનાજ સંચાલક ફરાર થઈ ગયા

નસવાડી, તા.૫

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામના ૩ લોકોને માર મારી અને લૂંટ કરી જાતિ વિરુદ્ધ અપમાનજનક શબ્દો બોલી ને ગેરકાયદેસર મંડળી બનાવનાર માંકણી બેઠકના જિલ્લા પંચાયત સદસ્ય ચંપાબેન હસમુખભાઈ તેમજ તેમના પતિ સસ્તા અનાજ સંચાલક હસમુખભાઈ છોટાભાઈ બારીયા તેમજ નવા ચૂંટાયેલા સરપંચ દેવરાજભાઈ હસમુખભાઈ બારિયા સહીત ૧૮ લોકો ઉપર ફરિયાદ નોંધાઈ છે.

બાંગાપુરા ગામે હસમુખભાઈ છોટાભાઈ બારીયા સસ્તા અનાજ ની દુકાન ચલાવે છે ગરીબ રેશનકાર્ડ ગ્રાહકોનું અનાજ કાળાબજાર માં વેચવા માટે ટ્રેક્ટર ભરતો હતો તે વખતે ગ્રામજનો એ જનતા રેડ કરી હતી અને જથ્થો બચાવ્યો હતો જેની રીસ રાખી ને બીજા દિવસે વિરોધ કરનાર લોકોને ડંડાઓ વડે ૧૮ જેટલા લોકો ઘેરો ઘાલીને ત્રણ લોકોને ઈજા પહોંચાડી હતી જેમાં એક યુવાન નો પગ ફેક્ચર થઈ ગયો હતો હાલ તે ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ છે

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામના સસ્તા અનાજ સંચાલક ગરીબોનું અનાજ કાળાબજાર કરે છે તેને અટકાવવા માટે ગ્રામજનો મેદાને પડતા ગ્રામજનો ઉપર લાઠીઓ વરસાવતા લોકો માં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને જેને લઈને બોડેલી પોલીસ સ્ટેશન માં ભોગ બનનાર અમિતભાઈ બારીયા ની પત્ની હર્શિતાબેન અમિતભાઈ બારીયા એ બોડેલી પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી છે જેમાં આક્ષેપ કર્યો છે કે તેના પતિ અને ગામના બીજા માણસો ને સસ્તા અનાજ સંચાલક ના મળતીયાઓ ઘેરી લીધેલ છે તેવો ફોન આવતા પરિવાર સાથે મારી એક્ટિવા લઈને મારા સાસુ સસરા સાથે પહોંચતા મારા પતિને માર મારતા હતા અને તેઓ સાથે બીજા લોકો હતા તેમને પણ માર મારતા હતા અને મારા પતિને જમણા પગ માં લાકડું મારીને પગ ભાંગી નાખેલ જયારે અન્ય લોકોને માર મારેલ અને તમને જીવવા નહિ દઈએ અમારી વિરુદ્ધ કેમ રજુઆત કરી તેવી રીતના ગાળો બોલી અને અમને જાન થી મારી નાખવાની ધમકી આપેલ અને અમારું ઘર સળગાવી દેવાની ધમકી આપેલ સાથે ભાજપ માં અમે જોડાયેલ છે અને રાજકારણ માં અમારો દબદબો છે તેમજ મારા પતિ ના ખિસ્સા માં રહેલા ૮૫૦૦ રૂપિયા પણ લૂંટી લીધા છે તેની ફરિયાદ નોંધાવતા પોલીસે ૧૮ લોકો સામે ગુન્હો નોંધ્યો છે સમગ્ર મામલામાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને પોલીસ હાલ આરોપીઓની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે જયારે પોલીસ પકડ થી જિલ્લા પંચાયત સદસ્ય તેમજ સરપંચ અને સસ્તા અનાજ સંચાલક ફરાર થયા છે પોલીસ હવે જયારે પકડે છે તે તો જોવાનું રહ્યું

### દેશની પ્રથમ નેશનલ લેવલની ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું આણંદમાં ભૂમિપૂજન અને શિલાન્યાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો

# સહકાર ક્ષેત્રમાં પારદર્શકતા આવશે, ભાઈ-ભત્રીજાવાદનો અંત આવશે :અમિત શાહ

## આણંદમાં નવ નિર્મિત ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટીથી સમગ્ર દેશમાં નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરવામાં આવશે : ભૂપેન્દ્રભાઇ પટેલ

આણંદ, તા. ૫

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસર પર કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહના આણંદના બે દિવસીય કાર્યક્રમ અન્વયે એન.ડી.ડી.બી. અને અમૂલ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી"નું ભૂમિપૂજન અને શિલાન્યાસ કર્યો છે. ત્યાર બાર અમિત શાહે કહ્યું હતું કે સહકાર ક્ષેત્રમાં પારદર્શકતા આવશે, અહીં ભણનારને જ નોકરી મળશે, ભાઈ-ભત્રીજાવાદનો અંત આવશે.આજે (૫ જુલાઈએ) કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ સૌપ્રથમ આણંદના વાલ્મી ખાતેથી દેશની સૌપ્રથમ સહકાર યુનિવર્સિટી "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી"નું ભૂમિપૂજન અને શિલાન્યાસ કર્યા બાદ આણંદ સ્થિત કૃષિ યુનિવર્સિટી ખાતે જનસભાને સંબોધી હતી.

ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનો શિલાન્યાસ સહકાર ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવતી ઐતિહાસિક પહેલ તરીકે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. ૧૨૫ એકર જમીન પર ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલી આ યુનિવર્સિટી સહકાર ક્ષેત્રના વિકાસ માટે મિલનો પથ્થર સાબિત થશે. સહકાર મંત્રાલયની સ્થાપના કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના સહકાર ક્ષેત્રને મજબૂત અને સંગઠિત બનાવવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી. છેલ્લાં ચાર વર્ષમાં આ મંત્રાલયે ૬૦થી વધુ નવી પહેલો શરૂ કરી છે, જેનો હેતુ સહકાર આંદોલનને પારદર્શક, લોકશાહી અને સમૃદ્ધ બનાવવાનો છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી સહકારી આંદોલનને દરેક જિલ્લા અને તાલુકાઓ સુધી પહોંચાડવા માટે મંત્રાલયે મજબૂત યોજનાઓ બનાવી છે.

**ત્રિભુવન સહકારી યુનિવર્સિટીઃ સહકાર ક્ષેત્રની કરોડરજ્જુ**

ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સહકાર ક્ષેત્રના કર્મચારીઓ અને સભ્યોના તાલીમ અને વિકાસ માટે સમર્પિત સંસ્થા હશે. આ યુનિવર્સિટી ૩૦ કરોડ સહકારી સભ્યો અને ૮૦ લાખ બોર્ડ સભ્યોને ટેક્નિકલ, એકાઉન્ટન્સી, માર્કેટિંગ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તાલીમ આપશે, સાથે જ તે સહકારનાં મૂલ્યો અને સંસ્કારોને પણ પ્રોત્સાહન આપશે.પારદર્શિતા અને રોજગારીના નવા અવકાશ આ યુનિવર્સિટી સાથે સહકાર ક્ષેત્રમાં પારદર્શિતાને પ્રોત્સાહન મળશે. હવે માત્ર તે જ




લોકો સહકારી સંસ્થાઓમાં નોકરી મેળવી શકશે, જેમણે આ યુનિવર્સિટીમાંથી તાલીમ મેળવી હશે. આથી ભાઈ-ભત્રીજાવાદની સમસ્યા દૂર થશે અને સહકાર ક્ષેત્રમાં લાયકાત ધરાવતા અને તાલીમપ્રાપ્ત માનવશક્તિ ઉપલબ્ધ થશે.સહકાર આંદોલનનું વિસ્તરણ પ્રધાનમંત્રી મોદીએ ૨ લાખ નવા પેક્સ (પ્રાથમિક કૃષિ સહકારી સમિતિઓ) બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાંથી ૬૦,૦૦૦ પેક્સ આ વર્ષ સુધીમાં બની જશે એવી અપેક્ષા છે. આ પેક્સના સંચાલન માટે ૧૭ લાખ કર્મચારીની જરૂર પડશે, જેની પૂર્તિ ત્રિભુવન સહકારી યુનિવર્સિટી કરશે.સહકાર ક્ષેત્ર માટે નવી યોજનાઓ આ યુનિવર્સિટી સહકાર ક્ષેત્રમાં નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ અને લાંબા ગાળાની યોજનાઓ પર કામ કરશે. ૫, ૧૦ અને ૨૫ વર્ષની યોજનાઓ દ્વારા સહકાર આંદોલનને વધુ સંગઠિત અને અસરકારક બનાવવામાં આવશે.

**ચાર વર્ષમાં ૨૦૦થી વધુ હાલની સહકારી સંસ્થાઓને જોડવા પ્રયાસ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના આધારે યુનિવર્સિટીનું શૈક્ષણિક માળખું લવચીક અને બહુ-શાખાકીય કાર્યક્રમોની શ્રેણી પ્રદાન કરશે, જેમાં પીએચડી, મેનેજરિયલ સ્તરે ડિગ્રી, સુપરવાઇઝરી સ્તરે ડિપ્લોમા અને ઓપરેશનલ સ્તરે પ્રમાણપત્રનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી તેના કેમ્પસ અને અન્ય રાજ્યોમાં વિષય-વિશિષ્ટ શાળાઓ સ્થાપિત કરશે અને સહકારી શિક્ષણ અને તાલીમની ગુણવત્તાને પ્રમાણિત કરવા માટે એક રાષ્ટ્રીય નેટવર્ક બનાવશે. યુનિવર્સિટી આગામી ચાર વર્ષમાં ૨૦૦થી વધુ હાલની સહકારી સંસ્થાઓને જોડવાનો પણ પ્રયાસ કરશે, જેથી રાષ્ટ્રીય નેટવર્ક બનાવવામાં આવે. પાંચ વર્ષમાં ૨૦ લાખ કર્મચારીને તાલીમ આપશે ભારતના અંદાજિત ૪૦ લાખ સહકારી કર્મચારી અને ૮૦ લાખ બોર્ડ સભ્યોની કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે યુનિવર્સિટી આગામી પાંચ વર્ષમાં પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટી (પીએસીએસ), ડેરી, મત્સ્યઉદ્યોગ વગેરે જેવી સહકારી સંસ્થાઓના લગભગ ૨૦ લાખ કર્મચારીને તાલીમ આપશે. પીએચડી કાર્યક્રમો દ્વારા મજબૂત શિક્ષક આધાર બનાવશે લાયક શિક્ષકોની અછતને દૂર કરવા માટે યુનિવર્સિટી સહકારી અભ્યાસ પર આધારિત પીએચડી કાર્યક્રમો દ્વારા મજબૂત શિક્ષક આધાર બનાવશે. હાલમાં સહકારી શિક્ષણ થોડાં રાજ્યો સુધી મર્યાદિત છે અને વિવિધ સંસ્થાઓમાં પથરાયેલું છે, જે ક્ષેત્રની વધતી માગને પહોંચી વળવા માટે અપૂરતું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકલન કરાશે ભારતમાં હાલમાં સહકારી સંસ્થાઓમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, નવીનતા અને સસ્તી ટેક્નોલોજી પર કેન્દ્રિત સંશોધન અને વિકાસને સમર્થન આપવા માટે કોઈ સંસ્થાકીય પદ્ધતિ નથી. આને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીમાં એક સમર્પિત સંશોધન અને વિકાસ પરિષદની સ્થાપના કરવામાં આવશે. જે સહકારી ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ કરશે અને સંલગ્ન સંસ્થાઓમાં પણ તેનો પ્રચાર કરશે. આ ઉપરાંત તે ભારતમાં વિશ્વની શ્રેષ્ઠ પ્રથાઓ સ્થાપિત કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકલન કરશે.

### ક્ષત્રિય આગેવાન પી. ટી જાડેજાની રાજકોટ પોલીસે ધરપકડ

# રાજકોટ પોલીસે જાડેજાને પાસા હેઠળ સાબરમતી જેલમાં મોકલ્યા

## મંદિરમાં આરતી કરવાના મામલે જાડેજાએ ધમકી આપ્યા બદલ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી

ગાંધીનગર, તા.૫

રાજકોટમાં ક્ષત્રિય સમાજના અગ્રણી નેતા અને વિધાનસભાની ચૂંટણી પૂર્વે થયેલા ક્ષત્રિય આંદોલનને મજબૂતી આપનાર પી.ટી. જાડેજાની ધરપકડથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. રાજકોટ તાલુકા પોલીસ દ્વારા ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાની ધરપકડ કરાઈ હતી અને તેમને પ્રિવેન્ટિવ ડિટેન્શન એક્ટ (પાસા-છજીછ) હેઠળ સાબરમતી જેલમાં મોકલી દેવાયા છે. આ ઘટના બાદ ક્ષત્રિય સમાજના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા હતા, જેના કારણે રાજકોટમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે.



આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજા રાજકોટના અમરનાથ મહાદેવ મંદિરના પૂર્વ ટ્રસ્ટી છે. પી. ટી. જાડેજા દ્વારા બે દિવસ અગાઉ અમરનાથ મહાદેવ મંદિરમાં આરતી ન કરવા માટે મંદિરના સ્વયં સેવક અને કારખાનેદાર એવા જસ્મિન મકવાણાને ધમકી આપવામાં આવી હતી. આ ધમકીને રાજકોટ તાલુકા પોલીસે ગંભીર ગુનો ગણીને તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી અને તેમની સામે પાસા હેઠળ કાર્યવાહી કરીને અમદાવાદની સાબરમતી જેલમાં મોકલી અપાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ધમકીની ઘટના ઉપરાંત પી. ટી. જાડેજાની ગત વિધાનસભાની ચૂંટણી સમયે પાટીદાર અગ્રણી અને ભાજપના નેતા તેમજ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદન બાદ શરૂ થયેલા ક્ષત્રિય સમાજના આંદોલનમાં સક્રિય ભૂમિકા હતી. તેમજ પી. ટી. જાડેજાની સામાજિક અને રાજકીય ગતિવિધિઓ પણ તેમની ધરપકડનું એક કારણ હોવાનું મનાય છે. રાજકોટ તાલુકા પોલીસ દ્વારા પાસા હેઠળ ધરપકડ કરીને પી. ટી. જાડેજાને સાબરમતી જેલમાં મોકલી આપ્યા છે.

### પી. ટી જાડેજાની ધરપકડ અને પાસાથી નવો વિવાદ

વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપના નેતા પરષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિયો અંગે કરેલ નિવેદન બાદ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાયો હતો અને સમગ્ર રાજ્યમાં ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન શરૂ થયું હતું. આ ક્ષત્રિય આંદોલનમાં પી. ટી. જાડેજાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. હવે રાજકોટ તાલુકા પોલીસ દ્વારા પી.ટી. જાડેજાની ધરપકડ કરીને તેમની સામે પાસાની કાર્યવાહી કરી છે, જેના કારણે ગુજરાતના રાજકીય વાતાવરણમાં નવો વિવાદ ઊભો થયો છે. ક્ષત્રિય સમાજના આંદોલન દરમિયાન જાડેજાની ભૂમિકા અને તેમની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને આ ધરપકડને રાજકીય હેતુથી પ્રેરિત હોવાનો કેટલાક ક્ષત્રિય આગેવાનો દ્વારા આક્ષેપ કરાયો છે. આ ઘટનાને લઈને રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં તણાવનું વાતાવરણ છે, અને પોલીસે કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી છે.

ક્ષત્રિય સમાજના આગેવાનો અને કાર્યકરો હવે આ ધરપકડ સામે વિરોધની રણનીતિ ઘડવા માટે બેઠકો યોજી રહ્યા છે. સાથે જ, કેટલાક આગેવાનોએ આ મામલે કાનૂની લડત આપવાની જાહેરાત કરી છે. આ ઘટના ગુજરાતના સામાજિક અને રાજકીય પરિદૃશ્ય પર લાંબા ગાળાની અસર કરી શકે છે.

### રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડી ફેક્ટરી એક્ટમાં મહત્વનો સુધારો કર્યો

# હવે કામદારોએ નવ નહીં પરંતું ૧૨-૧૨ કલાક કામ કરવું પડશે

## મહિલાઓને પણ રાત્રિના સમયે કામ કરવાની મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ફેક્ટરી એક્ટમાં સુધારા કરવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ઘણાં લાંબા કેટલાય સમયથી ચર્ચા ચાલતી હતી કે, મહિલાઓને રાત્રિના સમયે નોકરી કરવાની છૂટ મળશે. જોકે હવે આ મામલે ગુજરાત સરકારે કામદારો માટે અને નવી રોજગારીની તકો ઉભી કરવાના આશયથી કામના કલાકોમાં વધારો કર્યો છે, એટલું જ નહીં મહિલાઓને રાત્રિના સમયે પણ કામ કરવાની મંજૂરી આપી છે. આ અંગે સરકાર દ્વારા રાજ્યના ફેક્ટરી કાયદામાં સુધારો કરવા માટે એક વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે, જેને વિધાનસભાના આગામી સત્રમાં કાયદાનું સ્વરૂપ અપાશે.

રાજ્ય સરકાર દ્વારા ફેકટરી એક્ટ સુધારો કરવા માટે એક વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ પ્રસિદ્ધ કરાયેલા વટહુકમ મુજબ કામદારોના કામના કલાકોને ૯ કલાકથી વધારીને ૧૨ કલાકના કરવામાં આવ્યા છે. નોકરીમાં નવ કલાક મુજબ સપ્તાહમાં કામના મહત્તમ ૪૮ કલાક છે. જે કિસ્સામાં કામદારો ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરે છે ત્યાં છ કલાક સતત કામ કર્યા પછી તેમને ૩૦ મિનિટનો વિરામ આપવો પણ ફરજિયાત છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ફેક્ટરી એક્ટની જોગવાઈમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. જેમાં એક મહત્વપૂર્ણ ફેરફારમાં કેટલીક કડક સલામતી માર્ગદર્શિકાઓને આધીન રાજ્ય સરકાર હવે મહિલાઓને વાણિજ્યિક સંસ્થાઓમાં ચોવીસ કલાક કામ કરવાની પરવાનગી આપવામાં આવશે. રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના સૂત્રો દ્વારા જણાવાયું હતું કે, આ નવો વટહુકમ લાગુ થયા પછી જો ઉદ્યોગ ગૃહો કે ઔદ્યોગિક એકમો તમામ જરૂરી સલામતીના નિયમોનું પાલન કરે તો સંમતિ આપતી મહિલાઓ રાત્રિ શિફ્ટમાં કામ કરી શકે છે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા સુધારા મુજબ ફેક્ટરીઓના માલિકો કે ઉદ્યોગ ગૃહો અને ઔદ્યોગિક એકમોને એક ક્વાર્ટરમાં ૭૫ કલાકને બદલે ૧૨૫ કલાકનો ઓવરટાઈમ આપવાની પણ મંજૂરી આપવામાં આવી છે. કર્મચારીઓને તેમના કામના ઓવરટાઈમ કલાકો માટે બમણા પગાર ચૂકવવા માટે પાત્ર રહેશે. રાજ્ય સરકારના આ વટહુકમ સાથે કર્મચારીઓ હવે ચાર દિવસ માટે ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરી શકે છે, જેનાથી ઉદ્યોગ ગૃહોને તેમની જરૂરિયાત મુજબ ફ્લેક્સીબલ શિફ્ટ સમય અપનાવવાની મંજૂરી મળે છે. ગેઝેટ નોટિફિકેશનમાં જણાવાયું છે કે, ફેક્ટરી (ગુજરાત સુધારો) વટહુકમ ૨૦૨૫ બહાર પાડવામાં આવ્યો છે. કારણ કે, રાજ્ય સરકાર આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રાષ્ટ્રીય મહત્વના રોકાણને આકર્ષવા અને રોજગારી પેદા કરવા માટે ફેક્ટરીઓને છૂટછાટ આપવા માંગે છે.

### સુરતમાં તંત્ર સર્જિત ખાડીપૂર માટે ખાડી ઉપરનાં દબાણો અને ખાડીઓનાં જૂનાં વહેણ પૂરી દેવાની કામગીરી જવાબદાર હોવાનો સિંચાઇ વિભાગનો સૂર

# ખાડીપૂરનું સંકટ નિવારવા હાઈપાવર કમિટી બનાવવા નિર્ણય

## કેન્દ્રીય મંત્રી સી.આર.પાટિલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠકમાં સિંચાઇ વિભાગ, મહાનગર પાલિકા, મેટ્રોરેલ, હાઇવે ઓથોરિટી, જીપીસીબીનાં અધિકારીઓનાં સૂચનો મેળવાયાં

સુરત, તા.૫

વહિવટીતંત્ર સર્જિત ખાડીપૂરનું સંકટ ટાળવા માટે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં મંત્રીઓ, ધારાસભ્યો તેમજ વિવિધ સરકારી વિભાગોનાં અધિકારીઓ વચ્ચે ત્રણ કલાક સુધી મનોમંથન કરવામાં આવ્યાં બાદ હાઇપાવર કમિટીનું ગઠન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શહેર ફરતેનાં વિસ્તારોમાં જળાશયો બનાવવા તેમજ વિવિધ ખાડીને ડાયવર્ટ કરવાનાં સુચનો કરવામાં આવ્યાં હતાં. ૯૦ મીટરનાં આઉટર રિંગરોડની પેરેલલ સ્ટોર્મલાઈન નાંખીને ખાડીઓનાં પાણી શહેર બહારથી જ ડાયવર્ટ કરવાનું સુચન મહાનગર પાલિકા તરફથી આપવામાં આવ્યું હતું. બીજીતરફ સિંચાઈ વિભાગનાં અધિકારીએ આપેલાં પ્રેઝન્ટેશનમાં પાણીનાં વહેણ પૂરી દેવાયાં હોવાનો તેમજ ખાડીઓની આસપાસનાં વરાછા, સરથાણા, લિંબાયત સહિતનાં વિસ્તારમાં દબાણો હોવાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને મંદિર સહિતનાં દબાણો પણ ફોટો પ્રેઝન્ટેશનમાં બતાવ્યાં હતાં. મીટિંગમાં ટૂંકાગાળાનાં પગલાં તરીકે ખાડીઓમાં ડ્રેજિંગ, ખાડી પરનાં દબાણો દૂર કરવા અને ખાડીની નિયમિત સફાઈ કરવી તેમજ લાંબાગાળાનાં પગલાં તરીકે ખાડીને શહેર બહારથી જ ડાયવર્ટ કરવાનું સૂચન કરાયું હતું.

> **ટૂંકાગાળાનાં પગલાં: ખાડીઓમાં ડ્રેજિંગ, ખાડી પરનાં દબાણો દૂર કરવા અને ખાડીની નિયમિત સફાઈ**
> **લાંબાગાળાનાં પગલાં: ખાડીને શહેર બહારથી જ ડાયવર્ટ કરવી**

કેન્દ્રીય મંત્રી સીઆર પાટિલની અધ્યક્ષતામાં મળેલી હાઈલેવલ મીટિંગમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુકેશ પટેલ તેમજ ધારાસભ્યો સંદિપ દેસાઇ, પૂર્ણેશ મોદી સહિતનાં નેતાઓ અને વિવિધ સરકારી વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સિંચાઈ વિભાગનાં અધિકારીએ સણિયા હેમાદ વિસ્તારમાં ત્રણથી ચાર જળાશયો બનાવવાનું સુચન કર્યું હતું અને કુંભારિયાવિસ્તારમાં ખાડી ઉપર બંધાયેલાં મંદિર, મિલેનિયમ-૪ માર્કેટનાં દબાણો સહિત અન્ય દબાણોનો મુદ્દો પ્રસ્તુત કરીને ખાડી કેટલાક સ્થળે સાંકડી થઇ ગઇ હોવાથી ખાડીપૂર આવતું હોવાનું જણાવ્યું હતું. બારડોલી તાલુકાના હરિપુરા ખાતે ઉદ્દભવતી ભામૈયા કડોદરા ખાડી અને શામપુરા ખાતેથી ઉદ્દભવતી દેલાડ જોખા કોસમાડી ખાડીના પાણી સુરત શહેરમાં આવે છે. આ ખાડીઓની ક્ષમતા ઓછી થવાના કારણે, ડ્રેનેજની જગ્યામાં બાંધકામ થવાથી, વિવિધ સોસાયટીઓની કમ્પાઉન્ડ વોલ કે પાણીના વહેણ અવરોધવાના કારણે પાણીનો ભરાવો થાય છે. જેના ઉકેલ માટે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ખાડીઓના પાણી ડાયવર્ટ કરી, તાપીમાં લઈ જવા ઉપરાંત ખાડીઓના પટ વિસ્તારમાં આવતા તળાવો ઉંડા કરવા સહિતની બાબતોને ધ્યાને લઈને સર્વે, આયોજન અંગે પદાધિકારી-અધિકારીઓની સાથે મંત્રીએ ચર્ચા કરી હતી. કેન્દ્રીય મંત્રીએ જ્યાં ખાડીની પહોળાઈ ઓછી થઈ હોય, ઉપરાંત સર્વે કરી સિંચાઈ અને ડ્રેનેજ વિભાગ, મીઠી ખાડી અને કાકરા ખાડીનું ડીસિલ્ટીગ કરવા જણાવી, ખાડીને અડીને આવેલા હયાત બાંધકામોનો સર્વે કરાવી, વરસાદી પાણીના નિકાલ માટે નડતરરૂપ બાંધકામો દૂર કરવા મહાનગરપાલિકાને સૂચના આપી હતી.





### ઝીંગાતળાવો તોડવામાં ઈરાદાપૂર્વક વિલંબ કરનાર સિંચાઈ વિભાગનાં અધિકારીને સી.આર.પાટિલે ખખડાવી નાખ્યાં

સુરત શહેર અને ફરતેનાં વિસ્તારોમાં દર વર્ષે ખાડીપૂરનું સંકટ તોળાય છે તેનાં ઘણાં કારણો પૈકીનું એક કારણ ઝીંગાતળાવો પણ છે. કલેક્ટરાલય, સિંચાઈ વિભાગનાં અધિકારીઓનાં આશીર્વાદને કારણે સેંકડો ઝીંગાતળાવો ધમધમી રહ્યાં છે. તાજેતરમાં જ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટિલે જુદા જુદા વિભાગોની બેઠક બોલાવીને તાત્કાલિક ગેરકાયદે ઝીંગાતળાવો તોડી પાડવાનો આદેશ આપ્યો હતો પરંતુ તેમનાં આદેશને પણ સિંચાઈ વિભાગનાં અધિકારીઓ ઘોળીને પી ગયાં છે. સિંચાઈ વિભાગનાં અધિકારીએ મહાનગર પાલિકા સાથે પત્રવ્યવહાર કરીને મશીનરી માંગી હતી જેનો મનપાએ ઈન્કાર કરી દીધો હતો. આજની મીટિંગમાં કેન્દ્રીય મંત્રીએ સિંચાઈ વિભાગનાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર પેથાણીને ખખડાવી નાંખ્યાં હતાં અને બે દિવસમાં ઝીંગાતળાવો તોડવાનું કહ્યું હતું તેમ છતાં કેમ તોડ્યાં નથી તેનો ખુલાસો પૂછ્યો હતો. પેથાણીએ મનપાને પત્ર લખ્યો હોવાનું કહેતાં જ મંત્રીએ તતડાવી નાંખતાં કહ્યું કે, પત્ર લખવાને બદલે રૂબરૂ મુલાકાત લઈને કામ કર્યું હોત તો ઝડપથી થયું હોત, પત્ર લખવાની કામગીરી તો ટાઈમ પાસ કરવાની દાનત હોય તેમ લાગે છે.

### મેટ્રોરેલનાં અધિકારીઓને સી.આર.પાટિલ અને હર્ષ સંઘવીએ આડેહાથ લીધાં

શહેરમાં મેટ્રોરેલનું કામકાજ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે અને મનફાવે તેમ બેરિકેડ લગાવીને વાહનચાલકોને તો મુશ્કેલી ઉભી કરવામાં આવી જ છે પરંતુ બેરિકેડિંગને લીધે વરસાદી પાણીનો ભરાવો થતો હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. કેન્દ્રીય મંત્રી સી.આર.પાટિલે આજે મેટ્રોરેલનાં અધિકારીઓને આડેહાથ લીધાં હતાં. રસ્તાની એકતરફનાં દુકાનદારોને વળતર આપવામાં આવે છે અને બીજીતરફનાં દુકાનદારોને વળતરરૂપે ભાડું નથી ચૂકવાતું તે નહીં ચાલે તેમ મંત્રીએ જણાવ્યું હતું. તો ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બેરિકેડિંગ બાબતે મેટ્રોરેલનાં અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દીધું હતું કે, જ્યારે જરૂર હોય ત્યારે જ બેરિકેડિંગ કરો, બે-ચાર મહિના પહેલાથી બેરિકેડિંગ કરી દેવાથી વાહનચાલકો ત્રાસી જાય છે. બેરિકેડિંગને કારણે પાણીનો ભરાવો થતો હોવાથી વેપારીઓનો ધંધો બંધ થઈ જતો હોવાનો મુદ્દો ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ ઉઠાવ્યો હતો.

### ખરાબ રસ્તા બાબતે મહાનગરપાલિકા કમિશનરને પણ સુચના અપાઇ

પહેલાં ચોમાસામાં જ શહેરભરનાં રસ્તાઓ બિસ્માર બની ગયાં હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. કોન્ટ્રાક્ટરો અને મહાનગર પાલિકાનાં અધિકારીઓની મિલિભગતને કારણે જ રસ્તાની ગુણવત્તા બગડી ગઇ હોવાથી રસ્તાઓ તૂટી ગયાં છે. આજની ઉચ્ચસ્તરીય બેઠકમાં બિસ્માર રસ્તાઓનો મુદ્દો પણ ઉઠતાં મંત્રીએ મહાનગર પાલિકાનાં કમિશનરને શહેરનાં તમામ વિસ્તારોનાં રસ્તાઓ તાકિદે રીપેર કરવાની સુચના આપી હતી.

### કડોદરાનાં સીઈટીપી બાબતે જીપીસીબીનાં અધિકારીને ખખડાવ્યાં

સુરતમાં આવતી ખાડીઓમાં ગંદા પાણી ઠલવાતાં હોવાનું સિંચાઈ વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું હતું. કડોદરા ખાતે આવેલાં પીએપીએલ નામનાં ઉદ્યોગોનાં સીઈટીપીમાંથી નીકળતું પાણી ગંદુ, કેમિકલ યુક્ત કાળા રંગનું હોય છે જે ખાડીનાં પાણીને પણ દુષિત કરે છે.

સિંચાઈ વિભાગનાં અધિકારીની કેફિયત સાંભળતા જ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટિલે તુર્ત જ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારી જીજ્ઞાસા ઓઝાને ટકોર કરી હતી. જીજ્ઞાસા ઓઝાએ પોતાનો બચાવ કરતાં કહ્યું હતું કે, સીઈટીપીમાંથી છોડાતાં પાણીનાં સેમ્પલો સમયાંતરે લેવામાં આવે છે પરંતુ કેન્દ્રીય મંત્રીએ અધિકારીને ખખડાવી નાંખતાં કહ્યું હતું કે, જો સમયાંતરે સેમ્પલો લેવામાં આવતાં હોય તો સિંચાઈ વિભાગ કહે છે તેવું કાળા રંગનું ગંદુ પાણી ખાડીમાં કેવી રીતે જાય છે. સેમ્પલિંગ કરીને ખોટું થતું હોય તો કંપની સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે કેન્દ્રીય મંત્રીએ કડક શબ્દોમાં જીજ્ઞાસા ઓઝાને તાકિદ કરી હતી.

## શું ૩૫ વર્ષથી લાલુ યાદવ અને નીતિશ કુમારનું બિહાર પ્રશાંત કિશોર માટે બદલાશે?

૧ જુલાઈ, ૨૦૨૫. બિહારના સિવાન જિલ્લાનો મૈરવાન બ્લોક. ભીના તાપ વચ્ચે દિવસ પૂરો થવાનો છે. મુખ્ય રસ્તા પર વિવિધ સ્થળોએ ઉભેલા લોકો કહી રહ્યા છે કે તેઓ બિહાર કેવી રીતે બદલાશે તે સાંભળવા આવ્યા છે. આ દરમિયાન, જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર (પીકે) ફૂલોથી ભરેલા વાહન પર ઉભા રહીને ધીમે ધીમે આગળ વધતા કાફલામાં લોકોનું સ્વાગત કરતા જોવા મળે છે. સફેદ કુર્તા-પાયજામા પહેરેલા, ખભા પર લાલ કિનારીવાળો પીળો ટુવાલ પહેરેલા, પરસેવાથી લથપથ પ્રશાંત, વારંવાર લોકોને સભા સ્થળ તરફ આગળ વધવા માટે વિનંતી કરી રહ્યા છે. જોકે, લોકોની બેચેની કાફલાની ગતિ ધીમી કરી રહી છે. આ સંઘર્ષ સાથે, પીકે સ્ટેજ પર પહોંચ્યા, જ્યાં બધી ઉંમરના પુરુષો અને સ્ત્રીઓની ભીડ એકઠી થઈ ગઈ હતી.

સ્ટેજ પર પહોંચતાની સાથે જ તેમણે લોકોને જય બિહારના નારા લગાવ્યા. જવાબમાં, લોકોના અવાજો સાંભળીને તેમણે શુદ્ધ ભોજપુરીમાં કહ્યું, ‘‘નેતાઓએ એટલું બધું લોહી ચૂસી લીધું છે કે હું એક શબ્દ પણ કેવી રીતે બોલી શકું.’’ પછી તેમણે પોતાનો પરિચય આપ્યો, ‘‘હું પ્રશાંત કિશોર છું.’’ આ પછી, પીકેએ ત્રણ વર્ષ પહેલાં બધું છોડીને બિહારના ગામડાઓ અને ગલીઓમાં ભટકવાનું કારણ જણાવ્યું. હિન્દી અને ભોજપુરી મિશ્ર સંબોધનમાં, પીકેએ કહ્યું, ‘‘ત્રણ વર્ષ પહેલાં અમને સમજાયું કે જ્યારે નેતા જીતે છે ત્યારે લોકોનું જીવન બદલાતું નથી. વિજેતા જાય છે, પરંતુ તમે અને તમારા બાળકો જ્યાં હતા ત્યાં જ રહે છે. તેથી મેં વિચાર્યું, નેતાને સલાહ આપીને, તેનું જીવન બદલાઈ ગયું, હવે મારે બિહારના લોકોને સલાહ આપીને તેમનું જીવન બદલવામાં મદદ કરવી જોઈએ. હું આ પ્રયાસમાં તમારી સામે છું.’’

પ્રશાંત કિશોર હાલમાં તેમની બિહાર બદલાવ યાત્રા પર છે. ઓક્ટોબર-નવેમ્બરમાં બિહારમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, તેઓ તેમની યાત્રા દરમિયાન રાજ્યભરના લોકોને મળી રહ્યા છે. પીકે તેમને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે બિહારની સ્થિતિ કેવી રીતે સુધારી શકાય. બે વર્ષ પહેલાં પણ પ્રશાંત કિશોરે ૧૭ જિલ્લાના ૫૫૦૦ ગામોમાં ૫૦૦૦ કિમી લાંબી જન સૂરજ પદયાત્રા કરી હતી. ૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ, જન સૂરજ અભિયાન જન સૂરજ પાર્ટી બન્યું જે આ વિધાનસભા ચૂંટણીમાં ભાગ લેવાની તૈયારી કરી રહ્યું છે. ભારતીય રાજકારણમાં અત્યાર સુધી સલાહકારની ભૂમિકા ભજવતા પ્રશાંત કિશોર હવે પોતે મેદાનમાં ઉતરી ગયા છે અને રાજકારણમાં ઝંપલાવી દીધું છે.

પ્રશાંતે બાળકો પ્રત્યેની ચિંતા માટે આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવની પ્રશંસા કરી, તેમનું ઉદાહરણ આપ્યું. પીકેએ કહ્યું, ‘‘હવે પણ તે પોતાના નવમા ધોરણમાં નાપાસ થયેલા પુત્રને રાજા બનાવવા માંગે છે. આ જ તેમના બાળકો પ્રત્યેની તેમની વાસ્તવિક ચિંતા છે. તમારે ક્યારેક તમારા બાળકોને રાજા બનાવવાની ચિંતા કરવી જોઈએ.’’

પ્રશાંત કિશોરે ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને દર મહિને બે હજાર રૂપિયા માનદ વેતન આપવાનું પણ વચન આપ્યું છે. જોકે, તેમનું મુખ્ય ધ્યાન બિહારના શિક્ષણ પર છે. તેઓ લોકોને કહે છે, ‘‘જ્યાં સુધી સરકારી શાળાઓની સ્થિતિ સુધરતી નથી, ત્યાં સુધી તમારા ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ખાનગી અંગ્રેજી શાળાઓમાં મોકલો, ખર્ચ સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે.’’

પ્રશાંત કિશોરની સભાઓમાં ભીડ ઉમટી રહી છે. ચૂંટણી રણનીતિકાર તરીકે તેમણે મેળવેલો અનુભવ તેમના માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. તેમણે ક્રાઉડ ફંડિંગ દ્વારા ચૂંટણી લડવા માટે ભંડોળની વ્યવસ્થા કરવાની પણ જાહેરાત કરી છે. લાંબા સમયથી જાતિ અને ધર્મની લડાઈમાં વિભાજિત સમાજ તેમના પર વિશ્વાસ કરે કે ન કરે, બિહારમાં દ્વદ્ધછ અને મહાગઠબંધન વચ્ચેની લડાઈ સામે તેમણે ચોક્કસપણે એક વિકલ્પ રજૂ કર્યો છે.

- તંત્રી

# એક દવા જે શરબત બની ગઈ!!

## તેના ચાહકો ફક્ત ભારતમાં જ નહીં, પાકિસ્તાનમાં પણ છે!!



પેનોરમા

દીપક આશર

એક એવી ઔષધિ જે ૧૧૮ વર્ષ પહેલાં દિલ્હીની એક નાની ફાર્મસીમાં બનાવવામાં આવી હતી. એવું સમજી લેજો, સંબંધોનું સ્વરૂપ જ નહીં, દવાઓ પણ બદલાય છે. તેથી આ દવા શરબત બની ગઈ! અને એક એવું શરબત જેના ચાહકો ભારત અને પાકિસ્તાન બંનેમાં છે. એવું કહેવાય છે કે ગરમીની સીઝનમાં છોકરાઓ આ શરબતને એન્જિનમાં રેડતા હતા, જેથી વાહન વધુ ગરમ ન થાય. આ લાલ પાણીની કહાની શું છે જે દવામાંથી શરબતમાં ફેરવાઈ ગઈ?

૧૯૦૭નો ઉનાળો હતો. તે દિવસોમાં દિલ્હીમાં ભારે ગરમીનો સામનો કરવો પડી રહ્યો હતો. એવી ગરમી કે શર્ટને નિચોવવામાં આવે તો અડધો લિટર પાણી નીકળે! લોકો પરેશાન હતા. પરિણામે, ડિહાઈડ્રેશન, ઉલટી, ઝાડા જેવી વિવિધ સમસ્યાઓથી પીડાતા લોકો વૈદ્ય અને હકીમ પાસે જતા હતા. દિલ્હીના લાલ કુઆન બજારમાં એક નાનું દવાખાનું હતું - હમદર્દ દવાખાના. અહીં એક યુનાની હકીમ બેસતા હતા. તેમનું નામ હાફીઝ અબ્દુલ મજીદ હતું. લોકો તેમની પાસે ફરિયાદો લઈને આવતા હતા.

પરિસ્થિતિ જોઈને, હકીમ હાફીઝ અબ્દુલ મજીદને એક વિચાર આવ્યો. આ વિચાર શું હતો? ખરેખર, આ બધી બીમારીઓને કારણે, લોકો ડિહાઈડ્રેશનથી પીડાતા હતા. આ સમસ્યા સામાન્ય બની ગઈ હતી. હકીમ હાફીઝે વિચાર્યું કે શા માટે એક એવી ઔષધિ ન બનાવીએ જે પાણી સાથે શરીરને જરૂરી પોષણ પૂરું પાડી શકે - કંઈક ઓલ-ઈન-વન પ્રકારનું! તેમણે એક મોટી કઢાઈમાં ઘણા ફળો, જડીબુટ્ટીઓ, ફૂલો અને મસાલા ભેળવીને ચાસણી તૈયાર કરી. તેમાં નારંગી, તરબૂચ, અનાનસ અને સફરજન જેવા ફળો ઉમેરવામાં આવ્યા. આ ઉપરાંત કેવડા, ધાણા, ખસખસ, ગુલાબ અને કમળના ફૂલોનો અર્ક પણ ઉમેરવામાં આવ્યો. તૈયાર કર્યા પછી, તે ઘેરા લાલ રંગ જેવું દેખાતું હતું! હવે જે કોઈ પણ હકીમ મજીદ પાસે પોતાની ફરિયાદ લઈને આવતો, તે તેમને આ ચાસણી પાણીમાં પીવાનું કહેતા હતા.

પછી ગ્રાહકો તેને કાચની બોટલો અથવા વાસણોમાં લઈ જતા હતા. સમાચાર ફેલાઈ ગયા કે હકીમજી કોઈ રામબાણ ઔષધિનું વિતરણ કરી રહ્યા છે. ખરીદદારોનો ધસારો હતો. તે એક દવા હતી, પરંતુ લોકો તેના માટે પાગલ હતા. ખરીદી અને વેચાણની પ્રક્રિયા વધી ગઈ. અને એક વર્ષમાં તે એટલું પ્રખ્યાત થઈ ગયું કે તેને ઔપચારિક નામ આપવાની જરૂર પડી. હકીમ મજીદે તેનું નામ ‘રુહ અફઝા’ (જેનો અર્થ આત્માને તાજગી આપનારું) રાખ્યું હતું.

હવે તે દરેકનું પ્રિય પીણું બની એટલે હકીમ મજીદે તેને બજારમાં લોન્ચ કરવાનું નક્કી કર્યું. તે જૂની દિલ્હીના હૌઝ કાઝી વિસ્તારમાં એક પ્રિન્ટર પાસે ગયાં અને એક લેબલ ડિઝાઈન કરાવ્યું. તેના પર રૂહ અફઝા શબ્દ ત્રણ ભાષાઓ - હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂ લખાયેલો હતો . આજે પણ, પેકેજિંગ બદલાયું નથી. અત્યાર સુધીમાં તેમનો આખો પરિવાર તેમની સાથે જોડાઈ ગયો હતો - તેમની પત્ની રાબિયા બેગમ, મોટો પુત્ર અબ્દુલ હમીદ અને નાનો પુત્ર મોહમ્મદ સઈદ. ઉત્પાદન હકીમ મજીદની દેખરેખ હેઠળ શરૂ થયું. બજાર કબજે થઈ ગયું હતું. પરંતુ હકીમ મજીદનું ૧૯૨૨માં અવસાન થયું. હવે બાગડોર સંપૂર્ણપણે તેમના પુત્રોના હાથમાં હતી.

નાનો પુત્ર મોહમ્મદ સઈદ મુસ્લિમ લીગથી પ્રેરિત હતો, જે એક અલગ મુસ્લિમ દેશ, પાકિસ્તાનની હિમાયત કરી રહી હતી. ભાગલા પછી, ૧૯૪૮માં તેઓ પાકિસ્તાન ગયા. તેમની પાસે રૂહ અફઝાની રેસીપી હતી, જેના કારણે તેમણે કરાચીમાં તેનું ઉત્પાદન શરૂ કર્યું. અહીં ભારતમાં મોટો પુત્ર અબ્દુલ હમીદ મૂળ કંપનીની સંભાળ રાખી રહ્યો હતો.

પાકિસ્તાનમાં આ બ્રાન્ડને ફરીથી સ્થાપિત કરવી થોડી પડકારજનક હતી. ત્યાં કેવડાના મર્યાદિત ઉત્પાદન હતા, તેથી ચાસણીમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા. ઉદાહરણ તરીકે, કેવડાને બદલે, ગુલ-એ-બહાર (વસંત ગુલાબ) અને તુરાંજ (સીટ્રોન) ફળના ફૂલોનો ઉપયોગ કરવામાં આવતો હતો. ધીમે ધીમે, તેણે પોતાની છાપ છોડી દીધી હતી. હકીમ સઈદ જાહેરાતની શક્તિ જાણતા હતા. તેઓ જાણતા હતા કે જો કોઈ વસ્તુ આદત બને, તો લોકો તેને જીવનભર પોતાની સાથે રાખે છે. આવું ઘણી અન્ય બ્રાન્ડ્સ સાથે પણ બન્યું છે.

**૧૯૮૯માં સોવિયેત સંઘે અફઘાનિસ્તાન પર હુમલો કર્યો ત્યારે પેશાવરમાં ઘણાં શરણાર્થી માટેની રાહત સામગ્રીમાં રૂહ અફઝાની બોટલો પણ હતી**

રૂહ અફઝાએ ભાગલા, લાઈસન્સ રાજ અને ફિઝી ડ્રિંક્સનો યુગ જોયો, પરંતુ આ બધા છતાં, તેનો ક્રેઝ હજુ પણ અકબંધ છે. રૂહ અફઝા સંબંધિત એક રસપ્રદ કહાની પણ છે. ખરેખર, ૧૯૮૯માં સોવિયેત સંઘે અફઘાનિસ્તાન પર હુમલો કર્યો ત્યારે પેશાવરમાં ઘણા શરણાર્થી કેમ્પ બનાવવામાં આવ્યા હતા. રાહત સામગ્રીમાં રૂહ અફઝાની બોટલો પણ મોકલવામાં આવી હતી. વપરાશ જોઈને પ્રશ્ન ઊભો થયો કે કેમ્પમાં દરરોજ આટલી બધી બોટલોનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે? તપાસમાં જાણવા મળ્યું કે અફઘાન લોકો પાસે રૂહ અફઝા પીવાની પોતાની અનોખી રીત હતી - તેઓ બોટલનું ઢાંકણ ખોલીને પાણી ઉમેર્યા વિના સીધું શરબત પીતા હતા.

રિપોર્ટમાં બીજી એક ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવ્યું હતું કે ૧૯૮૯ના સમયગાળા દરમિયાન, સરહદની આસપાસના વિસ્તારોમાં અને પંજાબના ઘણા ભાગોમાં, જ્યારે કારનું એન્જિન વધુ ગરમ થઈ જતું હતું, ત્યારે લોકો તેને ઠંડુ કરવા માટે રૂહ અફઝા રેડતા હતા. રૂહ અફઝા પ્લાન્ટમાં ઘણા કામદારો તેને રોટલીમાં નાખીને ખાતા હતા. કરાચી-લાહોરની શેરીઓ હોય કે જૂની દિલ્હીની ગલીઓ, દરેક જગ્યાએ તમને શરબત-એ-મોહબ્બત, લસ્સી કે ફાલુદા-કુલ્ફીથી શણગારેલો રૂહ અફઝા જોવા મળશે. દાયકાઓથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો બગડ્યા હોવા છતાં, બંને દેશો આ પીણાના ભૂતકાળને આજે પણ શેર કરે છે.







# મહારાષ્ટ્રમાં ભાષાનો વિવાદ

## મહામરાઠી અસ્મિતાની લડાઈ કે વિભાજનનું રાજકારણ?

**મહારાષ્ટ્રમાં હિંદી ભાષા વિવાદના પડઘા હજુ તો શમ્યા નથી ત્યાં ફરી આ આક્રોશની ચિનગારીએ આગ પકડી**



પ્રવર્તમાન

હિમાદ્રી આચાર્ય દવે

ભાષા એ માત્ર શબ્દોનો સમૂહ નથી, એ એક સંસ્કૃતિનું હૃદય છે, ઓળખનું ગૌરવ છે. પરંતુ જ્યારે આ જ ભાષા રાજકારણના રણમેદાનમાં શસ્ત્ર બની જાય ત્યારે તે એકતાના ગીતને બદલે વૈમનસ્યની આગ ભડકાવે છે, વિભાજનનું કારણ બની શકે છે.

મહારાષ્ટ્રમાં તાજેતરનો ભાષાકીય વિવાદ, જેમાં શાળાઓમાં હિન્દીને ફરજિયાત કરવાની નીતિ વિરુદ્ધ શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ આક્રમક વલણ અપનાવ્યું, એ આ વાતનું જીવંત ઉદાહરણ છે. મહારાષ્ટ્રમાં ખાસ કરીને તાજેતરનો હિન્દીને શાળાઓમાં ફરજિયાત કરવાનાં પ્રસ્તાવનો વિરોધ, એક જટિલ રાજકીય અને સામાજિક મુદ્દો છે. આ વિવાદના મૂળમાં ભાષાકીય અસ્મિતા તેમજ પ્રાદેશિક ગૌરવની આડમાં રાજકીય એજન્ડા ગૂંથાયેલા છે. આ વિવાદના તાણાવાણામાં ભૂતકાળના પડઘા, વર્તમાનની ઉગ્રતા, અને ભવિષ્યની આશંકાઓ ગુંજે છે. આ વિવાદે માત્ર મરાઠી ભાષાના ગૌરવનો પ્રશ્ન ઉભો કર્યો નથી, પરંતુ ભૂતકાળના ભેદભાવના બીજને પણ ફરીથી ઉજાગર કર્યા છે.

વિવાદનો ઉદય: હિન્દીનો વિવાદાસ્પદ પ્રવેશ

૨૦૨૫ના પ્રારંભે, મહારાષ્ટ્ર સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના ત્રણ ભાષા ફોર્મ્યુલા હેઠળ ધોરણ ૧થી ૫ સુધી હિન્દીને ફરજિયાત વિષય તરીકે લાગુ કરવાનો આદેશ જારી કર્યો. આ નિર્ણયથી મરાઠી અસ્મિતાના ઘડે ઘા લાગ્યો, જાણે કોઈએ મહારાષ્ટ્રના હૃદયમાં પર ઘા કર્યો હોય એમ, શિવસેના નેતા ઉદ્ધવ ઠાકરે અને એમએનએસના રાજ ઠાકરે રસ્તા પર ઉતરી આવ્યા. ઉદ્ધવનો સૂર નરમ હતો: ‘મરાઠીનું અપમાન સહન નહીં કરી લેવાય!’ પણ રાજ ઠાકરેએ તો જાણે રણશીંગુ ફુક્યું કે ‘શાળાઓ હિન્દી ન શીખવે, દુકાનો હિન્દી પુસ્તકો ન વેચે!’

આ ઉગ્ર દબાણે ૨૯ જૂન, ૨૦૨૫ના રોજ સરકારને નીતિ પાછી ખેંચવા ફરજ પાડી. સરકારની પીછેહઠને રાજ ઠાકરેએ ‘મરાઠી માનુષની એકતાની વિજયગાથા’ ગણાવી, અને ૫ જુલાઈએ મુંબઈમાં ‘મરાઠી વિજય દિવસ’ રેલીની જાહેરાત કરી છે જે મંચ પર ઉદ્ધવ ઠાકરે જોડાશે અને લગભગ, બે દાયકામાં પ્રથમ વખત ઠાકરે પરિવારના આ બે સૂરમાઓ એકસાથે દેખાશે. આ પુનર્મિલન માત્ર ભાષાકીય ગૌરવની લડાઈ નથી, પણ આગામી મ્ઝ્ઝ ચૂંટણીઓ માટે રાજકીય ગઠબંધનનો પડઘો પણ હોઈ શકે છે, જે ભાજપની રણનીતિને પડકારે છે

મહારાષ્ટ્રમાં હિંદી ભાષા વિવાદના પડઘા હજુ તો શમ્યા નહોતા ત્યાં ફરી આ આક્રોશની ચિનગારીએ આગ પકડી. મુંબઈના મીરા રોડમાં એક મારવાડી વેપારી, બાબુલાલ ખીમજી ચૌધરી, મરાઠી ન બોલવાના ‘ગુના!’માં એમએનએસના કાર્યકર્તાઓના ગુસ્સાનો ભોગ બન્યા. એક વાયરલ વીડિયોમાં બાબુલાલે કહ્યું કે, ‘મહારાષ્ટ્રમાં બધી ભાષાઓ બોલાય છે!’ એ સાથે જ તેની ધોલાઈ થતી નજરે આવે છે. અંધેરીના ડી-માર્ટમાં એક કર્મચારીને પણ આ કારણે જ ઉપરોક્ત પક્ષના કાર્યકરો દ્વારા માર પડ્યો. આ હિંસાના કારણે મીરા-ભાયંદરના વેપારીઓનો રોષ ભભૂકી ઉઠ્યો દુકાનોના શટર બંધ કરી દેવામાં આવ્યા!

વિવાદનું મૂળ: આ સંઘર્ષના મૂળમાં મરાઠી અસ્મિતાનો ધખધખતો અગ્નિ રહેલો છે. મુંબઈ, જે વૈવિધ્યનું વિશ્વનગર છે, ત્યાં ગુજરાતી, મારવાડી, દક્ષિણ ભારતીય, અને ઉત્તર ભારતીય સમુદાયોનું સહઅસ્તિત્વ ખીલે છે. પરંતુ શિવસેના અને એમએનએસે હિન્દીને ‘બહારની ભાષા’ તરીકે નિશાન બનાવી, મરાઠીભાષાને મહારાષ્ટ્રનો ગૌરવ ધ્વજ બનાવી દીધી! રાજ ઠાકરેનો ઉદ્ગાર, ‘મરાઠીનું અપમાન સહન નહીં,’જાણે કોઈ ઐતિહાસિક વલણને ફરી જગાડવામાં આવતું હોય એમ અત્યારે તો કાર્યકર્તાઓમાં ઝનૂન છે.

ભાજપ અને મહારાષ્ટ્ર: ભૂતકાળથી લઈને હજુ ૨૦૧૯ સુધી ભારતીય જનતા પાર્ટીએ શિવસેનાના ‘મરાઠી માનુષ’ એજન્ડાને પોતાના રાષ્ટ્રવાદી રથ સાથે જોડ્યો હતો. ૧૯૮૪થી ૨૦૧૯ સુધીના ગઠબંધનથી ભાજપે મુંબઈ અને થાણેના મરાઠી મતદારોનો ટેકો મેળવ્યો. ૨૦૧૯માં ગઠબંધન તૂટ્યું, તો એકનાથ શિંદેના શિવસેના જૂથ સાથે નવો સંબંધ ગૂંથાયો, જેણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓમાં ભાજપને મજબૂતી આપી. આજે, ભાજપ આ વિવાદને હિન્દુત્વના રંગે રંગે છે. ભાજપના એક નેતા નીતિષ રાણેનું કથન, ‘મરાઠી ન બોલવા બદલ હિન્દુને માર્યો, પણ મુસલમાનને મારી જુઓ!’ આ કથન હિન્દુત્વની રણનીતિનું ચિત્ર રજૂ કરે છે. આ શબ્દો ભાષાના વિવાદને ધાર્મિક રંગ આપે છે. બીજી બાજુ, ભાજપના નેતાઓ વળી એમ પણ બોલે છે કે, આ મુદ્દે હિંસાનો વિરોધ છે પણ મહારાષ્ટ્રમાં રહેવું હોય તો મરાઠી આવડવું જોઈએ. મરાઠી ગૌરવને ટેકો આપવાની આ નીતિ ભાજપની રાજકીય ચાલાકી દર્શાવે છે, જે મરાઠી મતદારોનો વિશ્વાસ જાળવી રાખે છે, સાથે હિન્દુત્વનો રાગ આલાપે છે.

છેલ્લે, બાળાસાહેબનો વારસો એક શક્તિશાળી ચેતના હતી, પરંતુ તેની આગે સૌના હૃદયોને એક કરવાને દૂર કર્યા છે ત્યારે આજે, જ્યારે શિવસેના(ઉદ્ધવ) અને એમએનએસ આ વારસાને આગળ ધપાવે છે, ત્યારે ચિંતાની વાત તો એ છે કે આ ગૌરવની લડાઈ આપણી વચ્ચેની દીવાલોને વધુ મજબુત કરશે. બીજું, મહારાષ્ટ્રમાંથી ગુજરાતી-મારવાડી-ઉત્તરભારતીય કે દક્ષીણ ભારતીયોને બાદ કરી નાખવામાં આવે તો(જે કદી શક્ય નથી) તેના વિકાસ સામે કેવડા પડકાર છે એ રાજનેતાઓ સમજે જ છે પરંતું ફક્ત વોટબેંક માટે તેનો ઉપયોગ કરે છે.

ભાષા એક શસ્ત્ર નહીં, પુલ છે, જે હૃદયોને જોડે છે, પણ મહારાષ્ટ્રમાં એ જ ભાષાના નામ પર ખાડા ખોદાઈ રહ્યાં છે. મહારાષ્ટ્રની વૈવિધ્યસભર ધરતી પર આ ઝેર પ્રસરી રહ્યું છે તેનો અટકાવ જરુરી છે. દુ:ખ તો એ પણ છે કે વાણીને મા સરસ્વતિની કૃપા માનનાર, વિશ્વને ‘વસુધૈવ કુટુંકમ’ની વિભાવના આપનારી આ ભૂમિના સંતાનોને, તેમના નેતાઓ આજે અંદરોઅંદર ભાષા નામે લડાવી રહ્યાં છે!

himadridave44@gmail.com



# સ્થાપત્યનું મૂલ્યાંકન



આર્કિટેક્ચર

હેમંત વાળા

આમ તો પીઝાનો ઢળતો મિનારો પણ સ્થાપત્યની નિષ્ફળતાનો નમૂનો છે, પણ તે જે રીતે ટકી ગયો છે તેનાથી તે સીમાચિહ્ન બની ગયો. જિંદગીનું અને સ્થાપત્યનું આ એક કડવું સત્ય છે. સ્થાપત્યની સફળતા અને નિષ્ફળતાનો માત્ર એક માપદંડ છે. સ્થાપત્યની રચના પૂર્ણ નિર્ધારિત હેતુ અનુસાર કરાય છે. આ હેતુ પાછળ કેટલીક પૂર્વધારણાઓ હોય છે, જેને આધારે અગ્રતાક્રમ નક્કી થાય છે. કોઈપણ મકાનની રચનામાં સૌથી વધારે શેનું ધ્યાન રાખવાનું, તેના પછી કઈ બાબત અગત્યની છે, ત્યારબાદ શેને પ્રાધાન્ય આપવાનું છે અને અંતે કઈ કઈ બાબતોની ગણના ગૌણ બની રહેશે - આ બધાને આધારે સ્થાપત્યનું મૂલ્યાંકન થાય.

બની શકે કે કેટલાક મકાનમાં કિંમતનું નિયંત્રણ સૌથી વધારે મહત્વનું હોય તો અન્ય કોઈક પરિસ્થિતિમાં પ્રતિકાત્મક દેખાવને મહત્વ આપવાનું હોય. મકાનની રચનામાં ક્યારેક કાર્યક્ષમતા સૌથી મહત્વની બાબત બની રહે તો ક્યારેક મકાનના વિવિધ ભાગો સાથેની સંભવિત તાદાત્મ્યતાને વધુ મહત્વ આપવું પડે. કેટલાક મકાનોમાં અનૌપચારિક બાબતો તો કેટલાક મકાનમાં ઔપચારિકતા વધારે ઇચ્છનીય હોય. મકાનની રચના નિર્ધારિત કરતા પહેલા એક અગ્રતાક્રમ નક્કી કરવો પડે. આવી ઇચ્છિત અગ્રતાવાળી બાબતોની અગ્રતા ચોક્કસ ક્રમમાં ગોઠવી તેના મહત્વ પ્રમાણે તેના ગુણાંક નક્કી કરવા પડે. પછી આ ગુણાંક સાથે મકાન ઉપયોગીતામાં આવ્યા પછીની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું પડે. અંતે નક્કી થાય કે મકાન કેટલું સફળ રહ્યું કે કેટલું નિષ્ફળ.

આવી ગણતરી એટલી સહજતાથી શક્ય નથી. આ કંઈ ગણિતનો દાખલો નથી કે જેમાં પાંચ અને પાંચ નો સરવાળો દશ થાય. સ્થાપત્યના મૂલ્યાંકનની આવી ગણતરી મહદઅંશે બિન-યથાર્થ ગણાય છે. પણ સંભાવનાઓ છે. મૂલ્યાંકન માટે ઉપયોગકર્તા વ્યક્તિસમૂહનો વૈજ્ઞાનિક ઢબે અભિપ્રાય લઈ શકાય. પરોક્ષ તથા પ્રત્યક્ષ અવલોકનથી પણ ચોક્કસ પ્રકારની માહિતી ભેગી કરી તેના આધારે નિર્ણય લઈ શકાય. માનસિક મેપિંગ - આલેખનથી પણ અમુક માહિતી એકત્રિત થઈ શકે. જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા પ્રકારના કાર્યમાં સંમિલિત કરી તેમના પ્રતિભાવ તથા પ્રતિક્રિયાઓ સમજી તેને આધારે પણ કેટલાક નિર્ણયો લઈ શકાય. અને આ બધું વૈજ્ઞાનિક ધોરણે થાય તે પણ શક્ય છે.

પ્રશ્ન એ છે કે સ્થપતિઓ પોતાના મકાનના આવા મૂલ્યાંકન માટે તૈયાર થાય ? સ્થાપત્યની તકલીફ એ છે કે સમય પ્રમાણે તેને તેને કળામાં તો ક્યારેક વિજ્ઞાનમાં પ્રસ્થાપિત કરી દેવાય છે. કળાની બાબત જ્યાં ટૂંકી પડે ત્યાં વિજ્ઞાનની વાતો થાય અને વિજ્ઞાનમાં જ્યાં ખોટ વર્તાય ત્યાં કળાના ગુણગાન ગવાય. આમ પણ સ્થાપત્યને અસર કરતા પરિબળોની સૂચિ એટલી લાંબી છે કે ક્યાંક ને ક્યાંક તો કોઈકને કોઈક બાબતે તો હકારાત્મકતા દેખાઈ જ આવે. આવા સંજોગોમાં તટસ્થતાથી મૂલ્યાંકન કરવું અઘરું બની રહે. પણ સ્થાપત્યને અસર કરતા પરિબળોને પણ એક ચોક્કસ અગ્રતાક્રમમાં સૂચિત કરી શકાય. આ અગ્રતાક્રમને અનુલક્ષીને જુદી જુદી બાબતને વધુ કે ઓછા ગુણાંક આપી શકાય અને તે પ્રમાણે મકાનનું મૂલ્યાંકન પણ થઈ શકે. આની માટે એક વ્યવસ્થિત માળખું બનાવવું પડે.

સ્થાપત્યમાં ‘‘પોસ્ટ ઓક્યુપન્સી ઈવેલ્યુએશન’’ની વાતો થતી હોય છે. આમાં મકાન ઉપયોગમાં આવ્યા પછી ચોક્કસ સમયગાળામાં તેના પ્રત્યેના પ્રતિભાવો તથા મંતવ્યોની સૂચિ તૈયાર કરી તેને આધારે મૂલ્યાંકન કરાય છે.

આ બધી પ્રક્રિયામાં ક્યાંક વૈજ્ઞાનિક અભિગમ જરૂરી છે.

સ્થાપત્યમાં શું સારું, શું સ્વીકારવા જેવું,

**આજના ઝડપી યુગમાં જે ઝડપે સ્થાપત્યના વિવિધ પરિમાણો બદલાય છે તે જોતાં એમ ચોક્કસ કહી શકાય કે ક્યાંક ન્યૂનતમ ગુણવત્તા જળવાઈ રહે તે જરૂરી છે**

શું આગળ વધારવા જેવું તથા શું આદર્શ તરીકે સ્થાપવા જેવું છે - તે બાબતે આજે પણ ઘણી અસમંજસતા પ્રવર્તે છે. સ્થાપત્યનો ઈતિહાસ જોતાં જણાશે કે એવી ઘણી બાબતો વધારે પડતી ચગાવાઈ ગઈ છે કે જેની માટે ઘણા પ્રશ્નો શરૂઆતથી જ પૂછાતા રહ્યા છે - જેનો જવાબ આજની તારીખ સુધી નથી મળ્યો. સ્થાપત્યમાં વિચિત્ર બાબતોને ‘‘સર્જનાત્મકતાની સ્વતંત્રતા’’ના નામે ચલાવી લેવાય છે. અહીં અસાંદર્ભિક બાબતોને પણ વધારાનું સ્થાન મળી રહે છે. માત્ર દેખાડા માટે પ્રયોજાતો દંભ પણ એક નવીનતા તરીકે ચાલી જાય છે. જે બે બાબતો વચ્ચે કોઈપણ પ્રકારનું સમીકરણ શક્ય ન હોય ત્યાં પણ જાતજાતના તર્ક ઊભા કરાય છે. ચીલાચાલુ રચનાને પણ નવીનતાના નામે બજારમાં મૂકવામાં આવે છે. બીબાઢાળ રચનાને પણ વૈવિધ્યસભર સર્જન તરીકે સ્થાપિત કરવામાં આવે છે. મૂલ્યાંકન જરૂરી છે અને આવા મૂલ્યાંકન માટે સર્વ સ્વીકૃત પદ્ધતિ અસ્તિત્વમાં આવે તે ઇચ્છનીય છે.

આજના ઝડપી યુગમાં જે ઝડપે સ્થાપત્યના વિવિધ પરિમાણો બદલાય છે તે જોતાં એમ ચોક્કસ કહી શકાય કે ક્યાંક ન્યૂનતમ ગુણવત્તા જળવાઈ રહે તે જરૂરી છે. આવી ગુણવત્તા ત્યારે જ જળવાઈ રહે જ્યારે સમાજને ગુણવત્તા સભર સ્થાપત્ય કેવું હોય તેની પ્રતીતિ થાય. જ્યારે સમાજને ખબર પડે કે શું ઇચ્છનીય છે અને શેની માટે પ્રશ્નો પૂછવા જરૂરી છે ત્યારે ગુણવત્તાની ખાતરી થતી જાય. આ માટે એક સભાનતાપૂર્વકનો પ્રયત્ન જરૂરી છે અને જેમાં બધી જ વ્યવસાયિક સંસ્થાઓ સંમિલિત થાય તે ઇચ્છનીય છે.

શક્ય તો છે જ, સમાજ અને સ્થાપત્તિઓએ તૈયાર રહેવું પડે. સારા મકાનની વ્યાખ્યા તો બાંધી જ શકાય, તે માટે શૈક્ષણિક માર્ગદર્શન પણ જરૂરી છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આમ પણ તટસ્થ વિવેચન ભાગ્યે જ જોવા મળે છે. આંકડાકીય દ્રષ્ટિએ નહીં તો ગુણાત્મકતાને આધારે પણ જો તટસ્થ મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ થાય તો સ્થાપત્ય નવી ઊંચાઈઓને પામશે. નહીંતર માત્ર મકાનો ઊંચા થશે પણ માનવ જીવનની ગુણવત્તાને અસર કરતી સ્થાપત્યની બાબતો ત્યાંની ત્યાં જ રહી જશે.

hemantwala.16@gmail.com

## જનમકુંડળી-કરમકુંડળી




જ્યોતિષશાસ્ત્રના સિદ્ધાંતો પર રચાયેલું એક સસ્પેન્સ-થ્રીલર

# મહાત્મા ગાંધીજીની કુંડળી?

ઇન્સ્પેક્ટર સાગર વિલાસને લઈને આસ્થાના ઘરમાં પ્રવેશ્યો. ત્યાં હાજર રોહન તેને જોતાં જ બરાડ્યો કે તેં આસ્થાને મારી નાખી. તેની વાત સાંભળતાં વિલાસે ચોંકીને સાગરની સામે જોયું. સાગર ગંભીર દેખાયો: 'મારી સાથે આવો મિસ્ટર વિલાસ.'

તે આગળ થયો. વિલાસ તેની પાછળ ચાલ્યો. રોહન જે કાંઈ બોલ્યો એ સાંભળ્યા પછી તે પોતાના ધબકારને સંભાળવાનો પ્રયાસ કરી રહ્યો હતો. બંને આસ્થાની રૂમમાં પ્રવેશ્યા. વિલાસે પલંગ પર આસ્થાની લાશ જોઈ. તેની છાતીની આસપાસ લોહી જામી ગયું હતું. ચાદર ઉપર પણ લોહી જામી ગયું હતું. નીચે ફરશ ઉપર લોહીનું એક ખાબોચિયું બની ગયું હતું.



**નવલકથા**
**વિનોદ શાહ**

વિલાસ આગળ આવ્યો. તેની આંખોમાં સંવેદના ઊભરાઈ. તે કોઈ અકળ વેદનાથી આસ્થાની લાશને જોઈ રહ્યો. તે સહેજ વધારે આગળ આવ્યો. સાગર સતત તેનું અવલોકન કરી રહ્યો હતો. વિલાસ સહેજ વાર સંવેદનશીલ રહ્યો. મનને મક્કમ કરતાં તેણે સ્વસ્થતા ધારણ કરી. આ સ્વસ્થતા સાથે તેણે આસપાસ જોયું. તેને આસ્થાનું ડ્રેસિંગ ટેબલ દેખાયું. તેના પર 'અંગારક યોગ' નામનું પુસ્તક પડેલું હતું. વિલાસ તે પુસ્તકને જોઈ રહ્યો.

તેને સાગરનો સવાલ સંભળાયો: 'એ પુસ્તક વિષે તમે કાંઈ કહી શકો તેમ છો મિસ્ટર વિલાસ?'

'હા. તે મારું જ લખેલું પુસ્તક છે. આસ્થાને તે વાંચવું હતું. હું તેના માટે અહીં મૂકીને ગયો હતો.' કહેતાં તે પુસ્તકની પાસે પહોંચ્યો. તેને પુસ્તકની પાસે પડેલી એક કુંડળી દેખાઈ. એ કુંડળીને તે જોઈ રહ્યો. સાગર તેની નજીક આવ્યો: 'આ કુંડળી વિષે શું કહેવું છે તમારું મિસ્ટર વિલાસ?'

'હા. આ મહાત્મા ગાંધીની કુંડળી છે.'

'મહાત્મા ગાંધીજીની કુંડળી?'

'હા.' વિલાસ કુંડળીને ધ્યાનથી જોઈ રહ્યો. તેણે આંગળીઓ દ્વારા સાગરને કુંડળી તરફ ઈશારો કર્યો: 'આ જુઓ ઈન્સ્પેક્ટર. કુંડળીમાં આ બે ડાઘા દેખાય છે?''

સાગરે તે ડાઘા જોયા: 'હા. તે લોહીના ડાઘા છે.'

'અને તે કુંડળીનાં બે ખાસ સ્થાનો પર છે.'

'બે ખાસ સ્થાનો પર? મતલબ...?'

'એક ડાઘ છે કુંડળીના આઠમા સ્થાન પર એટલે કે મૃત્યુના સ્થાન પર અને બીજો છે કુંડળીના પ્રથમ સ્થાન પર એટલે કે જન્મના સ્થાન પર.' કહી વિલાસે સાગરની સામે જોયું: 'આનો અર્થ ખબર છે ઈન્સ્પેક્ટર?'

'ના. પણ મારે એનો અર્થ અત્યારે જ જાણવો છે અને એ તમે મને જણાવશો મિસ્ટર વિલાસ.' સાગરનો ચહેરો તંગ હતો.

'ગાંધીજીની કુંડળીમાં મૃત્યુના સ્થાનનો સ્વામી ગ્રહ જન્મના જ સ્થાનમાં બેઠો હતો. આ યોગ તેમનું અપમૃત્યુ સૂચવતો હતો. તેના કારણે ગાંધીજીનું મૃત્યુ કુદરતી રીતે ના થયું પણ ગોડસેની બે ગોળીઓથી થયું.'

'અને આસ્થાનું મૃત્યુ પણ બે ગોળીઓથી જ થયું છે. તેને પણ ગાંધીજીની જેમ જ સાવ નજીકથી છાતીમાં બે ગોળીઓ મારવામાં આવી છે.' કહેતાં સાગરના હોઠ સહેજ ધ્રુજી રહ્યા હતા. તેને વિલાસના શબ્દો સંભળાયા: 'અને આસ્થાની કુંડળીમાં પણ એ જ યોગ હતો જે ગાંધીજીની કુંડળીમાં હતો. તેના મૃત્યુનો સ્વામી ગ્રહ તેના જન્મના જ સ્થાનમાં બેઠો હતો.'



સાગર વિલાસની સામે જોઈ રહ્યો. રોહન અંદર દોડી આવ્યો. તેણે વિલાસના કોલર પકડી લીધા: 'તું બકવાસ કરી રહ્યો છે હત્યારા. તેં જ પહેલાં આસ્થાને કહ્યું હતું કે તારી વાસના આક્રમક બની જાય તો તું હિંસક પણ બની શકે છે. પછી તેં જ એને કહ્યું હતું કે ગાંધીજીની જેમ જ તેની પણ હત્યા થઈ શકે છે. તેં ખરેખર એની હત્યા કરી નાખી. પહેલાં તેં તારી આક્રમક વાસનાથી તેને પીંખી નાખી અને પછી તેની હત્યા કરીને તેની લાશની પાસે ગાંધીજીની કુંડળી મૂકી દીધી. મેં તને રાત્રે તેના ઘરમાંથી નીકળતો જોયો હતો.'

વિલાસે રોહનના બંને હાથ સખ્તાઈથી પકડી લીધા અને પોતાના કોલર છોડાવતાં તેને ધક્કો માર્યો. રોહન તેની પાછળ આવી ગયેલા હવાલદાર પર જઈને પડ્યો. હવાલદારે તેને પકડી લીધો. રોહન તેના હાથમાંથી છૂટવા માટે જોર કરવા લાગ્યો પણ સાગરના ઈશારા પર હવાલદાર તેને સખ્તાઈથી પકડીને બહાર લઈ ગયો. તેના ગયા પછી સાગરે વિલાસની સામે જોયું: 'રોહને જે કાંઈ કહ્યું તે સાચું છે મિસ્ટર વિલાસ?'

'તદ્દન સાચું છે ઈન્સ્પેક્ટર. મારી અને આસ્થાની વચ્ચે સંમેલનમાં જ એ ચર્ચા થઈ હતી કે વાસનાના આવેશમાં હું આક્રમક પણ બની શકું છું અને હિંસક પણ થઈ શકું છું. તેની કુંડળીમાં ગાંધીજીની જેમ જ અપમૃત્યુનો યોગ છે અને તેથી તેની પણ હિંસા થઈ શકે છે એ પણ મેં તેને સંમેલનમાં જ કહ્યું હતું. અમારી વચ્ચેના સંવાદો ત્યાં હાજર રહેલી કોઈ પણ વ્યક્તિ સાંભળી શકતી હતી. મારે જો હત્યા કરવી હોય તો હું આવી રીતે જાહેરમાં વાત કરીને પછી એ જ રીતે હત્યા કરું?'

'પરંતુ આસ્થાના અંતિમ સમયે એક માત્ર તમે જ તેની પાસે હતા.'

'હું તેના ઘરથી બહાર નીકળ્યો ત્યાં સુધી તે જીવતી હતી. તે દ્વાર સુધી મને વળાવવા આવી હતી.' કહેતાં વિલાસ ભાવનાશીલ બની ગયો. આસ્થાની લાશની સામે તે પીડાથી ભરેલી લાગણી સાથે જોઈ રહ્યો: 'તેના જીવનમાં તે સૌથી વધારે ખુશ હતી. હું પણ મારા જીવનમાં પહેલી વાર એક અજબ સુખનો અનુભવ કરી રહ્યો હતો. આમાં નવા જીવનની વાત હતી. હત્યાની કોઈ કલ્પના સુદ્ધાં ત્યાં શક્ય નહોતી.'

તેની આંખો ભીની થઈ ગઈ. સાગર તેની સામે આવ્યો: 'તમે જ્યારે આસ્થાને ઘેરથી નીકળ્યા ત્યારે તમારી કાર તમે ઝડપથી ચાલુ કરી હતી. આસ્થાના કંપાઉન્ડ વોલની બહાર નીકળીને તો તમે અતિશય ઝડપથી કાર ભગાવી હતી. તમે શેનાથી ભાગી રહ્યા હતા મિસ્ટર વિલાસ?'

'કાર ડ્રાઈવ કરતી વખતે હું હંમેશાં મારા ગ્રહોને અનુસરું છું.'

'તમારે મને આ સમજાવવું પડશે.'

'મારી કુંડળીમાં અમુક બાબતો જરા અજબ જેવી છે. સામાન્ય રીતે મારા માટે દિવસના સમય કરતાં રાતનો સમય વધારે શુભ સાબિત થાય છે. આથી મારાં અગત્યનાં કામો હું રાત્રે જ કરું છું.'

'જેમ કે કોઈની હત્યા.'

'તમે ચાહો તો એમ માની શકો છો ઈન્સ્પેક્ટર. આજે જ્યારે હું બધું જ સત્ય બોલી રહ્યો છું ત્યારે એક સત્ય આ પણ સાંભળી લો. મારી સામે જો કોઈની હત્યા કરવાનો અવસર આવે તો હું હત્યા પણ કરી શકું છું... અથવા કોઈની હત્યાને કોઈ જાતની સંવેદના વગર જોઈ પણ શકું છું.' કહેતાં વિલાસનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો: 'ઈન્સ્પેક્ટર, માત્ર સાત વર્ષની ઉમરે મેં મારા બાપના હાથે મારી સગી માની હત્યા થતી જોઈ છે અને મારા પર એ હત્યાની કોઈ અસર નહોતી થઈ. મારી નજર સામે મેં મારા ઘરને બળી જતું જોયું છે અને એ આગ મેં જ લગાડી હતી અને મને એની કોઈ અસર નહોતી થઈ.' તેનો ચહેરો ધ્રુજી રહ્યો હતો. તેનો અવાજ હાંફવા લાગ્યો હતો. તેણે સ્વસ્થ થવા માટે પ્રયત્ન કર્યો. સાગર તેની સામે ચૂપચાપ જોતો રહ્યો. વિલાસે તેની સામે જોયું: 'ઈન્સ્પેક્ટર, હું જિંદગીને નહીં, વેદનાને જીવ્યો છું અને સંવેદનાને મારી મારીને જીવ્યો છું. આ રીતે જીવતાં જીવતાં જ એ ખબર પડી કે આ બધું તો મારા ભાગ્યમાં જ હતું. તમને એમ થતું હશે કે હું કદમ કદમ પર જ્યોતિષની અને ભાગ્યની વાતો કરી રહ્યો છું પરંતુ મારું જીવન મને સતત એવા પાઠો શીખવાડતું રહ્યું છે કે એ પાઠોને સમજવા માટે મારે ભાગ્યના પાઠ ભણવા પડ્યા છે.'

### ઈન્સ્પેક્ટર! માત્ર સાત વર્ષની ઉમરે મેં મારા બાપના હાથે મારી સગી માની હત્યા થતી જોઈ છે

(ક્રમશ)

vhshahsays@gmail.com




# માણસમાં સફળતાની પણ ભૂખ હોવી જોઈએ

### વ્યક્તિ જ્યારે કોઈ લક્ષ્ય નક્કી કરે છે તો તેને પ્રાપ્ત કરવાની ભૂખ તેની અંદર હોવી જોઈએ

આપણે ત્યાં એક સરસ મજાની કહેવત છે કે, ગાજર લટકાવ્યું. આમ જોવા જઈએ તો આ કહેવત નકારાત્મક કોન્ટેક્સ્ટમાં જ વપરાય છે. સામાન્ય રીતે લોકોને વાયદો કરીને કામ કઢાવી લેવા માટે ઉપયોગમાં લેવામાં આવતી આ કહેવતના ઘણા મર્મ છે. આપણા રોજિંદા જીવનમાં અને ખાસ કરીને પ્રોફેશનલ લાઈફમાં આ સ્થિતિમાંથી આપણે પસાર થયા જ હોઈશું અથવા તો થવાનું આવશે તે સ્વીકારવું જ રહ્યું. કોઈપણ વ્યક્તિ આપણને કોઈપણ કામ સોંપે અને લાભ બતાવે પણ કરાવે નહીં તે સ્વાભાવિક છે. તેનાથી તદ્દન વિપરિત સ્થિતિ વિચારીએ કે આપણે કંઈક પ્રાપ્ત કરવું છે, આપણે લક્ષ્ય હાંસલ કરવું છે અને ગોલ સુધી પહોંચવું છે તો તેના માટે પણ આપણી નજર સમક્ષ એક ગાજર લટકાવવું પડે. તે ગાજર મળે નહીં ત્યાં સુધી મહેનત કરવી પડે. મહેનત એક એવી બાબત છે જે ક્યારેય ગાજર નહીં પણ સફળતા જ આપે છે. તમારામાં ગાજર ખાવાની ભૂખ હોય તો મહેનત કરવી પડે અને મહેનત કરો તો ભૂખ સંતોષાય જ છે.



**સંવેદનાનું સરોવર**
**એકતા રવિ ભટ્ટ**

એક વખત ઉત્તરભારતમાં સમ્રાટપૂર નામનું એક નગર હતું. તેના રાજાને ત્યાં ઘોડાનો વેપારી આવ્યો. તે જાતભાતના ઘોડાઓ વેચતો હતો. સમ્રાટપૂરમાં વર્ષમાં એક વખત ઘોડાનો મેળો ભરાતો. તેમાં દેશ-દુનિયામાંથી લોકો ઘોડાની લે-વેચ કરવા આવતા. અહીંયા આરબ દેશમાંથી એક વેપારી આવ્યો હતો. તેના ઘોડા જોઈને લોકો ખરીદવા માટે લલચાઈ જતા હતા. તેની અધધ કિંમત સાંભળીને આશ્ચર્યમાં પણ મૂકાઈ જતા હતા. આ વેપારી પાસેથી મંત્રીઓ અને દરબારીઓ સહિત ઘણા લોકોએ ઘોડા લીધા. સમ્રાટપૂરના વજીર કેશવજીને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમારે ઘોડો નથી ખરીદવો તો તેણે નનૈયો ભણ્યો. તેણે કહ્યું મારી પાસે જે ઘોડો છે તે સવર્શ્રેષ્ઠ ઘોડો છે.

લોકોએ તેમની વાતની હાંસી ઉડાવી. કેટલાક મંત્રીઓ હસી પડ્યા તો કેટલાક ગુસ્સાથી લાલપીળા થઈ ગયા. અરબી વેપારી પણ રોષે ભરાઈ ગયો. તેણે કહ્યું કે, તમારા અને મારા ઘોડા વચ્ચે એક હરિફાઈ કરાવો. જેનો ઘોડો અવ્વલ આવે તેને ૧૦૦૦ સોનામહોરનું ઈનામ. તમારો ઘોડો જીતે તો હું ૧૦૦૦ સોનામહોર ઉપરાંત અમારા અરબ દેશનો સૌથી શ્રેષ્ઠ ઘોડો પણ ભેટમાં આપી જઈશ. તમે હારી જાઓ તો તમારે મને ઈનામની રકમ આપવા ઉપરાંત મારી જાહેરમાં માફી પણ માગવી પડશે. કેશવજી તેના માટે તૈયાર થઈ ગયા. તેમણે તૈયારી કરવા માટે ૧૫ દિવસનો સમય માગી લીધો. બધા જ શરત માટે રાજી થઈ ગયા.

પંદર દિવસમાં તો અરબી વેપારીએ તેના ઘોડાને ખવડાવી પીવડાવીને તાજોમાજો કરી લીધો. બીજી તરફ કેશવજી તો પોતાના રોજિંદા કાર્યોમાં જ વ્યસ્ત રહેતા હતા. તેમણે ઘોડા તરફ ખાસ ધ્યાન આપ્યું નહોતું. આખરે હરિફાઈનો દિવસ આવી ગયો. હરિફાઈ વિશે રાજાને પણ ખબર પડી હતી તેથી તેઓ પણ આ હરિફાઈ જોવા માટે આવી પહોંચ્યા હતા. નક્કી કરેલા સમયે અરબી વેપારી પોતાના સવર્શ્રેષ્ઠ ઘોડા અને સવર્શ્રેષ્ઠ અસવાર સાથે આવી પહોંચ્યા. બીજી તરફ કેશવજી જાતે જ પોતાના ઘોડાને લઈને આવી ગયા. બધા કેશવજી અને તેમના ઘોડાને જોઈને ફરીથી હસવા લાગ્યા. તેમની હાંસી ઉડાવવા લાગ્યા.

> **અરબી વેપારીએ પોતાની હાર સ્વીકારી અને કેશવજીને ઈનામની રકમ અને અરબી ઘોડો ભેટમાં આપ્યો**

હરિફાઈ કરાવનાર વ્યક્તિ મેદાનમાં આવી અને તેણે કેશવજી તથા વેપારીના અસવારને શરતો સમજાવી દીધી. તેણે ઈશારો કર્યો અને બંને ઘોડે સવારોએ પોતાના ઘોડા દોડાવી દીધા. થોડી વારમાં તો અરબી વેપારીનો ઘોડો નજરોથી દૂર થઈ ગયો. લોકો આનંદની ચિચિયારીઓ પાડવા લાગ્યા. કેશવજી પોતાના ઘોડાની સાથે મધ્યમ ગતિએ આગળ વધતા હતા. થોડે આગળ ગયા બાદ એકાએક તેમના ઘોડાની ઝડપ વધવા લાગી. લગભગ નક્કી કરેલા સમય પહેલાં કેશવજી પોતાના ઘોડા સાથે નગરનું ચક્કર કાપીને પાછા આવી ગયા. તેમનો ઘોડો હરિફાઈ જીતી ગયો. તેમના આવ્યાના પાંચ મિનિટ બાદ અરબી વેપારીનો ઘોડો આવ્યો.

અરબી વેપારીએ પોતાની હાર સ્વીકારી અને કેશવજીને ઈનામની રકમ અને અરબી ઘોડો ભેટમાં આપ્યો. હરિફાઈ બાદ જ્યારે બધા દરબારમાં ગયા ત્યારે રાજાએ કેશવજીને પૂછ્યું કે, તમારો ઘોડો તો દુબળો દેખાતો હતો અને તમને પોતાને પણ ઘોડે સવારીનો ખાસ અનુભવ નથી તો પછી તમારો વિજય થયો કેવી રીતે. તમારા વિજયથી સમગ્ર નગર આશ્ચર્યમાં છે.

કેશવજીએ કહ્યું કે, હું નગરની બહાર નીકળ્યો એટલે મેં ઘોડાના મોઢા આગળ એક દંડો બાંધી દીધો અને તેની ઉપર લીલુછમ ઘાસ લટકાવી દીધું. આ ઘાસ સુધી પહોંચવા માટે ઘોડાએ ધીમે ધીમે ઝડપ વધારી. મેં ઘાસને તેના મોઢાની નજીક ખેંચવાનું શરૂ કર્યું તેમ તેમ ઘોડાની ઝડપ વધવા લાગી. ઘોડાને એમ હતું કે, થોડું વધુ જોર કરીશ એટલે ઘાસ સુધી પહોંચી જઈશ. આ રીતે ઘોડો મહેનત કરતો ગયો અને મને વિજય પ્રાપ્ત થઈ ગયો. રેસ જીત્યા બાદ મેં તેને ઘાસ આપી દીધું હતું.

કેશવજીએ કહ્યું કે, વ્યક્તિ જ્યારે કોઈ લક્ષ્ય નક્કી કરે છે તો તેને પ્રાપ્ત કરવાની ભૂખ તેની અંદર હોવી જોઈએ. માણસમાં જ્યાં સુધી સફળતા પામવાની ભુખ ન હોય ત્યાં સુધી તેને સફળતા મળતી જ નથી. તમારે સફળ થવા માટે તમારા લક્ષ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જ પડે છે. તમારે તે જ દિશામાં સઘળી મહેનત કરવી પડે છે અને ઘણી વખત છૂટીછવાઈ મહેનત કરવામાં આવે તો પણ તેનો એક રસ્તો તો તમારા પરિણામ સુધી જતો જ હોવો જોઈએ. માણસમાં રહેલી સફળ થવાની ભુખ જ તેને સાચી સફળતા તરફ દોરી જતી હોય છે.

ektaravibhatt@yahoo.com

# જીવનમાં ઓચિંતી આવી ઊભી રહેતી મુસીબતોમાંથી તારી લેતું 'મિત્રવર્તુળ'

ક્યાંક ઘણી સુંદર વાત મેં વાંચી હતી કે,'૨૦ થી ૩૦ વર્ષની ઉંમર વચ્ચે તમે તમારા જીવનમાં સૌથી વધારે અજાણ્યા લોકો ને મળો છો. અને આજ એ સમય છે જેમાં તમે મળેલા અજાણ્યા લોકોમાંથી અમુક ચહેરાઓ પરમેનન્ટ રીતે તમારા જીવનમાં છપાઈ જાય છે.'



એક મેડિકલ સ્ટુડન્ટ તરીકેની સફર મેં ૨૦૧૧માં શરૂ કરી અને ૨૦૨૧માં પોસ્ટ ગ્રેજ્યુએટ એમડી પીડિયાટ્રિશિયન ડૉક્ટર તરીકે હું બહાર નીકળ્યો. એક દશકો પુસ્તકો સાથે સંપૂર્ણ સમર્પણનો, બધા જ ફેમિલી ફંકશનમાં ગેર હાજરીનો, સમાજથી વિના ઈચ્છાએ બની ગયેલી દૂરીનો અને અજાણ્યા પેશન્ટોની સારવાર માટે રાતો સુધી જાગવાનો. સમાજના અમુક લોકો આ પરિશ્રમને સમજી શક્યા અને અમુક લોકોએ મારા બાપને અઘરા પ્રશ્નો પણ કર્યા,'નવાઈનો તમારો છોકરો ડૉક્ટર બને છે? ક્યારેય કોઈ પ્રસંગમાં હાજરી કેમ નથી આપતો?'

મારા માં બાપ જવાબ આપવાની જગ્યાએ મૌન રહેવાનું પસંદ કરતા. એમબીબીએસની એક્ઝામો વખતે મારા ઉજાગરાના સાક્ષી તેવો હતા, તેમને જ ખબર હતી કે એટલું વાંચવું પડે છે કે કમર વળી જાય. આ મહેનતને બધા સમજી શકે એ શક્ય જ નથી.



**પ્રિસ્ક્રિપ્શનના પાનેથી**
**ડો. હેરત ઉદાવત**

મેડિકલ ફિલ્ડમાં પ્રવેશતાની સાથે જ તમારું જૂનું વર્તુળ ભૂસાઈ જાય છે. જૂના વર્તુળમાં સ્કૂલના અમુક મિત્રો અને તેમની સાથે વિતાવેલી યાદો ફક્ત સચવાઈ રહે છે અને એક નવું વર્તુળ સર્જાય છે. આ નવા વર્તુળમાં તમે ફક્ત ડોક્ટરોથી ઘેરાયેલા રહો છો. તમારી પાસે ચર્ચા માટે મેડિકલ ડિસીસ જ મોટા ભાગે હોય છે. મેડિકલ કોલેજમાંથી બહાર નીકળી જ્યારે પ્રાઈવેટ પ્રૅક્ટિસ માં આવો છો ત્યારે તો સંબંધો ઓર છીછરા બને છે. તમે જોયું હશે કે મોટા ભાગના ડૉક્ટર ના જીવનસાથી પણ ડૉક્ટર જ હોય છે. તેનું કારણ ઘણું સરળ છે. માનો કે રાત્રે ૨ વાગે હોસ્પિટલમાંથી નર્સિંગ ઓફિસરનો ફોન આવે કે,'સર ઈમરજન્સી છે. જલ્દી આવું પડશે.'

તો આ ફોન પાછળનો ભાવ અને ઉતાવળ ફક્ત તમારું ડૉક્ટર પાર્ટનર જ સારી રીતે સમજી શકવાનું. એક સરખા વર્તુળમાં રહેવાના લીધે દરેક ડોક્ટરના પ્રશ્નો અને તકલીફો પણ એકસરખી જ હોય છે.

કામના વર્કલોડમાં પોતાની હેલ્થ ઉપર ધ્યાન આપી શકે તેવા ડૉક્ટર પણ ઘણા ઓછા છે. પેશન્ટની સારવાર કરવાના ઉજાગરામાં એક સમયે ડૉક્ટર પોતે પેશન્ટ બનીને ખાટલામાં પડે છે. મારા જેવા અમદાવાદથી થોડે દૂર પ્રૅક્ટિસ કરતા ડૉક્ટર પોતાના માં બાપ કે પોતાની ફેમિલીને પૂરતો સમય તો દૂરની વાત છે પણ દિવસના અમુક કલાકો પણ આપી નથી શકતા. અને જિંદગી તો આમને આમ વહેતી જ જાય છે. અમુક લાગણીઓના સંબંધ મેડિકલ સ્ટુડન્ટની ડૉક્ટર બનવાની સફરમાં એટલા ખાસ અને ઉંડા બની જાય છે કે તે જીવનના છેલ્લા શ્વાસ સુધી ચાલે છે. આ સંબંધ ને જગત આખું જાણે છે અને તેનું નામ છે મિત્રતાનો સંબંધ.

ખાસ કરીને એમબીબીએસના સાડા ૫ વર્ષમાં જે મિત્રો તમારા ખાસ હોય છે તે જીવનભર તમારી સાથે જ રહે છે. આ એવા મિત્રો છે જેણે તમારું અસલ સ્વરૂપ જોયું છે. તમે ગમે તેટલા પ્રોફેશનલ ડૉક્ટર બની જાઓ પણ તમારા મૂળ સ્વભાવને આ વેઢે ગણાય એવા તમારા મિત્રો જ સમજી શકે. આ એવાજ મિત્રો છે કે જેમને કદાચ તમે વર્ષો સુધી ના પણ મળો તો પણ ક્યારેક ફોન પર વાત થાય તો કલાકો સુધી ચર્ચા થઈ શકે. આ એવા જ મિત્રો કે જ્યારે જીવનમાં કોઈ મોટું દુ:ખ કે તકલીફ આવે તો પહેલો તમને એમનો જ ચહેરો યાદ આવે અને ગમે તેટલું છુપાવાનું પ્રયત્ન કરો તો પણ તમારા મનની ચિંતા તેમની સુધી પોહચી જ જાય.

સૌથી અગત્યની વાત એ છે કે આવા ગાઢ મિત્રો સાથે કદાચ તમારા ફોનની ગેલેરી ખોલો તો ફોટા ઓછા મળે, સ્કોલ કરીને ઘણું ફેંદો ત્યારે એકાદ ફોટો મળે. ફિઝિકલ મેમરી શોધવામાં વાર લાગે પણ જે મેમરી સમય વિતાવીને તેમની સાથે બનાવી હોય તે ગમે તેટલા વર્ષો વીતે તો પણ તેવી ને તેવી તાજી રહે છે.

> **સૌથી અગત્યની વાત એ છે કે આવા ગાઢ મિત્રો સાથે કદાચ તમારા ફોનની ગેલેરી ખોલો તો ફોટા ઓછા મળે**

એમબીબીએસ પછી એવા ખાસ મિત્રો ફક્ત તમારી પોસ્ટ ગ્રેજ્યુએશન ની રેસિડેન્સીમાં જ બની શકે છે. અહીંની મિત્રતા એટલા માટે સ્પેશ્યલ છે કારણ કે આ રેસિડેન્સીના ૩ વર્ષમાં તમારા પર થયેલા ફિઝિકલ મેન્ટલ ટોર્ચર અને વર્ક લોડ ના પ્રેશરમાં તમારા મિત્રોજ તમારા સહભાગીદાર છે. અને આવા કટોકટીના સમય માં તમારો રિયલ સ્વભાવ પણ બહાર આવે છે. કોઈ પણ મેડિકલ સ્ટુડન્ટ ફિલ્ટર લગાવીને રેસિડેન્સી પૂરી નથી કરી શકતા. આવા સમયમાં જે મિત્રો તમારી સાથે રહ્યા કે જેના સ્વભાવનું ટ્યૂનિંગ તમારી સાથે થયું તેમનો સાથ જિંદગીભર રહેવાનો જ છે.

રેસીડેન્સી પૂર્ણ થયાના ૪ વર્ષ થયા. ગઈકાલે મારી ઓપીડી પતાવીને ઘર તરફ જવા નીકળ્યો ત્યારે મારા એલજી હોસ્પિટલના કો રેસિડેન્ટ અને મારા મિત્ર ડો શિવમ નો વ્હોટ્સ એપ માં મેસેજ આવ્યો, 'શનિવારે ડિનર નું ફાવશે? અમદાવાદ આવાનો છું. બધા મળીએ આપણે.'

આટલું વાંચ્યા બાદ દિવસનો થાક એક સેકંડ માં ઉતરી ગયો. ડૉક્ટર તરીકે દર્દીઓને સંપૂર્ણ જીવન આપી જ દીધું છે એવામાં આવી નાનકડી મીટિંગ એક આખા મહિનાની એનર્જી જનરેટ કરવા પૂરતી છે. અમદાવાદમાં જોડે હોવાથી મારા પીડિયાટ્રિક યુનિટ ના ખાસ મિત્રો ડો હેત અને ડો પાર્થ સાથેનો સંબંધ હંમેશા ગાઢ બનતો ગયો છે. ભલે કેટલાય મહિનાઓ સુધી નથી મળતા તેમ છત્તાય ભાઈબંધી એવી જ મજબૂત છે. અને મારા એમબીબીએસના ના મિત્રો ડો આકાશ, ડો માલવ અને ડો જીગર ની તો શું વાત કરું?

ભલેને વર્ષમાં એકાદ વાર જ મળતા હોઈશું પણ સુખનો પ્રસંગ હોય કે દુ:ખની કોઈ ઘટના તેમની હાજરી અને મદદ સગા ભાઈ કરતાંય પહેલી હોય છે. ઈશ્વરે લખેલા જીવનરૂપી નાટકમાં કેટલાય કિરદારો તમારા જીવનમાં આવે છે ને જાય છે પણ અમુક મિત્રો તમને એવા મળે છે જેના લીધે તમામ સંસારના દુ:ખનો સાગર પણ તરી જવાય છે. જેના નામ લખ્યા છે અને જેના નામ નથી લખી શક્યો એવા મારા તમામ વહાલા મિત્રોને આજનો અંક સમર્પિત.

udavatherat93@gmail.com

### કામના વર્કલોડમાં પોતાની હેલ્થ ઉપર ધ્યાન આપી શકે તેવા ડોક્ટર પણ ઘણા ઓછા છે

ઈંગ્લેન્ડ અંડર-૧૯ સામેની ચોથી વનડેમાં ૧૩ ચોગ્ગા અને ૧૦ છગ્ગાની મદદથી ૭૮ બોલમાં ૧૪૩ રન બનાવ્યા

# વૈભવની 52 બોલમાં સદી સાથે નવો રેકોર્ડ

## યુવા વનડેમાં સૌથી નાની ઉંમરે સદી બનાવવા સહિત એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ભારતીય ખેલાડી



વોર્સેસ્ટર,તા.૫

ભારતના સ્ટાર બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડમાં ભારતીય અંડર-૧૯ ટીમ તરફથી રમતી વખતે ચોથી યુથ વનડેમાં ૧૩ ચોગ્ગા અને ૧૦ છગ્ગાની મદદથી ૭૮ બોલમાં ૧૪૩ રન બનાવ્યા. વૈભવ યુવા વનડેમાં સૌથી ઝડપી સદી ફટકારવાની સાથે તે યુવા વનડેમાં સૌથી નાની ઉંમરે સદી બનાવનાર ખેલાડી પણ બની ગયો છે. સદી ફટકારતી વખતે તેની ઉંમર ૧૪ વર્ષ અને ૧૦૦ દિવસ હતી. વૈભવે છેલ્લી મેચમાં બનાવેલો પોતાનો રેકોર્ડ પણ તોડ્યો. છેલ્લી વનડેમાં, તે એક જ અંડર-૧૯ યુથ વનડે મેચની એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ભારતીય બન્યો. છેલ્લી વનડેમાં વૈભવે ૩૧ બોલમાં છ ચોગ્ગા અને નવ છગ્ગાની મદદથી ૮૬ રન બનાવ્યા હતા. હવે તેણે ૧૦ છગ્ગા ફટકારીને પાછલા રેકોર્ડમાં સુધારો કર્યો. વૈભવ પહેલા, અંડર-૧૯ યુથ ઓડીઆઈ મેચની એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો ભારતીય રેકોર્ડ રાજ બાવા (૮ છગ્ગા) ના નામે હતો. તેણે ૨૦૨૨ માં યુગાન્ડા સામે આવું કર્યું હતું. જોકે, વૈભવે પહેલા પોતાનો રેકોર્ડ તોડ્યો હતો અને હવે તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. ઈંગ્લેન્ડની અંડર-૧૯ ટીમના કેપ્ટન થોમસ ર્યુએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. આયુષ મ્હાત્રેના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ શ્રેણીમાં ૨-૧થી આગળ છે. પ્રથમ બેટિંગ કરતી વખતે ટીમ ઈન્ડિયાની શરૂઆત સારી નહોતી. કેપ્ટન મ્હાત્રે પાંચ રન બનાવીને આઉટ થયો. આ પછી વૈભવે ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ કર્યો. તેણે ૫૨ બોલમાં પોતાની સદી પૂરી કરી. વૈભવે ૭૮ બોલમાં ૧૪૩ રનની તોફાની ઈનિંગ રમી અને બેન મેસના બોલ પર જોસેફ મૂર્સના હાથે કેચ આઉટ થયો. વૈભવે વિહાન મલ્હોત્રા સાથે બીજી વિકેટ માટે ૨૧૯ રનની ભાગીદારી કરી. વિહાને પણ અડધી સદી ફટકારી. ભારતે પહેલી વનડે છ વિકેટે જીતી હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડે બીજી વનડે એક વિકેટથી જીતીને વાપસી કરી. ત્યારબાદ ત્રીજી વનડેમાં ભારતે ચાર વિકેટે જીત મેળવી. પાંચમી અને છેલ્લી વનડે ૭ જુલાઈએ વોર્સેસ્ટરમાં જ રમાશે. વૈભવે આ પ્રવાસમાં અત્યાર સુધીમાં ચાર ઈનિંગ્સમાં ૨૦૦ થી વધુના સ્ટ્રાઈક રેટથી ૩૨૨ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન, તેણે ૨૭ ચોગ્ગા અને ૨૭ છગ્ગા ફટકાર્યા છે. વૈભવ હાલમાં આ શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેમના પછી આવે છે વિહાન મલ્હોત્રા. દરમિયાન, ઈંગ્લેન્ડના કેપ્ટન થોમસ ર્યુ ત્રીજા નંબરે છે.

ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈના ચૌ ટિએન ચેનને ૨૧-૧૮, ૨૧-૯થી હરાવ્યો

# શ્રીકાંત ચૌ ટિએન ચેનને હરાવીને કેનેડા ઓપનની સેમિફાઈનલમાં



ઓટાવા,તા.૫

ભારતના સ્ટાર શટલર કિદામ્બી શ્રીકાંત 'કેનેડા ઓપન સુપર ૩૦૦ બેડમિન્ટન ટુર્નામેન્ટ'ના સેમિફાઈનલમાં પહોંચી ગયા છે. શનિવારે ક્વાર્ટર ફાઈનલમાં તેણે ટોચના ક્રમાંકિત ચાઈનીઝ તાઈપેઈના ચૌ ટિએન ચેનને સીધી રમતોમાં ૨૧-૧૮, ૨૧-૯ થી હરાવ્યો. શ્રીકાંતે ૪૩ મિનિટ ચાલેલા મુકાબલામાં ચાઈનીઝ તાઈપેઈના વાંગ પો-વેઈને હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. હાલમાં વિશ્વમાં ૪૯મા ક્રમાંકિત શ્રીકાંત હવે ફાઈનલમાં સ્થાન મેળવવા માટે જાપાનના ત્રીજા ક્રમાંકિત કેન્ટા નિશિમોટો સામે ટકરાશે. કેન્ટા નિશિમોટો સામે શ્રીકાંતનો હેડ-ટુ-હેડ રેકોર્ડ ૬-૪થી આગળ છે. ભારતીય ખેલાડીએ છેલ્લી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જાપાની શટલરને સીધી ગેમમાં હરાવ્યો હતો. નિશિમોટોએ ભારતના શંકર મુથુસ્વામી સુબ્રમણ્યમને ૨૧-૧૫, ૫-૨૧, ૨૧-૧૭ થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. શ્રીકાંતે પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચમાં ચાઈનીઝ તાઈપેઈના વાંગ પો-વેઈ સામે ૨૧-૧૯, ૨૧-૧૪ થી જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. શ્રીકાંતે આ મેચ ૪૧ મિનિટમાં જીતી લીધી. વાંગ પો-વેઈ વિશ્વના ૭૧મા ક્રમે છે. ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા કિદામ્બી શ્રીકાંત મે મહિનામાં મલેશિયા માસ્ટર્સના ફાઈનલિસ્ટ હતા. શ્રીકાંતે પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચમાં ચાઈનીઝ તાઈપેઈના વાંગ પો-વેઈ સામે ૨૧-૧૯, ૨૧-૧૪ થી જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. શ્રીકાંતે આ મેચ ૪૧ મિનિટમાં જીતી લીધી.

ઇંગ્લેન્ડની ઇનિંગ દરમિયાન છ બેટ્સમેન ખાતું ખોલાવી શક્યા ન હતા

# ટેસ્ટમાં 'ઝીરો'એ ૧૦હજારનો આંકડો સ્પર્શ્યો ઈંગ્લેન્ડે ૨૯ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી




એજબેસ્ટન,તા.૫

એજબેસ્ટન ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ મેચમાં એક અનોખી આકૃતિ પાર કરવામાં આવી. હકીકતમાં, બ્રાયડન કાર્સ શૂન્ય પર આઉટ થતાં જ તેનું નામ ઈતિહાસના પાનામાં નોંધાઈ ગયું. તેનો આઉટ થવાનો સમય ખાસ હતો કારણ કે ટેસ્ટ ક્રિકેટમાં કોઈ બેટ્સમેન શૂન્ય પર આઉટ થયો હોય તેવો આ ૧૦,૦૦૦મો પ્રસંગ હતો. કાર્સ આ અનિચ્છનીય રેકોર્ડનો ભાગ બની ગયો. એજબેસ્ટનમાં ભારતના ૫૮૭ રનના જવાબમાં, ઈંગ્લેન્ડનો દાવ ૪૦૭ રન પર સમાપ્ત થયો અને ટીમ ઈન્ડિયાને ૧૮૦ રનની લીડ મળી. ઈંગ્લેન્ડની ઈનિંગ દરમિયાન છ બેટ્સમેન ખાતું ખોલાવી શક્યા ન હતા. આમાં બેન ડકેટ, ઓલી પોપ, બેન સ્ટોક્સ, કાર્સ, જોશ ટંગ અને શોએબ બશીરનો સમાવેશ થાય છે. આ સાથે, ભારતીય ટીમના નામે એક ખાસ રેકોર્ડ જોડાયો, જે ઈંગ્લેન્ડ માટે એક અનિચ્છનીય રેકોર્ડ છે. ભારતીય ટીમ દ્વારા સૌથી વધુ છ બેટ્સમેન ખાતું ન ખોલે તેવો રેકોર્ડ છે. ઈંગ્લેન્ડની ટીમે ભારત સામે ટેસ્ટ મેચની એક ઈનિંગમાં સૌથી વધુ બેટ્સમેન શૂન્ય પર આઉટ થવાનો અનિચ્છનીય રેકોર્ડ બનાવ્યો. ઈંગ્લિશ ટીમે આ બાબતમાં ૧૯૯૬માં એટલે કે ૨૯ વર્ષ પહેલા દક્ષિણ આફ્રિકાના રેકોર્ડની બરાબરી કરી હતી. જોકે, વિદેશી ધરતી પર આ પહેલી વાર બન્યું છે કે વિરોધી ટીમના છ બેટ્સમેન એક ઈનિંગમાં ખાતું ખોલાવવામાં નિષ્ફળ ગયા હોય. ૧૯૯૬માં અમદાવાદમાં રમાયેલી ટેસ્ટની ઈનિંગમાં દક્ષિણ આફ્રિકાના છ બેટ્સમેન ખાતું ખોલવામાં નિષ્ફળ ગયા હતા. ભારતે તે ટેસ્ટ મેચ ૬૪ રનથી જીતી હતી.

કઝાકિસ્તાનમાં ચાલી રહેલા વર્લ્ડ બોક્સિંગ કપમાં ભારતની મેડલ સંખ્યામાં વધારો

# નુપુર ફાઈનલમાં અને અવિનાશ જામવાલ સેમિફાઈનલમાં પહોંચ્યા





અસ્તાના,તા.૫

કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં ચાલી રહેલા વર્લ્ડ બોક્સિંગ કપમાં ભારતની મેડલ સંખ્યામાં વધારો થયો છે. નુપુર (૮૦ કિગ્રા) ફાઈનલમાં પહોંચી ગઈ છે જ્યારે અવિનાશ જામવાલ (૬૫ કિગ્રા) એ સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. નુપુરે સેમિફાઈનલ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું.તુર્કીની સેમા દુસ્તાજને ૫:૦ થી હરાવીને મહિલાઓની ૮૦ કિગ્રા શ્રેણીની ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. અવિનાશ જામવાલે પુરુષોની ૬૫ કિગ્રા શ્રેણીમાં સર્વસંમતિથી યુએસએના રેને કામાચોને હરાવીને છેલ્લા ચારમાં પ્રવેશ કર્યો અને મેડલ મેળવ્યો. નીરજ ફોગાટ (૬૫ કિગ્રા) અને અનામિકા (૫૧ કિગ્રા) એ ક્વાર્ટર ફાઈનલમાં પોતાના અભિયાનનો અંત લાવ્યો. નીરજે પોતાની મેચ શાનદાર રીતે રમી પણ વિભાજીત નિર્ણયમાં ૩:૨ થી હારી ગયો. હિતેશ ગુલિયા અને સાક્ષીએ સેમિફાઈનલમાં સ્થાન મેળવીને પોડિયમ સ્થાન મેળવ્યું. વર્ષની શરૂઆતમાં બ્રાઝિલ સ્ટેજના સુવર્ણ ચંદ્રક વિજેતા હિતેશ, પુરુષોની ૭૦ કિગ્રા ક્વાર્ટર-ફાઈનલમાં કઝાકિસ્તાનના અલ્માઝ ઓરોઝબેકોવ સામે ૫:૦ થી શાનદાર જીત મેળવીને પોતાના નામે વધુ એક ચંદ્રક નિશ્ચિત કર્યો. બ્રાઝિલની તાતીઆના રેજિના ડી જીસસ ચાગાસને હરાવી. વર્ષની શરૂઆતમાં બ્રાઝિલ સ્ટેજના સુવર્ણ ચંદ્રક વિજેતા હિતેશ, પુરુષોની ૭૦ કિગ્રા ક્વાર્ટર-ફાઈનલમાં કઝાકિસ્તાનના અલ્માઝ ઓરોઝબેકોવ સામે ૫:૦ થી શાનદાર જીત મેળવીને પોતાના નામે વધુ એક ચંદ્રક નિશ્ચિત કર્યો. બ્રાઝિલમાં પ્રથમ તબક્કામાં પાંચ ગોલ્ડ મેડલ સહિત આઠ મેડલ સાથે ઉઝબેકિસ્તાન મેડલ ટેબલમાં ટોચ પર રહ્યું.

કેપ્ટન શુભમન ગિલે ટેસ્ટની બીજી ઇનિંગમાં સદી ફટકારી

# ભારતનો ઈંગ્લેન્ડને ૬૦૮ રનનો લક્ષ્યાંક : ૪૨૭ રને બીજો દાવ ડિકલેર

બર્મિંગહામ,તા.૫

ભારતીય કેપ્ટન શુભમન ગિલે પણ બર્મિંગહામ ટેસ્ટની બીજી ઈનિંગમાં સદી ફટકારી છે. બીજી તરફ, રવિન્દ્ર જાડેજાએ પણ પોતાની અડધી સદી ફટકારી છે. ત્રીજા દિવસની રમતના અંત અગાઉ ભારતે ૬ વિકેટે ૪૨૭ રન પર દાવ ડિકલેર કર્યો હતો. આ સાથે ભારતે ઈંગ્લેન્ડને ૬૦૮ રનનો લક્ષ્યાંક આપ્યો છે.આ પહેલા, ચાના સમય સુધી, ભારતની લીડ ૪૮૪ રન સુધી પહોંચી ગઈ હતી. બીજા સત્રમાં, ભારતે ફક્ત ઋષભ પંતની વિકેટ ગુમાવી, જે ૬૫ રન બનાવીને આઉટ થયો હતો. શુભમન ગિલ અને રવિન્દ્ર જાડેજા વચ્ચે પાંચમી વિકેટ માટે ભાગીદારી ૬૮ રન સુધી પહોંચી ગઈ છે. ભારતનો સ્કોર ૩૦૪/૪ છે. લંચ સુધીમાં, ભારતે ૩ વિકેટ ગુમાવીને ૧૭૭ રન બનાવ્યા હતા અને તેમની લીડ ૩૫૭ રનની થઈ ગઈ હતી. પહેલા સત્રમાં ભારતે બે વિકેટ ગુમાવીને ૧૧૧ રન બનાવ્યા છે. પહેલા સત્રમાં ૫૫ રન બનાવીને કેએલ રાહુલ આઉટ થયો હતો. જ્યારે કરુણ નાયર ૨૬ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. ભારતની નજર એક મોટા ધ્યેય પર છે. આ પહેલા, ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં, ભારતે બીજા દાવમાં એક વિકેટ ગુમાવીને ૬૪ રન બનાવી લીધા હતા. અંતે ભારતે ઈનિંગ્સ જાહેર કરી. આજે ૧૮ ઓવર બાકી છે, પણ બધી ઓવર પૂરી થશે એવું લાગતું નથી. ઈંગ્લેન્ડને જીતવા માટે ૧૦૮ ઓવરમાં ૬૦૮ રન બનાવવા પડશે. ચાના વિરામ પછી ભારતે એક કલાક સુધી બેટિંગ કરી અને ૧૨૩ રન બનાવ્યા. ઈંગ્લેન્ડે બંને છેડેથી જો રૂટ અને બશીરને મેદાનમાં ઉતાર્યા. ઝડપી બોલરોને આરામ આપવામાં આવ્યો હતો. ગિલ આઉટ થયો છે. તે ૧૬૧ રન બનાવીને આઉટ થયો હતો. ચાના વિરામ પછી, ભારતીય બેટ્સમેન બંને છેડેથી ફટકારી રહ્યા હતા.



રોમાંચક મેચમાં ભારતને પાંચ રનથી હરાવ્યું : મંધાનાની અડધી સદી વેડફાઇ ગઈ

# ત્રીજી ટીર૦માં ભારતને હરાવીને ઇંગ્લેન્ડની પાંચ મેચની શ્રેણીમાં વાપસી

લંડન,તા.૫

ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમે ત્રીજી ટી૨૦માં રોમાંચક મેચમાં ભારતને હરાવીને પાંચ મેચની શ્રેણીમાં શાનદાર વાપસી કરી. લંડનના કેનિંગ્ટન ઓવલ ખાતે રમાયેલી મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને નવ વિકેટ ગુમાવીને ૧૭૧ રન બનાવ્યા. જવાબમાં, ભારત એક સમયે સારી સ્થિતિમાં દેખાતું હતું. સ્મૃતિ મંધાના (૫૬) અને શેફાલી વર્મા (૪૭) એ ઘણી જીતનો લાભ ઉઠાવીને પ્રથમ વિકેટ માટે ૮૫ રન ઉમેર્યા હતા, પરંતુ ત્યારબાદ ભારતની બેટિંગ નબળી પડી ગઈ હતી. ઈંગ્લેન્ડે ભારતને ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૬ રન પર રોકી દીધું. જોકે, ભારતીય ટીમ હજુ પણ શ્રેણીમાં ૨-૧થી આગળ છે. શ્રેણીની ચોથી મેચ ૯ જુલાઈએ માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાશે. સોફિયા ડંકલી (૭૫) અને ડેની વ્યાટ-હોજ (૬૬) એ પહેલી વિકેટ માટે ૧૩૭ રનની ભાગીદારી સાથે ઈંગ્લેન્ડને મજબૂત શરૂઆત અપાવી હતી, પરંતુ ઈંગ્લેન્ડે ૨૫ બોલમાં ૩૧ રનમાં નવ વિકેટ ગુમાવી દીધી હતી અને અંતે માત્ર ૧૭૧ રન બનાવ્યા હતા. ડંકલીએ ૫૩ બોલની ઈનિંગમાં સાત ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા હતા જ્યારે વ્યાટ-હોજે ૪૨ બોલની ઈનિંગમાં સાત ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. ૧૬મી ઓવરમાં ડંકલીને આઉટ કરીને દીપ્તિ શર્મા (૩/૨૭) એ ભાગીદારી તોડી. અરુંધતી રેડ્ડી (૩/૩૨) એ ૧૭મી ઓવરમાં એલિસ કેપ્સી (૦૨), વ્યાટ-હોજ અને એમી જોન્સ (૦૦) ને આઉટ કરીને ઈંગ્લેન્ડને સારી શરૂઆતથી વંચિત રાખ્યું. ટેમી બ્યુમોન્ટ (૦૨) ને રાધા યાદવ (૧/૧૫) દ્વારા બોલ્ડ કરવામાં આવ્યો. શ્રી ચર્નીએ (૨/૪૩) પેજ સ્કોલ્ફિલ્ડ (૦૪) અને વોંગ (૦૦) ને આઉટ કર્યા જ્યારે દીપ્તીએ એક્લેસ્ટોન (૧૦) અને ફાઈલર (૦૦) ને આઉટ કર્યા. જવાબમાં, ભારતની બેટિંગ અંતિમ ક્ષણોમાં લથડી ગઈ. ખરાબ ફિલ્ડિંગ છતાં ઈંગ્લેન્ડે ભારતને જીતની હેટ્રિક હાંસલ કરતા અટકાવ્યું. લોરેન ફાઈલર (૨/૩૦) એ ૧૬મી ઓવરમાં મંધાનાને આઉટ કરીને ઈંગ્લેન્ડની જીતનો પાયો નાખ્યો. સોફી એક્લેસ્ટોન (૧/૨૪), લોરેન બેલ (૧/૩૭) અને ઈસી વોંગ (૧/૩૬) એ એક-એક વિકેટ લીધી. ભારતને છેલ્લા બોલ પર છ રનની જરૂર હતી. કેપ્ટન હરમનપ્રીત કૌર (૨૩) બેલના બોલ પર મોટો શોટ મારવાનો પ્રયાસ કરતી વખતે આઉટ થઈ ગઈ. ભારતની નજર પહેલીવાર ઈંગ્લેન્ડ સામે ટી૨૦ શ્રેણી જીતવા પર હતી. પાવરપ્લેમાં ભારતે ૬૧ રન બનાવ્યા. શેફાલીએ ૨૫ બોલમાં ૪૭ રનની ઈનિંગમાં સાત ચોગ્ગા ફટકાર્યા હતા પરંતુ નવમી ઓવરમાં એક્લેસ્ટોને તેને આઉટ કરી દીધી હતી. મંધાનાએ ૩૮ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી, પરંતુ સતત છ ડોટ બોલ રમ્યા પછી ફાઈલરના બોલ પર આઉટ થવાથી ઈંગ્લેન્ડને આશા મળી. જેમિમાહ રોડ્રિગ્સ (૨૦) ને પણ ફાઈલરે આઉટ કરી હતી જ્યારે રિચા ઘોષ મોટો શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે વોંગના હાથે કેચ આઉટ થઈ હતી.

અજબ ગજબ

થાઇલેન્ડ તેની સમૃદ્ધ સંસ્કૃતિ, સુંદર મંદિરો અને અનોખી પરંપરાઓ માટે જાણીતો દેશ

# ભાઈ બહેન સાથે લગ્ન કરે છે, માતાપિતા સાસુ -સસરા બને છે



જો આપણે તમને કહીએ કે દુનિયામાં એક એવો સમુદાય છે જ્યાં ભાઈ પોતાની બહેન સાથે લગ્ન કરે છે? તો તમને લાગશે કે અમે મજાક કરી રહ્યા છીએ. પરંતુ થાઈલેન્ડમાં, ઘણા પરિવારો એવા છે જ્યાં જોડિયા બાળકો જન્મે છે અને તેઓ એકબીજા સાથે લગ્ન કરે છે.

થાઈલેન્ડ, જે તેની સમૃદ્ધ સંસ્કૃતિ, સુંદર મંદિરો અને અનોખી પરંપરાઓ માટે જાણીતો દેશ છે, તે ફરી એકવાર સમાચારમાં છે. અહીંની એક પરંપરાએ દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે, જેમાં જોડિયા ભાઈ-બહેનોના લગ્ન થાય છે. ભલે તે વિચિત્ર લાગે, તે સ્થાનિક સમુદાયો માટે પણ એટલું જ પવિત્ર અને મહત્વપૂર્ણ છે. આ પરંપરા પાછળ બૌદ્ધ ધર્મની માન્યતાઓ અને ભૂતકાળના જીવનની વાર્તાઓ છે, જે તેને વધુ રસપ્રદ બનાવે છે.



થાઈલેન્ડના કેટલાક સમુદાયોમાં, ખાસ કરીને સમુત પ્રાકન જેવા વિસ્તારોમાં, એવી માન્યતા છે કે જો જોડિયા બાળકો એક જ માતાથી જન્મે છે, તો તેઓ તેમના પાછલા જન્મમાં પ્રેમી હતા. પુનર્જન્મના બૌદ્ધ સિદ્ધાંત અનુસાર, આ જોડિયા બાળકો એકસાથે જન્મે છે કારણ કે તેમના ભૂતકાળના જીવનમાંથી કેટલાક અધૂરા સંબંધ અથવા કર્મ બાકી હોય છે. એવું માનવામાં આવે છે કે જો આ બાળકો એકબીજા સાથે પ્રતીકાત્મક રીતે લગ્ન ન કરે, તો તેમનું જીવન નિષ્ફળતા, બીમારી અથવા અશાંતિથી ભરાઈ શકે છે. તેથી, જોડિયા બાળકો ૬ થી ૮ વર્ષની ઉંમરે પહોંચે કે તરત જ તેમના માતાપિતા તેમના લગ્ન ભવ્ય સમારોહમાં કરાવે છે.

સામાન્ય થાઈ લગ્નમાં થતી બધી પરંપરાગત વિધિઓ આ અનોખા લગ્નમાં કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ૨૦૧૮ માં, ૬ વર્ષના જોડિયા ભાઈ-બહેન, જેમને ગિટાર અને કિવીનું હુલામણું નામ આપવામાં આવ્યું હતું, તેમના લગ્ન સમુત પ્રાકાનમાં થયા હતા. આ સમારંભમાં, છોકરાને વરરાજાની જેમ સજ્જ કરવામાં આવ્યો હતો અને તેણે ૨૦૦,૦૦૦ થાઈ બાહ્ટ (લગભગ ૫ લાખ રૂપિયા) અને સોનાના દાગીના આપવાના હતા. છોકરીને દુલ્હન તરીકે સજ્જ કરવામાં આવી હતી અને સમારંભમાં પરંપરાગત નૃત્ય, સંગીત અને મિજબાનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લગ્નમાં સાસુ અને સસરાની ભૂમિકા ભજવતા માતાપિતા આ વિધિ ખૂબ જ ઉત્સાહથી પૂર્ણ કરે છે.

આ લગ્ન સમારંભ ભવ્ય અને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ હોવા છતાં, તે કાયદેસર રીતે માન્ય નથી. થાઈ કૌટુંબિક કાયદા હેઠળ, ભાઈ-બહેન અથવા નજીકના લોહીના સંબંધીઓ વચ્ચે લગ્ન પ્રતિબંધિત છે. આ લગ્ન ફક્ત એક પ્રતીકાત્મક વિધિ છે, જેનો હેતુ બાળકોના ભવિષ્યને સુખી અને સમૃદ્ધ બનાવવાનો છે. સમારંભ પછી, બાળકો સામાન્ય જીવન જીવે છે અને મોટા થાય ત્યારે તેમની પસંદગીના જીવનસાથી સાથે લગ્ન કરી શકે છે. દહેજ, જેને થાઈ ભાષામાં "સિન સોડ" કહેવામાં આવે છે, તે આ પરંપરાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. થાઈ સંસ્કૃતિમાં સામાન્ય લગ્નોમાં પણ સિન સોડ પ્રચલિત છે, જ્યાં વરરાજા કન્યાને દહેજ આપે છે.

રાજ્યના શિક્ષણ વિભાગે શનિવારને નો બેગ ડે જાહેર કર્યો છે : વડોદરામાં ૩૦ ટકા સ્કૂલોએ અમલ ના કર્યો

# વડોદરામાં 'બેગલેસ ડે'નો મિશ્ર અમલ

## સ્કૂલમાં યોગા, ચિત્રકામ, રમત-ગમત સહિતની પ્રવૃતિ કરવામાં આવી

વડોદરા, તા.૫

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શનિવારને 'બેગલેસ ડે' તરીકે જાહેર કરવાના નિર્ણયનો આજે પ્રથમ શનિવારે વડોદરામાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો. શહેરની સેંકડો સ્કૂલોમાં વિદ્યાર્થીઓ બેગ વગર પહોંચ્યા હતા, અને ભણતરનો ભાર નહીં હોવાથી તેમના ચહેરા પર ખુશી સ્પષ્ટપણે દેખાઈ રહી હતી. જોકે, આ પરિપત્રના અમલને લઈને કેટલીક વિસંગતતાઓ પણ જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ ૧૨૩ સ્કૂલોમાં બેગલેસ ડેના ભાગરૂપે વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. 'જ્ઞાન સાથે ગમ્મત' ના અભિગમ પર વિદ્યાર્થીઓને શિક્ષણ પણ અપાયું હતું. જોકે, બીજી તરફ શહેરની સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાં બેગલેસ ડેનો અમલ નહોતો કરાયો. આ સ્કૂલોના વિદ્યાર્થીઓ રાબેતા મુજબ જ સ્કૂલ બેગ સાથે શાળાએ પહોંચ્યા હતા.

ગુજરાત બોર્ડ સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાંથી લગભગ ૭૦ ટકા સ્કૂલોમાં બેગલેસ ડેની સૂચના અગાઉથી અપાઈ હોવાથી વિદ્યાર્થીઓ બેગ વગર સ્કૂલોમાં પહોંચ્યા હતા. હજારો વિદ્યાર્થીઓને બેગનું વજન ઉંચકવું ના પડ્યું હોય તેવું પહેલી વખત બન્યું હતું, જેનાથી તેમને હળવાશનો અનુભવ થયો હતો. જોકે, સંખ્યાબંધ સ્કૂલોએ સરકારના આ પરિપત્રનો અમલ કરવાની દરકાર કરી નહોતી. જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ આ વાત સ્વીકારી હતી.

તેમણે જણાવ્યું હતું કે, શહેરની ૩૦ ટકા જેટલી સ્કૂલોમાં આજે બેગલેસ ડે નહોતો રખાયો. કારણકે આ સ્કૂલો શનિવારે કયા પ્રકારની પ્રવૃત્તિ કરવી તેની અવઢવમાં હતી. જોકે, તેમણે ખાતરી આપી હતી કે આવતા શનિવારથી ૧૦૦ ટકા સ્કૂલોમાં બેગલેસ ડેનો અમલ થશે.

એક આચાર્યએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, સ્કૂલને શુક્રવારે સાંજે ડીઈઓ કચેરી તરફથી પરિપત્ર મળ્યો હતો અને ત્યાં સુધીમાં સ્કૂલ છૂટી ગઈ હોવાથી વિદ્યાર્થીઓ ઘરે જતા રહ્યા હતા. તેમણે ઉમેર્યું કે શનિવારે તેમની સ્કૂલમાં ઈતર પ્રવૃત્તિના વર્ગો હોય જ છે, પરંતુ તેઓ બેગ વગર આવવાની સૂચના આપી શક્યા નહોતા.



### મારી દીકરીને આજે મહેંદી શિખવાડવામાં આવી હતી

વાલીએ કૃપા શાહે જણાવ્યું હતું કે, તેમની દીકરીની સ્કૂલમાં આજે બેગલેસ ડે હતો. સ્કૂલ દ્વારા વિદ્યાર્થિનીઓને મહેંદી મૂકતા શીખવાડવામાં આવી હતી, જ્યારે વિદ્યાર્થીઓને એક પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો જે તેમણે અડધો સ્કૂલમાં અને અડધો ઘરે પૂરો કરવાનો હતો. તેમણે કહ્યું કે આ નિર્ણયથી બાળકો હળવાશ અનુભવી રહ્યા છે અને તેમને અભ્યાસ સિવાય બીજું પણ શીખવા મળશે.

### શિક્ષણ સમિતિ દ્વારા 'આનંદદાયી શનિવાર'ની ઉજવણી



આજથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરાની શાળાઓમાં 'આનંદદાયી શનિવાર' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. જેમાં સામૂહિક ડ્રિલ, શારીરિક કસરતો, યોગાસનો, પ્રાણાયામ, ધ્યાન, બાલસભા અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક રમતો દ્વારા શિક્ષણ, પર્યાવરણ-વિજ્ઞાનના સરળ પ્રયોગો, કલા આધારિત પ્રોજેક્ટ, ચિત્રકામ, સંગીતમાં ગીતો ગાવા-વાદ્યો વગાડવા-સંગીત શ્રવણ, ગીત-સંગીતના કાર્યક્રમો અને શાળા વિસ્તારની નજીકના સ્થળોની મુલાકાત જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

### બાળકો માત્ર સ્કૂલની ડાયરી જ લઈને આવ્યા હતા

આચાર્ય વિપુલ મહેતાએ જણાવ્યું હતું કે, તેમની શાળાએ આજથી જ સરકારના નિર્ણયનો અમલ કર્યો છે. તેમણે બાળકોને માત્ર સ્કૂલની ડાયરી જ લઈને આવવા માટે કહ્યું હતું. શાળામાં બાળકોને યોગા, સમૂહ કવાયત, સાચી જોડણી ઓળખવાની રમત જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

### સીબીએસઈ સ્કૂલોને રાજ્યનો પરિપત્ર લાગુ પડતો નથી

સીબીએસઈ સ્કૂલના આચાર્ય લીના નાયરે સ્પષ્ટ કર્યું હતું કે, સીબીએસઈ સ્કૂલોને ગુજરાત સરકારનો આ પરિપત્ર લાગુ પડતો નથી. તેમણે સીબીએસઈ સ્કૂલોમાં એમ પણ વર્ષમાં સાત દિવસ બેગલેસ ડે રાખવામાં આવે જ છે, જોકે તેમાં શનિવારનો સમાવેશ થતો નથી, કારણકે ઘણી સીબીએસઈ સ્કૂલો શનિવારે રજા રાખતી હોય છે.

પાલિકાની જાણ બહાર વૃક્ષોના ટ્રીમિંગ દરમિયાન નિષ્કાળજી

# સુશેન પાસે વૃક્ષોના ટ્રીમિંગ દરમિયાન સ્ટ્રીટ લાઈટના પોલ ધરાશાયી : એક ઈજાગ્રસ્ત

## ડિવાઈડરને મેઈન્ટેનન્સ માટે જગદીશ ફરસાણને પીપીપી ધોરણે આપ્યું છે

વડોદરા, તા.૫

શહેરમા ભવન્સ સ્કૂલ થી સુસેન સર્કલ સુધીના ડિવાઈડર ઉપર વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી દરમિયાન નિષ્કાળજીના કારણે એક પોલ ધરાશાયી થતાં એક બાઈક ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે વાયરોના કારણે અન્ય ત્રણ પોલ નમી જતાં ટ્રાફીક થી ધમધમતા રોડ ઉપર ટ્રાફીક જામના દ્રષ્યો સર્જાયા હતા.

આ ડિવાઈડર જગદીશ ફરસાણ પ્રા.લી.નાં સંચાલકને મેન્ટેનન્સ માટે પાલિકા દ્વારા ફાળવવામાં આવ્યુ છે. અને તેમના દ્વારાજ પાલિકાની જાણ વગર ટ્રીમીંગની કામગીરી કરાતી હતી. તે વખતે આ ધટના બની હતી.

શહેરના મકપુરા રોડ સતત ટ્રાફીક થી ધમધમતો રોડ છે. ત્યારે આજે ભવન્સ સ્કૂલ થી સુસેન જતાં રોડ ઉપર એસઆરપીના ગેટની સામે ડિવાઈડર ઉપરના સ્ટ્રીટ લાઈટનો એક પોલ ધરાશાયી થતાં એક બાઈક ચાલકને ઈજાઓ થઈ હતી.

મળતી વિગતો મુજબ બાઈક ચાલકે હેલ્મેટ પહેર્યું હોવાથી સામાન્ય ઈજાઓ થઈ હતી. એક પોલ ધરાશાયી થવાની સાથે પોલ ઉપર વાયરો હોવાથી આસપાસના અન્ય ત્રણ પોલ પણ નમી ગયાં હતા. આ અંગેની સ્થાનિક કાઉન્સિલર અને પાલિકામાં શાસક પક્ષના દંડક શૈલેષ પાટીલ તુરંત સ્થળ ઉપર દોડી આવ્યા હતા.

તેમણે તુરંત આ અંગેની જાણ ગાર્ડન તેમજ સ્ટ્રીટ લાઈટ વિભાગને કરતાં સ્ટાફ તુરંત દોડી આવ્યો હતો.

દરમિયાન આ રોડ ઉપર ટ્રાફીક જામના દ્રષ્યો સર્જાયા હતા. કાઉન્સિલરે કહ્યું હતુ કે, માંજલપુર થી સુસેન સુધીનું ડિવાઈડર મેન્ટેનન્સ તેમજ જાળવણી માટે જગદીશ ફરસાણ પ્રા.લી. ને આપવામાં આવ્યું છે. તેમના દ્વારા પાલિકાને જાણ વગર વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી દરમિયાન આ ધટના બની છે. જોકે, ગાર્ડન વિભાગ દ્વારા વૃક્ષોના ટ્રીમીંગ બાદ નમી પડેલા પોલને સુરક્ષીત રીતે ઉતારી લેવામાં આવ્યાં હતા.



### જગદીશ ફરસાણ પ્રા.લી.ને પાલિકાની નોટીસ

પાલિકા તંત્ર દ્વારા શ્રેયસ સ્કૂલ થી સુસેન સર્કલ સુધીનું ડિવાઈટર મેન્ટેનન્સ માટે જગદીશ ફરસાણ પ્રા.લી.ને આપવામાં આવ્યું છે. આજે સવારે પાલિકાની જાણ બહાર ડિવાઈડર પરના વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી દરમિયાન નિષ્કાળજીના કારણે પોલ પડ્યાં હતા. પાલિકા દ્વારા આ ડિવાઈડર તેમને પીપીપી ધોરણે આપવામાં આવ્યું છે. ત્યારે પાલિકાના ગાર્ડન વિભાગ દ્વારા પીપીપી મોડેલ થી ડિવાઈડર આપવામાં આવ્યું છે. ત્યારે પાછું કેમ ન લેવું તે સંદર્ભે નોટીસ આપવામાં આવી છે.

# વડોદરામાં ધારાસભ્યો માટે 'મતદારયાદી સુધારણા' સેમિનાર

વડોદરા, તા.૫

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. અનિલ ધામેલિયાની અધ્યક્ષતામાં સરકીટ હાઉસ ખાતે વડોદરા સહિત છ જિલ્લાના ધારાસભ્યો માટે 'મતદાર યાદી સુધારણા' અંગે એક મહત્વપૂર્ણ સેમિનાર યોજાયો હતો. આ ઝોનવાર સેમિનારમાં વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના ધારાસભ્યોએ ઉપસ્થિત રહીને પોતાના વિધાનસભા મત વિસ્તારના મતદાર યાદી સંબંધિત વિવિધ સૂચનો રજૂ કર્યા હતા. પ્રાસંગિક ઉદબોધનમાં વડોદરાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે, આ સેમિનારથી મતદાર યાદી સુધારણા સંદર્ભે જનપ્રતિનિધિઓના લોકસંપર્ક અને અનુભવનો સહકાર મળવાથી કામગીરીની અસરકારકતામાં વધારો થશે. આ વિષય પર જનપ્રતિનિધિઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા અને રચનાત્મક સૂચનો દ્વારા મતદારોના પ્રશ્નોના નિકાલ અંગે ઉકેલના વધારે રસ્તાઓ મળશે. મતદાર યાદી સુધારણા અંગેના સેમિનારમાં ધારાસભ્યોએ મતદાર યાદી અને મતદાન મથક સંદર્ભે રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અંગે હકારાત્મક વલણ દાખવીને ડો. અનિલ ધામેલિયાએ ધારાસભ્યોને ચૂંટણી પંચની જોગવાઈઓથી માહિતગાર કર્યા હતા. તેમણે તેમના પ્રશ્નોનું વૈધાનિક જોગવાઈઓની મર્યાદામાં યોગ્ય ઉકેલ લાવવા માટે સંનિષ્ઠ પ્રયાસોની ખાતરી આપી હતી. ડો. અનિલ ધામેલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, મતદાર યાદી સુધારણા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટેના તમામ સૂચનો પર કામ કરીશું અને ચૂંટણી પંચનું ધ્યાન દોરીશું. સેમિનારમાં વડોદરા જિલ્લાના માસ્ટર ટ્રેનર અધિકારી દક્ષેણ મકવાણા દ્વારા 'મતદાર યાદી' તેમજ વી. કે. સાંબડ દ્વારા 'મતદાન મથક' વિષય પર તમામ પાસાઓને આવરીને વિસ્તૃત અને ઝીણવટપૂર્વક માહિતી સમજાવવામાં આવી હતી. જેમાં ચૂંટણી પંચનું માળખું, મતદાર યાદી અને મતદાન મથક સંદર્ભે સમજ આપવામાં આવી હતી.

અંબાણી ૧૫ બ્રાન્ડ્સને મર્જ કરશે

# ન્યૂ રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિ. ૮.૫ લાખ કરોડથી વધુના મૂલ્યાંકન પર IPO લૉન્ચ કરશે




મુંબઈ, તા.૫

મુકેશ અંબાણીએ તેમના કોર્પોરેટ ગ્રુપ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં પુનર્ગઠનની પ્રક્રિયા શરૂ કરી છે. આમાં કેમ્પા કોલા જેવી ૧૫થી વધુ FMCG બ્રાન્ડ્સ, જે હાલમાં રિલાયન્સ રિટેલ વેન્ચર્સનો ભાગ છે, તેમને એક નવી કંપનીમાં મર્જ કરવામાં આવી રહી છે. આનો ઉદ્દેશ્ય ખાસ કરીને આ ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને ફક્ત હ્રસ્ઝ્ય ક્ષેત્રમાં રસ ધરાવતા રોકાણકારોને આકર્ષવાનો છે. અંબાણીની આ વ્યૂહરચના જૂથને ઝડપી વિકાસના નવા માર્ગ પર આગળ વધવામાં મદદ કરશે.

કંપની તેના ત્રણ રિટેલ યુનિટના તમામ બ્રાન્ડ્સને જોડીને ન્યૂ રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ નામની નવી કંપની બનાવી શકે છે. તે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ હેઠળ સીધી રીતે કામ કરશે, જેમ જિઓ કરે છે. રિલાયન્સના તાજેતરના ડેટા અનુસાર, રિલાયન્સ રિટેલ વેન્ચર્સનું મૂલ્ય ૮.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. જો તેનો IPO આવે છે, તો તે શેરબજારમાં સૌથી મોટા પબ્લિક ઈશ્યૂમાંથી એક બની શકે છે. રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ગ્રુપના ઉત્પાદન, વિતરણ અને માર્કેટિંગ વ્યવસાયનું સંચાલન કરે છે. તે કોકા-કોલા, મોન્ડેલેઝ અને હિન્દુસ્તાન યુનિલિવર જેવી મોટી બ્રાન્ડ્સ કરતાં ૨૦-૪૦% ઓછા ભાવે તેના ઉત્પાદનો વેચે છે.

### સોલર ઈન્વર્ટર, સોલર પાવર નિર્માતા સ્માર્ટન પાવરની પ્રારંભિક જાહેર ઓફર

મુંબઈ : ઈન્વર્ટર ઉત્પાદક સ્માર્ટન પાવર સિસ્ટમ્સ ૭ જુલાઈના રોજ સબસ્ક્રિપ્શન માટે તેની ૫૦ કરોડ રૂપિયાની પ્રારંભિક જાહેર ઓફર લોન્ચ કરવા માટે તૈયાર છે. આ ઓફર ૯ જુલાઈના રોજ બંધ થશે. પાવર બેક-અપ અને અદ્યતન સૌર ઉર્જા ઉત્પાદનો જેમ કે હોમ યુપીએસ સિસ્ટમ્સ, સોલર ઈન્વર્ટર, સોલર પાવર કન્ડીશનીંગ યુનિટ્સ, સોલર ચાર્જ કંટ્રોલર્સ ડિઝાઈન અને એસેમ્બલ કરે છે. તે સોલર પેનલ્સ અને બેટરીમાં પણ વેપાર કરે છે. નિશ્ચિત કિંમતના આઈપીઓમાં ૪૦ કરોડ રૂપિયાના ૪૦ લાખ શેરનો નવો ઈશ્યૂ અને લગભગ ૧૦ કરોડ રૂપિયાના ૯.૯૯ લાખ શેરનો ઓફર-ફોર-સેલનો સમાવેશ થાય છે. ઓફર કિંમત પ્રતિ શેર ૧૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. કંપની ૧૦ જુલાઈના અંત સુધીમાં શેર ફાળવણીને અંતિમ સ્વરૂપ આપશે અને સ્માર્ટન શેરમાં ટ્રેડિંગ એનએસઈ ઈમર્જ પર ૧૪ જુલાઈથી શરૂ થશે. સ્માર્ટન પાવર સિસ્ટમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અરૂણ ભારદ્વાજે જણાવ્યું, કંપની પાવર બેકઅપ અને સોલાર એનર્જી ક્ષેત્રમાં વ્યવહારૂ ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરીને સતત આગળ વધી રહી છે.

તરસાલીના વિશાલનગર સોસાયટીનો બનાવ

# મહારાષ્ટ્રમાં ફરવા ગયેલ દંપતીના બંધ મકાનમાં ૧.૬૦ લાખની ચોરી

વડોદરા, તા.૫

તરસાલી વિસ્તારના દત્તમંદિર પાસે વિશાલનગરમાં રહેતા ૫૬ વર્ષીય ચંદ્રકાન્ત પ્રભુદાસ સિધ્ધપુરાએ મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે હું મારી પત્ની સાથે રહુ છું અને નિવૃત્ત જીવન ગાળું છું. અમારા બે સંતાનો પૈકી મોટો પુત્ર તેના પરિવાર સાથે સોમાતળાવ પાસે રહે છે જયારે નાનો પુત્ર તેના પરિવાર સાથે યુકેમાં રહે છે. ગત ૨૬મી તારીખના રાત્રે હું અને મારી પત્ની મકાનને લોક મારી પુના ખાતે ફરવા માટે ગયા હતા.

ગત ૧લી તારીખના વહેલી સવારે પાંચ વાગે અમે ઘર પરત આવતા એવી જાણ થઈ હતી કે અમારા બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ મકાનના નીચેના રૂમમાં લાકડાના કબાટનો તેમજ ઉપરના માળે બેડરૂમમાં મુકેલ લોખંડની બે તિજોરીના લોક તોડી તેમાંથી પણ તમામ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને મારી પત્નીની તિજોરીમાંથી તસ્કરો રોકડા ૬૦ હજાર તેમજ સોનાની એક ચેઈન, બે વીંટીઓ, ચાંદીના ચાર સિક્કા અને લગડી સહિત ૧.૬૦ લાખ રૂપિયાની મત્તાની ચોરી કરી ગયા છે.

**જાહેર નોટીસ**

આથી હાલની જાહેર નોટીસ આપી જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ ધોલેરા, મોજે ધોલેરા ના ન્યુ રે.સ.નં / બ્લોક નં. ૯૭૫, જેનો જુનો રે.સ.નં/ બ્લોક નં.૬૭૧ પૈકી, જનો ખાતા નં. ૪૬૩ જેનુ માપ ૧૭૯૩૧ ચો.મી. વાળી જમીન નો (DSIRDA) ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટરિજન ડેવલપમેન્ટ ઓથોરિટી મા સમાવેશ થતા ટી.પી. માં કપાત થયા બાદ ફાળવવામાં આવેલ ફાઇનાલ પ્લોટ ની ૮૯૦૩ ચો.મી. પૈકી ૩૮૯૨ ચો.મી ના રેહણાંક ના હેતૂ માટે બીન ખેતીમાં તબદીલ થયેલ જમીન ટી.પી સ્કીમ નં. ૨, ફાઈનલ પ્લોટ નં. ૧૪૬૮/૧ વાળી જમીન ના માલીક છબીલદાસ ડેવલોપર્સ પ્રા.લી. તેના વતી તેના ડીરેકટર ભાવેશ કુમાર છબીલદાસ હકાણી નાઓ એ પોતાનૂ નામ રેવન્યુ રેકર્ડ માં નોધ નં. ૩૧૪૨ થી દાખલ કરેલ છે જે આધારે પોતાની માલીકી કબજા ભોગવટાની હોવાનુ જણાવી, અમારા અસીલ સાથે સદરહુ જમીન પૈકી ....... ચો.મી. જમીન અંગે વેચાણ વ્યવહાર કરવા માંગતા હોય અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ માંગેલ છે.

ઉપરોકત માલિક કબજેદાર સદરહુ મિલકત ચોખ્ખા ટાઇટલવાળી કલીયર અને માર્કેટેબલ એમ જણાવે છે. સદરહુ મિલકત અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો, કોઈ પણ જાતનો લાગ, ભાગ, હક્ક, હીત સબંધ કે દાવો, અલાખો કે લીયન હોય કે ઉપરોક્ત માલિક / કબજેદાર ના મિલકત ટાઈટલવાળી કલીયર અને માર્કેટેબલ હોવા અંગેના અને જમીન વેચાણ આપવા અધિકારો અંગે કોઈ તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭ માં નીચે સરનામે લેખિત વાંધા પુરાવા સહિત રજુ કરવા. મુદત અંદર કોઈનો પણ વાંધો આવશે નહી, તો સદરહુ મિલકત ચોખ્ખા ટાઇટલવાલી કલીયર અને માર્કેટેબલ છે તેમ ગણી અમો ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દઇશું, અને અમારા અસીલ વેચાણ વ્યવહાર કરશે તેમજ મુદત વીતે કોઈનો વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની નોંધ લેશો.

અમારા અસીલની સુચના અન્વયે
આનંદ મજમુદાર & એસોસીએટ્સ
એડવોકેટસ
૨૦૯, અવન્તી ચેમ્બર્સ, એકસપ્રેસ હોટલની પાછળ, આર.સી. દત્ત રોડ, વડોદરા.
ફોનઃ (૦૨૬૫) ૨૩૫૬૩૦૯/ ૨૩૨૫૩૬૯/૨૩૩૭૪૮૭

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**અમદાવાદ મંડળ પર ભાડા વગરના મહેસૂલ કરાર માટે ઇ-હરાજી આમંત્રિત કરતી સૂચના**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલ્વે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ મંડળ - પશ્ચિમ રેલ્વે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ - ૩૮૨૩૪૫

પરિશિષ્ટ-A

હરાજી કેટલોગ નંબર: NFR-ADI-08-25 અને NFR-ADI-09-25
હરાજી પ્રારંભ: ૧૪-૦૭-૨૫ ૧૨:૦૦:૦૦ અને ૧૭-૦૭-૨૫ ૧૨:૦૦:૦૦

| ક્રમ નંબર | લોટ નંબર/ કેટેગરી | વર્ણન | પ્રવાસો/ દિવસો | લોટ અંતિમ તારીખ સમય |
|---|---|---|---|---|
| AA/1 | PARKING-ADI-ADI-RT-50-25-3 (Parking - Radio Taxi) | અમદાવાદ સ્ટેશન પર અમદાવાદ ફરતા વિસ્તારના એલિવેટેડ લેન પર ૨૬૨.૫૦ ચો.મી. ની ચોક્કસ જગ્યા પર ૦૩ વર્ષના સમયગાળા માટે રેડિયો ટેક્સી (એપ આધારિત કેબ/બાઇક સેવા) માટે ઇ-હરાજી. સ્કેચ જોડાયેલ છે. | ૧૦૯૬ | ૧૪-૦૭-૨૦૨૫, ૧૨:૩૦:૦૦ કલાકે |
| AA/1 | PARKING-ADI-GIMB-MX-26-25-1 (Parking - Mixed) | જીઆયએમબી ગુડ્સ શેડ કુલ ૧૦૯૨૨.૫૦ ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે ત્યાં હાલના વાણિજ્યિક વાહન પાર્કિંગ ભૂખંડથી પરે ભૂમિ પર પાર્કિંગ કમ ફેઇટ સંલગ્ન સેવાઓ માટેનો કરાર. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૨:૩૦:૦૦ કલાકે |
| BA/1 | ADVT-ADI-MAN-OH-218-25-1 (Advertising - Out of Home) | મણિનગર સ્ટેશનની પશ્ચિમ દિવાલ પર ૧૬૦૦ ચોરસ ફૂટ (૬૪૦ x ૨.૫) ના કુલ ડિસ્પ્લે ક્ષેત્ર સાથે નોન-ડિજિટલ જાહેરાત બોર્ડ (લિટ/નોન-લિટ) માટે ત્રણ (03) વર્ષનો કરાર. સ્થાન: મણિનગર રેલવે સ્ટેશનની સામેની બાજુએ પ્લેટફોર્મ નંબર 1 ના દિવાલની બહાર. | ૧૦૯૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૨:૪૦:૦૦ કલાકે |
| BA/2 | ADVT-ADI-ADI-OH-205-25-1 (Advertising - Out of Home) | અમદાવાદ મંડળમાં સ્થિત 30 ઓવરહેડ પાણીની ટાંકીઓ પર દિવાલ પેઇન્ટિંગ દ્વારા જાહેરાતો પ્રદર્શિત કરવાના કરાર માટે ઇ-હરાજી દ્વારા ઓફરો મંગાવવામાં આવી છે. ઉપલબ્ધ કુલ જાહેરાત ક્ષેત્રફળ અંદાજે ૨,૯૦૧ ચોરસ મીટર છે. ઓવરહેડ પાણીની ટાંકીઓની વિગતવાર યાદી, જેમાં તેમના ચોક્કસ સ્થાનો અને સાઇટ મુલાકાતો માટે સંપર્ક વિગતોનો સમાવેશ થાય છે, તે સંપત્તિ વિગતો દસ્તાવેજમાં જોડાયેલ છે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૨:૫૦:૦૦ કલાકે |
| BB/1 | ADVT-ADI-GNC-OSD- 208-25-1 (Advertising - On Station Premise (Digital)) | અમદાવાદ મંડળના ગાંધીનગર કેપિટલ (જીએનસી) રેલવે સ્ટેશન પર એલઇડી ટીવી અને સ્પીકર્સ સહિત જાહેર જાહેરાત સિસ્ટમ સાથે ક્લોઝ સર્કિટ ડિજિટલ ડિસ્પ્લે ઇન્ટિગ્રેટેડ સિસ્ટમ સાથે Aસપ્લાય, ઇન્સ્ટોલેશન, સંચાલન અને જાળવણી માટે પાંચ વર્ષનો કરાર. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૩:૦૦:૦૦ કલાકે |
| BC/1 | ADVT-ADI-ADI-OSN- 202-24-1 (Advertising - On Station Premise (Non-Digital)) | અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨, ૨A, ૩, ૪ અને ૫ પર ગ્લો સાઇન બોર્ડ/એલઇડી ફ્લેંજ દ્વારા જાહેરાત માટેનો કરાર. સ્થાપિત કરવાના ગ્લો સાઇન બોર્ડ/એલઇડી ફ્લેંજની કુલ સંખ્યા ૧૨૦ (૨ ફૂટ x ૨ ફૂટ ગોળાકાર અથવા ચોરસ આકાર) બંને બાજુ એટલે કે ૯૬૦ ચોરસ ફૂટ જાહેરાત વિસ્તાર છે. વિગતો માટે કૃપા કરીને અહીં જોડાયેલ શક્યતા અહેવાલ જુઓ. | ૧૦૯૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૩:૧૦:૦૦ કલાકે |
| BC/2 | ADVT-ADI-MAN-OSN- 181-24-1 (Advertising - On Station Premise (Non-Digital)) | મણિનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મની નં. ૧,૨/૩ અને ફૂટ ઓવર બ્રિજ પર ૮૦૦ વર્ગ ફીટ ક્ષેત્રમાં ૨૦૦ ગ્લો જાહેરાતો સાઇન બોર્ડ લગાવવા માટે ત્રણ વર્ષના સમયગાળા માટે કરાર. | ૧૦૯૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૩:૨૦:૦૦ કલાકે |
| BC/3 | ADVT-ADI-ADI-OSN- 151-24-1 (Advertising - On Station Premise (Non-Digital)) | અમદાવાદ રેલવે સ્ટેશનના કુલ ૩૨૨ ચોરસ ફૂટ વિસ્તારને આવરી લેતી ૦૭ (સાત) લિફ્ટ પર નોન-ડિજિટલ/નોન-લાઇટ બોર્ડ દ્વારા જાહેરાત માટેનો કરાર. | ૧૦૯૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૩:૩૦:૦૦ કલાકે |
| CA/1 | PnU-ADI-MSH-WRL-22-25-1 (Pay and Use - Lounges/ Waiting/ Retiring/ Cloak Rooms) | અમદાવાદ મંડળના મહેસાણા (એમએસએચ) સ્ટેશન પર પીએફ નંબર ૧ પર કુલ ત્રણ (03) યુનિટ, જેનો કુલ વિસ્તાર આશરે ૨૭૦.૬૬ ચો.મી. (બિલ્ટ-ઇન ટોઇલેટ સુવિધા ઉપલબ્ધ છે) (03) ત્રણ વેઇટિંગ રૂમના અપગ્રેડેશન, જાળવણી અને સંચાલનના કામ માટે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે ઇ-હરાજી. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૩:૪૦:૦૦ કલાકે |
| CA/2 | PnU-ADI-GIMB-WRL- 21-25-1 (Pay and Use - Lounges / Waiting / Retiring/ Cloak Rooms) | અમદાવાદ મંડળના ગાંધીધામ (જીઆયએમબી) સ્ટેશન પર પીએફ નંબર ૧ પર કુલ ત્રણ (03) યુનિટ, જેનો કુલ વિસ્તાર આશરે ૩૧૩.૩૪ ચો.મી. (બિલ્ટ-ઇન ટોઇલેટ સુવિધા ઉપલબ્ધ છે) (03) ત્રણ વેઇટિંગ રૂમના અપગ્રેડેશન, જાળવણી અને સંચાલનના કામ માટે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે ઇ-હરાજી. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૩:૫૦:૦૦ કલાકે |
| DA/1 | MSS-ADI-SIOB-EVC- 63-25-1 (Misc-Static-Services - EV charging stations) | સમખિયાલી સ્ટેશન પર ૨૨ ફૂટ X ૨૫ ફૂટ ક્ષેત્રમાં લાઇસન્સધારક ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૪:૦૦:૦૦ કલાકે |
| DA/2 | MSS-ADI-MSH-EVC-59-25-1 (Misc-Static-Services - EV charging stations) | મહેસાણા સ્ટેશન, ટીઆરડી ઑફિસ પાસે ૯૪ ફૂટ X ૭૬ ફૂટ ક્ષેત્રમાં લાઇસન્સધારી ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૪:૧૦:૦૦ કલાકે |
| DA/3 | MSS-ADI-VNG-EVC-61-25-1 (Misc-Static-Services - EV charging stations) | વિસનગર સ્ટેશન, સ્ટેશન ભવન ની પાસે ૪૨ ફૂટ X ૩૦ ફૂટ ક્ષેત્રમાં લાઇસન્સધારી ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૪:૨૦:૦૦ કલાકે |
| DA/4 | MSS-ADI-VDG-EVC-62-25-1 (Misc-Static-Services - EV charging stations) | વડનગર સ્ટેશન, પાર્કિંગ પ્લૉટ માં ૩૦ ફૂટ X ૨૦ ફૂટ ક્ષેત્રમાં લાઇસન્સધારી ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૪:૩૦:૦૦ કલાકે |
| DA/5 | MSS-ADI-GIMB-EVC- 55-25-1 (Misc-Static-Services - EV charging stations) | ગાંધીધામ સ્ટેશન પર ૨૫ ફૂટ X ૨૦ ફૂટ એટલેજ કુલ ૫૦૦ વર્ગ ફુટ ક્ષેત્રમાં લાઇસન્સધારી ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૪:૪૦:૦૦ કલાકે |
| DA/6 | MSS-ADI-SID-EVC-54-25-1 (Misc-Static-Services - EV charging stations) | સિદ્ધપુર સ્ટેશન પર સબવેની પાસે ૧૦ x ૫ મીટર ક્ષેત્રમાં ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરાર, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૪:૫૦:૦૦ કલાકે |
| DA/7 | MSS-ADI-KLL-EVC-56-25-1 (Misc-Static-Services - EV charging stations) | કલોલ સ્ટેશન, સીમા દિવાલને અડીને આવેલા ફરતા વિસ્તારની નજીક ૧૫ x ૩૦ ફૂટ એટલેજ ૪૫૦ ચો. ફૂટ ક્ષેત્રમાં ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરાર, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૫:૦૦:૦૦ કલાકે |
| DA/8 | MSS-ADI-RUJ-EVC-58-25-1 (Misc-Static-Services -EV charging stations) | રણુજ સ્ટેશન, બુકિંગ ઓફિસની નજીક ૩૦ x ૨૦ ફૂટ ક્ષેત્રમાં ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરાર, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૫:૧૦:૦૦ કલાકે |
| DA/9 | MSS-ADI-MSH-EVC-60-25-1 (Misc-Static-Services - EV charging stations) | મહેસાણા સ્ટેશન, હનુમાન મંદિર પાસે ૪૨૬ વર્ગ મીટર ક્ષેત્રમાં લાઇસન્સધારી ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરશે. ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૫:૨૦:૦૦ કલાકે |
| DA/10 | MSS-ADI-UJA-EVC-53-25-1 (Misc-Static-Services - EV charging stations) | ઉંઝા સ્ટેશન, પાર્કિંગ પ્લાટ પાસે ૯.૬ x ૪.૮ મીટર ક્ષેત્રમાં ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપના, સંચાલન અને જાળવણી કરાર, ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૫:૩૦:૦૦ કલાકે |
| DB/1 | MSS-ADI-MAN-BCrush- 36-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | પશ્ચિમ રેલવે ના અહમદાબાદ મંડળ ના મણિનગર (એમએએન) અને વટવા (વીટીએ) (બધા સ્ટેશન પર ૦૨ પીબીસીએમ) રેલ્વ સ્ટેશનોં પર ૦૪ પીબીસીએમ ની આપુર્તિ, સ્થાપના, સંચાલન અને રખરખાવમાટે ઇ-હરાજી લાઇસેંસધારી ની લાગત થી ૦૫ વર્ષ સમયગાળા માટે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૫:૪૦:૦૦ કલાકે |
| DB/2 | MSS-ADI-SBIB-BCrush- 33-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | આ કરાર પશ્ચિમ રેલવેના એડીઆય મંડળના સાબરમતી (એસબીઆયબી) સ્ટેશન પર ૨૦ પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનો (પીબીસીએમ) ની સ્થાપના, સંચાલન અને જાળવણી અને એકત્રિત કચરા/પ્લાસ્ટિકના નિકાલ માટે છે અને સ્થાપિત મશીનોના ૭૫% વિસ્તાર પર જાહેરાતો પ્રદર્શિત કરવા માટે છે. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૫:૫૦:૦૦ કલાકે |
| DB/3 | MSS-ADI-ASV-BCrush -35-25-1 (Misc-Static-Services - Bottle crushing machine) | અમદાવાદ મંડળ પશ્ચિમ રેલવેના અસરવા (એએસવી), મહેસાણા (એમએસએચ), પાલનપુર (પીએનયુ), વિરમગામ (વીજી) અને ભુજ (ભુજ) રેલ્વે સ્ટેશનો (દરેક સ્ટેશન પર ૧૦ પીબીસીએમ) પર ૫ વર્ષ માટે લાઇસન્સધારકના ખર્ચે ૫૦ પીબીસીએમ ના પુરવઠા, સ્થાપન, સંચાલન અને જાળવણી માટે ઇ-હરાજી. | ૧૮૨૬ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૬:૦૦:૦૦ કલાકે |
| DC/1 | MSS-ADI-MSH-RCR- 31-25-1 (Misc-Static-Services - Rail Coach Restaurant) | આ કરાર મહેસાણા (એમએસએચ) સ્ટેશન પરિભ્રમણ વિસ્તારમાં ૧૦ (દસ) વર્ષના સમયગાળા માટે નિર્દિષ્ટ ૭૧૮ ચોરસ મીટર વિસ્તારમાં થીમ-આધારિત "રેલ કોચ રેસ્ટોરન્ટ" અને વાણિજ્યિક કિઓસ્કના વિકાસ માટે છે. | ૩૬૫૨ | ૧૭-૦૭-૨૦૨૫, ૧૬:૧૦:૦૦ કલાકે |

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly ADI - 098



## બોલિવૂડ ડાયરી

વિક્રાંત મેસી અને શનાયા કપૂર તેમની નવી ફિલ્મ આંખો કી ગુસ્તાખિયાના પ્રમોશનમાં વ્યસ્ત છે. તો ક્રિતી સેનન શહેરમાં રિલેક્સ મૂડમાં આઉટિંગ માટે નીકળી હતી. રવિના ટંડને શહેરમાં એક ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ જ ફેશન ઈવેન્ટમાં નેહા ધૂપિયા તેમજ ખુશી કપૂરે પણ ઓલ બ્લેક લૂકમાં રેડ કાર્પેટ પર ફોટા માટે પોઝ આપ્યો હતો. જ્યારે કપિલ શર્મા મુંબઈ એરપોર્ટ પર ક્લિક થયો હતો.



### પ્રિયંકા ચોપરા હમણાં તેની હોલિવૂડ ફિલ્મ 'હેડ્ઝ ઓફ સ્ટેટ'ના પ્રમોશનમાં વ્યસ્ત

# સ્ટંટ કરવાના મામલે પ્રિયંકા ચોપરાએ અક્ષય કુમારને ટોમ ક્રુઝ સાથે સરખાવ્યો

પ્રિયંકા ચોપરા હમણા તેની હોલિવૂડ ફિલ્મ 'હેડ્ઝ ઓફ સ્ટેટ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે, જેમાં તેનો 'દયા અવતાર' એટલે કે પાવરફુલ અવતાર જોવા મળ્યો છે. પ્રિયંકાએ થોડાં વખત પહેલાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યો હતો, જેમાં તે સીઆઈડીના દયાની જેમ દરવાજો તોડતી જોવા મળે છે. આ ફિલ્મમાં પ્રિયંકા જોહ્ન કેના અને ઈદ્રિસ એલ્બા સાથે એક્શન સીન કરતી જોવા મળે છે. ખાસ તો તેના લંડન પ્રીમિયરની ચર્ચા છે. પ્રિયંકા પોતાના મૂળ અને પોતાના દેશની વાત કરવાની એક પણ તક છોડતી નથી. આ અંગે પ્રિયંકાએ રેડ કાર્પેટ પર ગ્લોબલ મીડિયા સામે પોતાના સ્ટંટ આંગે વાત કરતાં એણે કહ્યું, "ટોમ ક્રુઝ અને અક્ષય કુમાર જે કરે છે એ મને બહુ ગમે છે. એ લોકો આ કામમાં બહુ સારા છે. મને નથી લાગતું મારામાં ઉડતાં પ્લેનમાંથી લટકવાની હિંમત હોય, કે હું એ પ્રકારના કામ કરી શકું."પ્રિયંકાએ આગળ કહ્યું,"પણ મને મોટી એક્શન ફિલ્મનો ભાગ હોવં બહુ ગમે છે. આપણે ઘણા લોકોનાં ખભા પર ઉભા રહીએ છીએ - સ્ટંટની એક મોટી ટીમ છે, જેણે મને આ બધું કરવામાં ઘણી મદદ કરી."તેની આ વાત પર સોશિયલ મીડિયા પર પ્રિયંકાના ઘણા વખાણ થયાં છે, ખાસ તો આંતરરાષ્ટ્રીય મંચ પર અક્ષય કુમારનું નામ લેવા પર એક વ્યક્તિએ લખ્યું,"એ જગ્યાએ અક્ષયનું નામ લીધું એ બહુ સારી વાત છે, તમારા દેશના લોકોના હોલિવૂડમાં જઈને વખાણ કરવા એ ઘણી સારી વાત છે."આગળ પ્રિયંકાના વખાણમાં લોકોએ એવું પણ કહ્યું કે પ્રિયંકા બોલિવૂડના નાં ગ્લોબલ લેવલે જાહેર કરવામાં ક્યારેય પાછી પડતી નથી. તે પશ્ચિમમાં હિન્દી સિનેમાની પ્રતિનિધિ છે. પ્રિયંકાના આ ગુણ બાબતે સોશિયલ મીડિયામાં ઘણી ચર્ચા થઈ અને લોકોએ તેના વખાણ કર્યા હતા. તેને લોકોએ બે સંસ્કૃતિ વચ્ચેનો બ્રીજ ગણાવી હતી. આ સાથે એક વખત સિટાડેલના પ્રમોશન વખતે પ્રિયંકાએ સંજય લીલા ભણસાલીના વખાણ કર્યા હતા અને હવે તેણે આ રીતે અક્ષય કુમારને યાદ કરવા બદલ તેને લોકોએ આઈકોનિક ગણાવી હતી.જો પ્રિયંકાની ઈન્ડિયન ફિલ્મની વાત કરીએ તો તે મહેશ બાબુ સાથે રાજામૌલીની ફિલ્મમાં કામ કરી રહી છે. પરંતુ આ કોઈ બોલિવૂડ ફિલ્મ નથી. તેથી પ્રમોશન વખતે પ્રિયંકાએ અક્ષયને યાદ કરવા સાથે એવું પણ કહ્યું હતું કે તે બોલિવૂડને મિસ કરે છે. તેણે કહ્યું, "હું હિન્દી ફિલ્મો મિસ કરું છુ અને હું ઈન્ડિયાને બહુ મિસ કરું છું. આ વર્ષ હું ઈન્ડિયામાં કામ કરી રહી છું અને તે કામ માટે હું ઘણી ઉત્સુક છું."

### એકતા કપૂરને સેટ પર કેટલાક ફેરફારની ડિમાન્ડ હતી

# એકતાની 'ક્યૂં કી સાસ ભી કભીં બહુ થી'ની બીજી સીઝન પોસ્ટપૉન થઈ



એકતા કપૂરની લોકપ્રિય સિરીયલ 'ક્યુંકી સાસ ભી કબી બહુ થી'ની બીજી સીઝન આવી રહી છે, તે અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. આ શો માટે સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય સહિતના કલાકારોએ શૂટિંગ પણ શરૂ કરી દીધું હતું. સિરીયલ ફરી ક્યારે શરૂ થશે તેની તારીખ અંગે પણ અહેવાલો આવતા થયા હતા. ત્યારે હવે કેટલાક સુત્રોના આધારે એવી માહિતી મળી છે કે, હમણા આ શોની તારીખ પાછી ઠેલાઈ છે. સુત્રએ કહ્યું કે, "ક્યુંકી ૩ જુલાઈથી ઓન એર થવાની હતી પરંતુ હવે તેની લોંચ ડેટ પાછી ઠેલાઈ છે. આ શોના પ્રોડ્યુસર એકતા કપૂરને સેટ પર કેટલાક ફેરફાર જોઈતા હતા. તેમની ટીમ આ અંગે ફરી કામ કરી રહી છે તેથી થોડી વધુ રાહ જોવી પડશે."આ અંગે લીડ એક્ટર અમર ઉપાધ્યાયે જણાવ્યું કે સેટને પરફેક્ટ બનાવવામાં વાર લાગી રહી છે. તેણે જણાવ્યું,"હા આ સાચી વાત છે. સેટમાં થોડું ફરી કામ કરવાની જરૂર હતી. ખરેખર એવું હતું કે સેટ પરના કલર કોમ્બિનેશન સ્ક્રીન પર ધાર્યું હતું એટલાં સારા લાગાતાં નહોતાં. એકતાને ખ્યાલ છે કે તેને ખરેખર શું અને કેવું જોઈએ છે. એ એક પરફેક્શનિસ્ટ છે. આ કોઈ સામાન્ય શો નથી આ ક્યુંકી છે. આ તો એક વારસો છે અને એ ઈચ્છે છે કે શોમાં બધું શ્રેષ્ઠ જ હોય."આ શો જ્યારે પહેલી વખત ટીવી પર આવ્યો એ પણ ૩ જુલાઈ હતી. તેથી તેના ૨૫ વર્ષ નિમિત્તે આ શો આ જ તારીખે ફરી શરૂ કરવાનો હતો. પરંતુ હવે આ તારીખે શૂટ શરૂ થશે.

### રજનીકાંતની કૂલીમાં આમિરનો એક કેમિયા


# રજનીકાંતની 'કૂલી'માં આમિરનો વિલન દાહાનો લૂક વાયરલ થયો




રજનીકાંતની ફિલ્મ 'કૂલી' ઘણા સમયથી ચર્ચામાં છે. આ એક મોટા બજેટની ફિલ્મ છે અને રજનીફૅન્સ તેમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લોકેશ કનગરાજની આ ફિલ્મમાં કેટલાંક સુપર સ્ટારના કેમિયો છે, તેમાં આમિર ખાનનો કેમિયો પણ ચર્ચામાં છે, આ પ્રકારની એક્શન ફિલ્મમાં આમિર ખાન કેવો રોલ કરશે, તે અંગે દરેકને ઉત્સુકતા હતી. ત્યારે હવે ફિલ્મમાંથી આમિરનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. ગુરુવારે જેવો આ લૂક શેર થયો કે સોશિયલ મીડિયા પર છવાઈ ગયો હતો. સન પિક્ચર્સની ટીમે ટ્વીટર પર આમિરનો ફર્સ્ટ લૂક જાહેર કર્યો છે, જેમાં તેનો દાહા તરીકે પરીચય આપવામાં આવ્યો છે, જે એ એક ગુંડા જેવો દેખાતો માણસ છે. આ બ્લૅક એન્ડ વ્હાઈટ ફોટોમાં આમિર એક ડાર્ક કલરની બંડીમાં દેખાય છે. જે આરામથી અને અદાથી પાઈપ પીતો દેખાય છે. ભલે આ રોલ એક ખાસ કેમિયો હોય, પરંતુ તેનો લૂક જોઈને લાગે છે કે આ ફિલ્મમાં તેનો રોલ અસરકારક તો હશે જ, કદાચ આ જ પાત્ર ફિલ્મમાં એક મહત્વનો ટ્વિસ્ટ કે ગેમ ચેન્જિંગ વળાંક લાવી શકે છે. આમિરના આ લૂક પર ફૅન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે.

### પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે કામ કરવાથી દિલજિતનો ઘણો વિરોધ થયો હતો

# સિને એમ્પલોય્ઝ ફેડરેશને દિલજિત દોસાંજ પરનો પ્રતિબંધ હટાવ્યો



જ્યારથી દિલજિત 'સરદારજી ૩'માં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે કામ કરી રહ્યો હોવાના અહેવાલો આવ્યા હતાં, ત્યારથી દિલજિતનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. ભારતે પહેલગામ હુમલા બાદ પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મુક્યો હોવાથી ભારતમાં તેની ફિલ્મ રિલીઝ પણ થઈ શકી નહોતી. હવે એવા અહેવાલો છે કે દિલજિત પર ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પલોય્ઝ દ્વારા મુકવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવાયો છે. અગાઉ તેમણે દિલજિત સામે અસહકારની જાહેરાત કરી હતી. ફવાઈસના પ્રેસિડેન્ટ બી એન તિવારીએ કહ્યું કે પ્રોડ્યુસર ભુષણ કુમારે વ્યક્તિગત રીતે ફેડરેશનને વિનંતિ કરી હતી કે તેઓ દિલજિતને આ ફિલ્મ માટે શૂટ કરવાની મંજુરી આપે. તેમણે કહ્યું,"હા, અમે આ ફિલ્મ માટે પ્રતિબંધ પાછો ખેંચી લીધો છે."જોકે, આ નિર્ણય ફેડરેશનના સભ્યોની સંમતિથી જ લેવાયો છે. આ અંગે ફવાઈસ સાથે જોડાયેલા ફિલ્મ મેકર અશોક પંડિતે જણાવ્યું,"અમારો દિલજિત સામેનો અસહકાર યથાવત છે. ભવિષ્યમાં તેની સાથે કામ કરવા માગતા બધાં જ આ બાબતે તૈયાર રહે. પછી જો તેમને આર્થિક નુકસાની ભોગવવી પડશે તો તેના માટે ફડરેશન જવાબદાર રહેશે નહીં."આનંદ પંડિતે સ્વીકાર્યુ કે 'બોર્ડર ૨'માં કોઈ પાકિસ્તાની કલાકાર નથી. સાથે તેમની એવી પણ દલીલ હતી કે આ ફિલ્મ દેશભક્તિ પ્રકારની ફિલ્મ છે, જેના કેન્દ્રમાં ભારતની સેનાઓ છે, તેથી દિલજિત માટે પાકિસ્તાની કલાકાર સાથેની ફિલ્મનો મુદ્દો વધુ સંવેદનશીલ બની જાય છે.

# ઉદ્ધવ અને રાજ ઠાકરેએ એક થવા મામલે શું સંકેત આપ્યો?



મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના અધ્યક્ષ રાજ ઠાકરે અને શિવસેના (યૂટીબી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં એક જ મંચ શૅર કર્યો છે. હિંદીને ફરજિયાત કરવાના નિર્ણયનો વિરોધ થયા બાદ મહારાષ્ટ્ર સરકારે આ નિર્ણયને રદ કરી નાખ્યો હતો.રાજ અને ઉદ્ધવ ઠાકરે તેની સામે માર્ચ કાઢવાના હતા. પરંતુ નિર્ણય રદ થયા બાદ વિજય રેલી કાઢવામાં આવીત આ મુંબઈના વરલી વિસ્તારમાં થઈ. એમએનએસ પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું, મેં એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે મારું મહારાષ્ટ્ર કોઈ પણ લડાઈ કરતાં મોટું છે. આજે ૨૦ વર્ષ બાદ હું અને ઉદ્ધવ એક સાથે આવ્યા છીએ. જે બાલાસાહેબ નહીં કરી શક્યા તે કામ સીએમ દેવેન્દ્ર ફડણવીસે કરી દેખાડ્યું. અમે બંનેને સાથે લાવવાનું કામ કર્યું.ઉદ્ધવ ઠાકરેનું પણ કહેવું હતું કે બંને ભાઈઓ સાથે રહેવા માટે મંચ પર ભેગા થયા છે.

આ પહેલાં જ્યારે માર્ચ કાઢવાનો પ્રસ્તાવ થયો હતો ત્યારે સંજય રાઉતે ફેસબુક પર રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની તસવીર પોસ્ટ કરી હતી. આ રેલીમાં પ્રકાશ રેડ્ડી, સુપ્રિયા સુળે, અજીત નવલે, જિતેન્દ્ર આવ્હાડ, મહાદેવ જાનકર, જયંત પાટીલ, આદિત્ય ઠાકરે, અમિત ઠાકરે તથા સંજય રાઉત જેવા નેતાઓ પણ ઉપસ્થિત હતાં. પરંતુ શું આ સભામાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે તરફથી બંને સેનાઓ વચ્ચેના ગઠબંધનનો કોઈ સંકેત મળશે કે નહીં તેના પર બધાની નજર રહેલી હતી.આ સભામાં બોલતા રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરે તથા તમામ મરાઠી લોકોને સંબોધિત કરતા કહ્યું, હકીકતમાં, આજે એક માર્ચ કાઢવામાં આવવી જોઈતી હતી. મરાઠી લોકો કેવી રીતે એક છે, તેની તસવીર સામે આવી શકી હોત. પરંતુ માર્ચની ચર્ચા જ બંધ કરવી પડી. આજનો કાર્યક્રમ શિવ તીર્થ (શિવાજી પાર્ક)માં હોવો જોઈતો હતો. પરંતુ વરસાદ પડી રહ્યો છે. જેઓ બહાર ઊભા છે, તેમની હું માફી માગુ છું.આ ત્યારે શરૂ થયું જ્યારે મેં પોતાના ઈન્ટરવ્યૂમાં આમ કહ્યું. મહારાષ્ટ્ર કોઈ પણ લડાઈ કે વિવાદથી મોટું છે. અમે ૨૦ વર્ષ બાદ સાથે આવ્યા છીએ. જે કામ બાલાસાહેબ ન કરી શક્યા તે કામ દેવેન્દ્ર ફડણવીસે કરી દેખાડ્યું. મરાઠી જ એક માત્ર એજેન્ડા છે. તેમણે આગળ કહ્યું, મને નથી ખબર કે હિંદી અચાનક ક્યાંથી આવી ગઈ, હિંદી કેમ? કોના માટે? તમે શા માટે નાનાં બાળકો પર તેને થોપી રહ્યા છો. જો તમારી પાસે તાકત હોય, તો તે વિધાનસભામાં હશે, રસ્તા પર અમારી પાસે તાકત છે. ઉદ્ધવ ઠાકરેએ સભાને સંબોધિત કરતાં કહ્યું, અમે એક સાથે રહેવા માટે મંચ પર આવ્યા છીએ. તેમણે કહ્યું, જ્યારે અમે આ કાર્યક્રમની ઘોષણા કરી, ત્યારથી તમામ લોકો અમારાં ભાષણોની રાહ જોતાં હતાં. પરંતુ મારા વિચાર પ્રમાણે અમે બંને સાથે આવી રહ્યા છીએ અને આ મંચ અમારાં ભાષણોથી વધુ મહત્ત્વપૂર્ણ છે. રાજ પહેલા જ શાનદાર ભાષણ આપી ચૂક્યા છે. મને લાગે છે કે મારા બોલવાની જરૂર નથી."


ઉદ્ધવ ઠાકરે પહેલાં રાજ ઠાકરેએ કહ્યું હતું, તેમણે જોયું કે મહારાષ્ટ્રમાં આગ લાગી હતી તો શું થયું હતું. તેથી તેઓ પાછળ હઠી ગયા. હિંદી ભાષી રાજ્ય આર્થિક રીતે પછાત છે. અન્ય રાજ્યો આર્થિક રીતે ઉન્નત છે. કોણ હિંદી શીખવા માગે છે? શું તમે પાંચમા ધોરણથી હિંદી ફિલ્મ ઉદ્યોગમાં આવવા માગો છો? કોઈ પણ ભાષા મહાન છે. તમામ ભાષાને મહાન બનવા માટે ઘણી ઈચ્છાશક્તિ જોઈએ.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, મહારાષ્ટ્રની જનતાના મનમાં જે હશે, તે જ થશે. હું આપને એક જ વાક્યમાં કહુ છું. અમે આ સંબંધમાં ઝીણવટથી કામ કરી રહ્યા છે. હું તમને માત્ર સંદેશ નહીં સમાચાર આપીશ. મારા શિવસૈનિકોના મનમાં કોઈ ભ્રમ નથી. તેથી સંદેશ આપવાને બદલે અમે જે સમાચાર આપવાના હશે તે આપીશું. રાજ ઠાકરેની મનસે પ ાર્ટી સાથે શિવસેના (યુટીબી)ના ગઠબંધન પર ઉદ્ધવ ઠાકરેએ કેટલાક દિવસો પહેલા સંકેતાત્મક નિવેદન આપ્યું હતું. ઘણાં વર્ષોથી કહેવાય છે કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એક થશે. કેટલાક દિવસોથી એ પણ ચર્ચા થઈ રહી છે કે નગર નિગમ ચૂંટણીમાં બંને ભાઈ ફરીથી સાથે આવશે. કારણકે આ પ્રકારના સંકેતો અન્ય કોઈએ નહીં પરંતુ બંને ભાઈઓ રાજ અને ઉદ્ધવ ઠાકરેએ આપ્યા છે. રાજ ઠાકરેએ મરાઠી મુદ્દા પર માર્ચ કાઢવાની ઘોષણા કરી અને તમામે પોતાની પાર્ટીના ઝંડા ઉતારીને તેમાં ભાગ લેવાની અપીલ કરી. તેને ઉદ્ધવ ઠાકરેએ સકારાત્મક લીધી.

સંજય રાઉતે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં સ્પષ્ટ કરી દીધું હતું કે મરાઠી મુદ્દા પર બંને ભાઈ એક સાથે આવશે, પરંતુ સરકાર તરફથી હિંદી ફરજિયાત કરવા મામલાનો નિર્ણય રદ કરી દેવાતા માર્ચને બદલે રેલી થઈ. સરકારે આ નિર્ણયમાં પીછેહઠ કરવી પડી તેથી બંને ભાઈઓએ વિજય રેલી યોજી હતી.મહારાષ્ટ્ર સરકારે ગત મહિને પ હેલીથી પાંચમા ધોરણ સુધી મરાઠી અને અંગ્રેજી સાથે હિંદી લાગુ કરવા માટે બે સરકારી આદેશો બહાર પ ાડ્યા હતા. જોકે સરકારે તેને પ રત લીધા. આ આદેશો સામે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે આંદોલન કરવાના મૂડમાં હતા. આ નિર્ણયને પ રત લેવાતા બંનેએ વિજય મનાવવા માટે એક સાથે મંચ શૅર કરવાની ઘોષણા કરી હતી. મહારાષ્ટ્રમાં કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર એવા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે જેમાં કેટલાક લોકોને ફરજિયાત મરાઠી બોલવા માટે કહેવાતું હોય. કેટલાક મામલાઓમાં મારપીટ થઈ છે. આ વિવાદો પર શુક્રવારે મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે પ્રતિક્રિયા આપી હતી. ફડણવીસે પત્રકારોને જણાવ્યું, હું સ્પષ્ટ શબ્દોમાં કહેવા માગુ છું, મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનું અભિમાન રાખવું કોઈ ખોટું નથી.

પરંતુ ભાષાને કારણે કોઈ ગુંડાગર્દી કરશે, તો અમે તેને સહન નહીં કરીએ. કોઈ ભાષાના આધારે મારપીટ કરશે તો તેને સહન નહીં કરવામાં આવે. તેમણે કહ્યું હતું, "જે પ્રકારની ઘટના થઈ છે તેના પર પોલીસે કાર્યવાહી પણ કરી છે. આગળ પણ કરશે. જો કોઈ આ પ્રકારે ભાષાને લઈને વિવાદ કરશે તો તેના પર કાર્યવાહી થશે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, ભારતની કોઈ પણ ભાષા સાથે આ પ્રકારે અન્યાય નહીં કરી શકાય. મને તો ક્યારેક આશ્ચર્ય થાય છે કે આ લોકો અંગ્રેજીને ગળે લગાડે છે અને હિંદી સામે વિવાદ કરે છે.



### કોલેજોને માન્યતા આપવાના મુદ્દે લાંચ લેવાના આરોપમાં

# PCIમાં ભ્રષ્ટાચાર મામલે ૩ ડૉક્ટર સહિત ૬ લોકોની ધરપકડથી ફફડાટ

## અન્ય રાજ્યોમાંથી આવતી ડિગ્રીના રજિસ્ટ્રેશન માટે રૂપિયા લેવાતા હતા






નવી દિલ્હી, તા.૫

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ભ્રષ્ટાચારના મામલામાં તપાસના ધમધમાટ વચ્ચે CBIએ ૬ વ્યક્તિની ધરપકડ કરી છે. ૩ ડૉક્ટર સહિત કુલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગઈકાલે અમદાવાદમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલ સામે તપાસ હાથ ધરવાના સમાચાર સામે આવ્યા હતા. CBIએ અમદાવાદમાં સ્થિત મોન્ટુ પટેલના બંગલા પર દરોડા પાડ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કોલેજોને માન્યતા આપવાના મુદ્દે લાંચ લેવાના આરોપ લગાવ્યો છે.

તપાસ વચ્ચે ગુજરાત ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રમુખ રજનીકાંત ભારતીયએ ગંભીર આક્ષેપો લગાવ્યા છે. તેમણે રાજ્ય સરકાર મોન્ટુ પટેલને છાવરતી હોવાનો આક્ષેપ કર્યો છે.તેમણે કહ્યુ કે મોટા માથાઓના સહયોગ વિના કૌભાંડ શક્ય જ નથી.મોન્ટુ પટેલ ગુજરાત ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ હતા ત્યારે પણ ફરિયાદો ઊઠી હતી. અન્ય રાજ્યોમાંથી આવતી ડિગ્રીના રજિસ્ટ્રેશન માટે રૂપિયા લેવાતા હતા. ફરિયાદો છતાં ગુજરાત સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ નથી. ચૂંટણીમાં હાર્યા બાદ પણ મોન્ટુ પટેલનું વર્ચસ્વ અકબંધ રાખવા પ્રયાસો કર્યા છે.ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એટલે કે PCIના અધ્યક્ષ મોન્ટુ પટેલ દ્વારા ૪ હજાર કરોડથી પણ વધુનું કૌભાંડ આચરાયાના આક્ષેપો ઊઠ્યા છે.

### નેશનલ હેરાલ્ડ કેસમાં દૈનિક સુનાવણી

# સોનિયા-રાહુલ સામેનો આ ઓપન એન્ડ શટ કેસ : કોર્ટમાં ઈડીનો દાવો

## ગાંધી પરિવારે કરોડોની ૫૦ લાખમાં હડપી



નવી દિલ્હી, તા.૫

દિલ્હીની વિશેષ કોર્ટમાં કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સામે નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં દૈનિક સુનાવણી ચાલી રહી છે. કેસની તપાસ કરી રહેલી કેન્દ્રીય એજન્સી ઈડીએ કોર્ટને કહ્યું હતું કે આ ઓપન એન્ડ શટ કેસ છે. જ્યારે કોર્ટે ઈડીને સવાલ કર્યો હતો કે શું આ કેસમાં કોંગ્રેસ પક્ષને પણ આરોપી બનાવવામાં આવ્યો છે ?

કોર્ટમાં ઈડી તરફથી હાજર એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજૂએ કહ્યું હતું કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ બે હજાર કરોડ રૂપિયાની સંપત્તિ હડપી લેવા માટે કાવતરુ ઘડયું હતું. કોંગ્રેસે એસોસિએટેડ જર્નલ્સ લિ. (એજેએલ)ને ૯૦ કરોડ રૂપિયા ઉધાર આપ્યા, બાદમાં તેને તેને ચુકવવાના બહાને યંગ ઈન્ડિયાના નામે સંપત્તિ ટ્રાન્સફર કરી દેવામાં આવી. યંગ ઈન્ડિયનને આ સંપત્તિ માત્ર ૫૦ લાખ રૂપિયામાં સોંપી દેવામાં આવી. કોંગ્રેસ નેતાઓએ બનાવટી ડોનેશન અને ભાડાના નામે રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જેથી એજેએલની સંપત્તિને પોતાના નિયંત્રણમાં લઈ શકાય. બાદમાં કોર્ટે ઈડીને પૂછ્યું હતું કે વર્ષ ૨૦૧૦ પહેલા એએલજેનું શેરહોલ્ડિંગ કોની પાસે હતું? શું કોંગ્રેસ પક્ષને પણ આ કેસમાં આરોપી બનાવી શકાય તેમ છે?

### અમેરિકા જીદ ન છોડે તો ભારત ડ્યૂટી વધારતાં ખચકાશે નહીં

# ‘વિન-વિન’ની સ્થિતિ હોય તો જ અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરાશે : ભારતે હુંકાર કર્યો

## ડીલના પગલે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ અબજ ડોલરે પહોંચવાની શક્યતા




નવી દિલ્હી, તા.૫

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ વોરની અસરથી ભારત પણ બાકાત રહ્યું નથી. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ ન થાય તો ભારત પર ટેરિફ વધારો લાગુ કરવાનું એલાન ટ્રમ્પે કર્યું છે. ટ્રમ્પે આપેલી મુદત પહેલા વચગાળાની ટ્રેડ ડીલને પાર પાડવા ભારત-યુએસના પ્રતિનિધિઓ દ્વારા કવાયત હાથ ધરાઈ છે. જો કે આ વાટાઘાટો દરમિયાન યુએસ પ્રતિનિધિઓ ડેડ લાઈનનો ભય બતાવી ભારત પર મનસ્વી શરતો લાગુ કરવા મથી રહ્યા હોય તેમ જણાય છે, જેના પગલે કેન્દ્રિય વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલ ખુલીને મેદાનમાં આવ્યા છે. ગોયલે ખોંખારીને કહી દીધું છે કે, યુએસ સાથે ટ્રેડ ડીલ કરવા ભારત ઉત્સુક છે, પરંતુ ડેડલાઈન જેવા કોઈ પણ દબાણને તાબે થવા તૈયાર નથી. યુએસ સાથે ટ્રેડ ડીલ સંદર્ભે ગોયલે કહ્યું હતું કે, દેશ હિત હંમેશા સર્વોપરી હોય છે અને તેને ધ્યાને રાખીને વિકસિત રાષ્ટ્રો સાથે ટ્રેડ ડીલ કરવા ભારત તત્પર હોય છે. ૯ જુલાઈની ડેડ લાઈન પહેલા બંને દેશ વચ્ચે ટ્રેડ ડીલની શક્યતા અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, ડેડ લાઈન અથવા સમય મર્યાદાના આધારે ભારત ક્યારેય ટ્રેડ ડીલ સ્વીકારતું નથી. યોગ્ય રીતે ડીલ થાય અને દેશ હિતમાં તેને સંપૂર્ણ રીતે નક્કી કરવામાં આવે તો ભારત તેનો સ્વીકાર કરશે.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### પૂંછમાં ભારતીય સેનાએ આતંકી ઠેકાણાઓનો સફાયો કર્યો

જમ્મુ: પહેલગામ હુમલા બાદ ભારતીય સેના અને પોલીસે આતંકી સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. ત્યારે જમ્મુ અને કાશ્મીરના પૂંછના સુરનકોટ તહસીલના બહેરામ ગલ્લાના ડેર વિસ્તારમાં પોલીસ અને સેના દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન એક આતંકી ઠેકાણું ખતમ કરાયું છે. આ ઓપરેશનમાં સુરક્ષા દળોએ મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો.સુરક્ષા દળોએ જણાવ્યું હતું કે આતંકી ઠેકાણામાંથી ત્રણ હેન્ડ ગ્રેનેડ, ગોળીઓ, ચાર્જ લીડ, લોખંડનો સળિયો, વાયર કટર, છરી, પેન્સિલ સેલ, લાઈટર અને ઘણી બધી સામગ્રી મળી આવી છે. આ વિસ્તારની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી અને આતંકીઓની ગતિવિધિઓ પર નજર રાખ્યા પછી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### અમરનાથમાં પ્રથમ બે દિવસમાં ૨૦ હજાર શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા

શ્રીનગર: પહેલગામ આતંકવાદી હુમલા પછી સુરક્ષા દળોની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે અમરનાથ યાત્રાનો આરંભ થયો છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ શુક્રવારે કહ્યું કે તીર્થયાત્રાના પ્રથમ બે દિવસમાં ૨૦,૦૦૦થી વધુ તીર્થયાત્રીઓએ દક્ષિણ કાશ્મીરના હિમાલયમાં અમરનાથની પવિત્ર ગુફા મંદિરમાં કુદરતી બરફના શિવલિંગના દર્શન કર્યા છે. વાર્ષિક અમરનાથ યાત્રાને લઈને આખા કેન્દ્ર પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ઉત્સવ અને ઉત્સાહનો માહોલ છે. મનોજ સિંહાએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, હમણાં સુધીની માહિતી મુજબ બાબા અમરનાથના ૨૦૦૦૦થી વધુ ભક્તોએ દર્શન કર્યા છે.

### યુપીમાં બોલેરો કોલેજની દીવાલ સાથે વરરાજા સહિત ૮ વ્યક્તિઓનાં મોત

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં એક દુઃખદ અકસ્માત થયો છે. બારાતીઓની બોલેરો કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં વરરાજા સહિત આઠ લોકોએ જીવ ગુમાવ્યા. બારાત બદાયૂં જઈ રહી હતી. આ અકસ્માત જુનાવાઈમાં મેરઠ-બદાયૂં રોડ પર થયો હતો. મૃતકોમાં બે બાળકો પણ શામેલ છે. મેરઠ-બદૌં રોડ પર બારાતીઓની બોલેરો બેકાબૂ થઈ ગઈ અને ઈન્ટર કોલેજની દિવાલ સાથે અથડાઈ. આ અકસ્માતમાં વરરાજા સૂરજ પાલ (૨૦) સહિત આઠ લોકોના મોત થયા. મૃતકોમાં વરરાજાની બહેન, કાકી, પિતરાઈ ભાઈ અને સંબંધીઓનો પણ સમાવેશ થાય છે.

### બાલટાલમાં પહેલું યાત્રી નિવાસ તૈયાર, ૮૦૦ શ્રદ્ધાળુઓ રહી શકશે

શ્રીનગર: શ્રી અમરનાથ યાત્રા માટે બાલટાલ રૂટથી જતા યાત્રાળુઓ માટે પહેલું યાત્રી નિવાસ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં ૮૦૦ શ્રદ્ધાળુઓ માટે રહેવાની વ્યવસ્થા છે. યાત્રા નિવાસના પરિસરમાં નોંધણી કેન્દ્રની સાથે એક સુરક્ષા બ્લોક પણ બનાવવામાં આવ્યો છે. શુક્રવારે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ તેનું ઉદ્ઘાટન કર્યું. ન્એ કહ્યું કે સલામત અને પર્યાપ્ત રહેઠાણ અમારી ટોચની પ્રાથમિકતા છે. અત્યાર સુધી, ગાંદરબલના બાલતાલમાં ભક્તો તંબુઓમાં રહેતા હતા, હવે ૮૦૦ ભક્તો માટે કાયમી વ્યવસ્થા તૈયાર છે અત્યાર સુધી, ગાંદરબલ જિલ્લાના બાલતાલમાં યાત્રા નિવાસની વ્યવસ્થા તંબુઓમાં કરવામાં આવી છે. આટલી મોટી ક્ષમતા ધરાવતો આ પહેલો યાત્રા નિવાસ પણ છે.

## સ્પેનના એરપોર્ટ પર વિમાનમાં આગ : મુસાફરો વિમાનમાંથી કૂદી પડ્યા



સ્પેનના પાલ્મા ડી મેલોર્કા એરપોર્ટ પર રાયનએર બોઇંગ ૭૩૭માં આગની ખોટી ચેતવણી આપવામાં આવી હતી, જેમાં ઓછામાં ઓછા ૧૮ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના શનિવારે બની હતી, જ્યારે માન્ચેસ્ટર જતું વિમાન ઉડાન ભરવાનું હતું.અરબ ટાઇમ્સે અહેવાલ આપ્યો છે કે કટોકટી વિભાગને તાત્કાલિક પરિસ્થિતિ વિશે જાણ કરવામાં આવી હતી અને તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.પ્રાદેશિક કટોકટી સંકલન કેન્દ્રે એરપોર્ટ સ્થિત અગ્નિશામકો અને સિવિલ ગાર્ડના સભ્યો સાથે ઘટનાસ્થળે ચાર એમ્બ્યુલન્સ તૈનાત કરી હતી.

### સુરક્ષાદળોને મોટી સફળતા મળી

# મણિપુરમાં વ્યાપક સર્ચ ઓપરેશન દરમિયાન દારૂગોળો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરાઈ

## સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સુરક્ષાદળો હાઇ એલર્ટ પર



મણિપુર, તા.૫

મણિપુરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. ગેરકાયદેસર હથિયારોની માહિતીના આધારે મણિપુરમાં એક વિશાળ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગુરુવાર રાતથી શુક્રવાર સવાર સુધી ચાલેલા વ્યાપક સર્ચ ઓપરેશન દરમિયાન, મોટી માત્રામાં શસ્ત્રો, દારૂગોળો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. સંયુક્ત સુરક્ષા દળોએ ૨૦૩ હથિયાર, IED અને ગ્રેનેડ જપ્ત કર્યા છે.ઉત્તરપૂર્વમાં પરિસ્થિતિની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે. આગામી દિવસોમાં શસ્ત્રોના ડેપોને નાબૂદ કરવા અને પ્રદેશમાં શાંતિ જાળવવા માટે સુરક્ષા દળો આવા વધુ ઓપરેશન હાથ ધરે તેવી શક્યતા છે.

મણિપુર પોલીસ, આસામ રાઈફલ્સ / આર્મી અને સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ ફોર્સ (CPAPF) ની સંયુક્ત ટીમોએ ટેંગનોપાલ, કાંગપોકપી, ચંદેલ અને ચુરાચંદપુરના પહાડી જિલ્લાઓમાં સંકલિત ઓપરેશન હાથ ધર્યા હતા. ૦૩ શસ્ત્રોમાં 21 INSAS રાઈફલ્સ, 11 AK-સિરીઝ રાઈફલ્સ, 26 SLR, ૨ સ્નાઈપર રાઈફલ્સ, ૩ કાર્બાઈન્સ, ૧૭.૩૦૩ રાઈફલ્સ, 2.51 mm મોર્ટાર, 2 MA એસોલ્ટ રાઈફલ્સ, 3 M79 ગ્રેનેડ લોન્ચર્સ, ૩૮ ‘પોમ્પી’ દેશી બનાવટની બંદૂકો અને પિસ્તોલ, બોલ્ટ-એક્શન રાઈફલ્સ અને દેશી બનાવટના શસ્ત્રોનો સમાવેશ થાય છે.

### દુનિયાના ધનિકોના લિસ્ટમાં મોટો ફેરફાર જોવા મળ્યો

# મસ્ક, ઝુકરબર્ગ અને જેન્સન હુઆંગની સંપત્તિ લગભગ ૧૦ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી

## ફોર્બ્સ અનુસાર જુલાઈમાં કોની પાસે સૌથી વધુ સંપત્તિનો રિપોર્ટ



વૉશિંગ્ટન, તા.૫

દુનિયાભરના મોટા ઉદ્યોગપતિઓની સંપત્તિમાં ઝડપથી વધારો થયો છે. આ લોકોએ નવી વસ્તુઓ કરીને અને યોગ્ય આયોજન કરીને પોતાની સંપત્તિમાં વધારો કર્યો છે. બદલાતી સંપત્તિની દુનિયામાં, ૫૦૦ સૌથી ધનિક લોકોની કુલ સંપત્તિમાં ભારે વધારો થયો છે. એલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ અને જેન્સન હુઆંગની કુલ સંપત્તિ લગભગ ૧૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે. ચાલો જોઈએ કે ફોર્બ્સ અનુસાર જુલાઈ ૨૦૨૫ માં કયા ૧૦ લોકો પાસે સૌથી વધુ સંપત્તિ છે?એલોન મસ્ક ટેસ્લા અને સ્પેસએક્સના સ્થાપક છે. તાજેતરના ભૂતકાળમાં તેમની સંપત્તિમાં ઘટાડો થયો છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ઈલેક્ટ્રિક વાહનો અને અવકાશ ટેકનોલોજી છે. જુલાઈમાં તેમની કુલ સંપત્તિ $406.5 બિલિયન છે.

જુલાઈમાં અબજોપતિઓની યાદીમાં મોટો ફેરફાર થયો છે. ઓરેકલના સહ-સ્થાપક લેરી એલિસનની સંપત્તિ જુલાઈ ૨૦૨૫માં વધીને ઈ૨૬૨.૨ બિલિયન થઈ ગઈ. સોફ્ટવેર ક્ષેત્રમાં તેમની મુખ્ય ભૂમિકા છે.માર્ક ઝુકરબર્ગને સોશિયલ મીડિયાના કિંગ કહેવામાં આવે છે. તેઓ ફેસબુકના સ્થાપક છે. જુલાઈ ૨૦૨૫ માં તેમની સંપત્તિ ૫૪.૬ બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે.

### મગરને સફેદ ગાઉન પહેરાવવામાં આવ્યો

# ભાત ભાત કે લોગ: મેક્સિકોના મેયરને મગર સાથે પ્રેમ, દુલ્હન બનાવી લગ્ન કર્યા

## મેયરે મગરના કપાળ પર ચુંબન કર્યા પછી ડાન્સ પણ કર્યો



મેક્સિકો, તા.૫

મેક્સિકોના દક્ષિણ ઓક્સાકા રાજ્યમાં સ્થિત સાન પેડ્રો હુઆમેલુલા શહેરમાં એક અનોખી અને સદીઓ જૂની પરંપરાએ વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું છે. અહીંના મેયર, ડેનિયલ ગુટીરેઝે ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ પ્રતીકાત્મક રીતે માદા મગર સાથે લગ્ન કર્યા હતા. આ ૨૩૦ વર્ષ જૂની વિધિ ચોન્ટલ અને હુઆવે સ્વદેશી સમુદાયો વચ્ચે એકતાનું પ્રતીક છે અને સારી લણણી, વરસાદ અને સમૃદ્ધિની ઈચ્છા માટે કરવામાં આવે છે.

આ રંગીન સમારોહમાં, મગરને દુલ્હનની જેમ સફેદ લગ્નના ગાઉન પહેરાવવામાં આવ્યો હતો અને મેયરે તેના કપાળ પર ચુંબન કર્યા પછી નાચતો પણ જોવા મળ્યો હતો.

ચોન્ટલ અને હુઆવે સ્વદેશી સમુદાયો વચ્ચે શાંતિ સ્થાપનાની યાદમાં ૧૭૮૯ થી સાન પેડ્રો હુઆમેલુલામાં આ અનોખી પરંપરા ચાલી રહી છે. સ્થાનિક લોકવાયકા અનુસાર, ચોન્ટલ રાજા (મેયર દ્વારા રજૂ કરાયેલ) એ હુઆવે રાજકુમારી (મગર તરીકે રજૂ કરાયેલ) સાથે લગ્ન કર્યા, જેનાથી બંને સમુદાયો વચ્ચે લાંબા સમયથી ચાલતા સંઘર્ષનો અંત આવ્યો. આ પ્રતીકાત્મક લગ્ન પૃથ્વી માતા અને માનવતા વચ્ચેના જોડાણનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં મગર પૃથ્વી માતાનું પ્રતીક છે.

### નકલી કોન્સ્ટેબલની ૨૦થી વધુ ગર્લફ્રેન્ડ

# મહિલાઓને પ્રેમ જાળમાં ફસાવવા બદલ એક નકલી કોન્સ્ટેબલની ધરપકડ

મુઝફ્ફરનગર, તા.૫

યુપીના મુઝફ્ફરનગર પોલીસે એક નકલી કોન્સ્ટેબલની ધરપકડ કરીને મોટો ખુલાસો કર્યો છે. જે છોકરીઓ અને મહિલાઓને પ્રેમ જાળમાં ફસાવીને શારીરિક શોષણ કરતો હતો. આરોપી પોલીસ યુનિફોર્મ પહેરીને મહિલાઓને ફસાવતો હતો, પછી તેમની સાથે લગ્ન કરતો હતો અને તેમના ઘરેણાં અને પૈસા પડાવી લેતો હતો.

આરોપીની અનેક રાજ્યોમાં ૨૦ થી વધુ ગર્લફ્રેન્ડ છે, જેમાંથી તેણે દસથી વધુ સાથે શારીરિક સંબંધો બનાવ્યા છે. પોલીસે તેની પાસેથી તેના મોબાઈલમાં ઘણી મહિલાઓના વાંધાજનક વીડિયો અને પોલીસ યુનિફોર્મ કબજે કર્યા છે.

પોલીસ લાઇનમાં માહિતી આપતાં, એસએસપી સંજય કુમાર વર્માએ જણાવ્યું હતું કે એક મહિલાએ શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી કે આરોપી નૌશાદ ત્યાગી ઉર્ફે રિકી ત્યાગી ઉર્ફે રાહુલ ત્યાગી, જે મુર્દા પટ્ટી ગામ, ચરથવલ પોલીસ સ્ટેશનમાં રહે છે, તેણે પોતાને પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ઓળખાવીને તેને તેના પ્રેમ જાળમાં ફસાવી હતી. આરોપીએ લગ્નની લાલચ આપીને ૨.૭૫ લાખ રૂપિયા રોકડા અને ૩ લાખ રૂપિયાના દાગીના પડાવી લીધા હતા. પોલીસે ફરિયાદ નોંધીને આરોપીની ચરથવલ રોડ પરથી ધરપકડ કરી હતી.પોલીસ પૂછપરછ દરમિયાન, આરોપીએ જણાવ્યું હતું કે તેણે આસામ, મેઘાલય, દિલ્હી, ગાઝિયાબાદ, બુલંદશહેર અને મુઝફ્ફરનગરની ઘણી મહિલાઓને તેના પ્રેમ જાળમાં ફસાવી હતી.

### હલકી ગુણવત્તાવાળા મટિરિયલનો ઉપયોગ

# જામનગર-અમૃતસર એક્સપ્રેવેનો ગુજરાતમાં આવેલો ભાગ ધોવાયો

નવી દિલ્હી, તા.૫

એક તરફ સરકાર દેશમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ, દેશના કોન્ટ્રાક્ટરો અને બાંધકામ કંપનીઓ તેને બગાડવામાં કોઈ કસર છોડી રહી નથી. પંજાબના અમૃતસરથી ગુજરાતના જામનગર સુધી બની રહેલા દેશના બીજા સૌથી મોટા એક્સપ્રેસ વેમાં કંઈક આવું જ બન્યું છે. આ એક્સપ્રેસ વેના નિર્માણમાં કોન્ટ્રાક્ટરે હલકી ક્વૉલિટીના મટિરિયલનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે એક્સપ્રેસ વે શરૂ થાય તે પહેલાં જ તેની હાલ ખખડધજ થવા લાગી હતી. હવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ જવાબદારો સામે કડક કાર્યવાહી કરી છે. હાઈવે અને એક્સપ્રેસ વેના બાંધકામ પર નજર રાખતી સરકારી કંપની NHAI એ માત્ર અમૃતસર-જામનગર એક્સપ્રેસ વેના બાંધકામમાં રોકાયેલા કોન્ટ્રાક્ટરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યો નથી, પરંતુ તેનું નિરીક્ષણ કરી રહેલા એન્જિનિયર અને ઓથોરિટીના એક અધિકારીને પણ સસ્પેન્ડ કર્યા છે. એક્સપ્રેસ વેના ગુજરાત કોરિડોર વિભાગમાં બેદરકારી અને ગરબડ થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

NHAIએ પોતાના સ્ટેટમેન્ટમાં જણાવ્યું કે એક્સપ્રેસવેના સાંચોર-સંતલપુરમાં બની રહેલા ૬ લેન કોરિડોર નિર્માણમાં ખરાબ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કારણે એક્સપ્રેસવેનું નિર્માણ પૂર્ણ થયા પહેલા જ રસ્તા પરનું બાંધકામ ઉખડવા લાગ્યું છે.

### રાજસ્થાનના ભીલવાડામાં તંગદિલી

# લારી સાથે કારની નજીવી ટક્કર થતાં ભીડે યુવકને મારી નાખ્યો

ભીલવાડા, તા.૫

રાજસ્થાનના ભીલવાડામાં શુક્રવારે (ચોથી જુલાઈ) રાત્રે કાર અને લારી વચ્ચે થયેલી નજીવી ટક્કર બાદ ટોળાએ કારચાલકને ઢોર માર માર્યો હતો. જેમાં કારચાલકનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતક ટોંકના કેન્ટોનમેન્ટ ટાઉનનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. છે. આ ઘટના બાદ શહેરમાં તણાવનો માહોલ જોવા મળ્યો હતો. બજારો બંધ રહી હતી અને ગુસ્સે ભરાયેલા લોકોએ મોડી રાત સુધી પોલીસ સ્ટેશનની બહાર ધરણા કર્યા હતા. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે આ વિસ્તારમાં પોલીસની ટીમ તહેનાત કરાઈ હતી. પોલીસના જણાવ્યાનુસાર, ટોંક કેન્ટોનમેન્ટનો રહેવાસી ૨૫ વર્ષીય સીતારામ કીર તેના ત્રણ મિત્રો સિકંદર, દિલખુશ અને દીપક સાથે એક સંબંધીને મળવા જહાજપુર આવ્યા હતા. શુક્રવારે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે, તેમની કાર બસ સ્ટેન્ડ પાસે શાકભાજીની લારી સાથે અથડાઈ, જેના કારણે લારી પલટી ગઈ અને તેના કારણે લારીના માલિક શરીફ મોહમ્મદ સાથે દલીલ થઈ, જે અચાનક હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર, ઝઘડા દરમિયાન, એક પક્ષના લગભગ ૨૦ લોકો સ્થળ પર ભેગા થયા અને તેમણે કાર ચાલક સીતારામને બહાર કાઢ્યો અને રસ્તા પર તેને બેરહેમીથી માર મારવાનું શરૂ કર્યું. ગંભીર ઈજાઓને કારણે સીતારામનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. આ હત્યાના સમાચાર ફેલાતા જ શહેરમાં ગુસ્સો ફેલાઈ ગયો. બજારો બંધ થઈ ગયા અને મોટી સંખ્યામાં લોકો પોલીસ સ્ટેશનની બહાર એકઠા થઈને આરોપીઓની ધરપકડની માંગ કરી છે.

### પાકિસ્તાનની સાથે કનેક્ટિવિટી થશે

# રશિયાએ પાક. સાથે કરાર કર્યો મધ્ય એશિયા સુધી રેલવે દોડશે



નવી દિલ્હી, તા.૫

ભારતના મિત્ર દેશ રશિયાએ પાકિસ્તાનની સાથે એક મહત્વનો કરાર કર્યો છે. આ અંતર્ગત રશિયા અને મધ્ય એશિયા સુધી પાકિસ્તાનથી ટ્રેનોની કેન્કટિવિટી થશે. આ ઉપરાંત, રોડથી પણ પાકિસ્તાનથી લઈને રશિયા અને મધ્ય એશિયા સુધી પહોંચી શકાશે. ચીનના તિયાનજિનમાં શાંઘાઈ શિખર સંમેલનથી અલગ આયોજિત બેઠક દરમિયાન પાકિસ્તાનના કેબિનેટ મંત્રી અબ્દુલ અલીમ ખાન અને રશિયાના પરિવહન મંત્રી આંદ્રે સેરગેવિચ નિકિતિનની વચ્ચે આ કરારને લઈને સહમતી થઈ છે.બંને નેતાઓએ કહ્યું કે આનાથી રશિયા અને પાકિસ્તાનની વચ્ચે આર્થિક અને વ્યાપારિક સહયોગ વધશે. આ કરારને પાકિસ્તાન પોતાની સફળતા ગણાવી રહ્યું છે. પાકિસ્તાનનું કહેવું છે કે આ કરારથી અમારો દેશ મોટો ટ્રાન્ઝિટ હબ બની જશે. તેનાથી બિઝનેસ કોરિડોર બનશે અને માલની હેરાફેરી સરળ થઈ શકશે. રશિયા અને સેન્ટ્રલ એશિયા સુધી પહોંચવું સરળ બની જશે. રશિયાના મંત્રી આંદ્રે નિકિતિને કહ્યું કે રશિયા અને પાકિસ્તાનના સહયોગમાં એવી તાકાત છે કે ક્ષેત્રીય સમીકરણ બદલાઈ જશે. રશિયાની પ્રતિબદ્ધતા છે કે પાકિસ્તાનની સાથે કનેક્ટિવિટી વધારવામાં આવે અને વ્યાપારમાં વૃદ્ધિ થાય.

શહેરોનું તાપમાન (મહત્તમ)

| | | | |
|---|---|---|---|
| 31.5° | 31.6° | 27.8° | 31.5° |
| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |

હવામાન વિભાગ

શહેરમાં શનિવારે મહત્તમ તાપમાનનો પારો ૩૧.૬ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૬ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

### શંકાસ્પદ ચાંદીપુરમના બાળ દર્દીઓમાં એક્યુટ એક્કેફેલાઈટિસ વાઈરસનાં લક્ષણો

# SSGમાં શંકાસ્પદ ચાંદીપુરમથી ૨૦ દિવસમાં ૮ બાળ દર્દીનાં મોત

### હાલમાં શંકાસ્પદ ચાંદીપુરમના ત્રણ બાળ દર્દી સારવાર હેઠળ, એકની હાલત સુધારા પર



વડોદરા, તા.૫

વડોદરા શહેરની મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી સયાજી હોસ્પિટલમાં એક્યુટ એક્કેફેલાઈટીસ વાયરસના લક્ષણો ધરાવતા નાના બાળકોની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં, શંકાસ્પદ ચાંદીપુરમના લક્ષણો ધરાવતા ૧૫ જેટલા બાળ દર્દીઓને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી દુર્ભાગ્યે આઠ બાળકોના સારવાર દરમિયાન મૃત્યુ થયા છે. ઉલ્લેખનીય છે કે, શંકાસ્પદ ચાંદીપુરમ એક્યુટ એક્કેફેલાઈટીસ વાયરસનો એક પ્રકાર છે.

હાલમાં, સયાજી હોસ્પિટલમાં ચાર બાળ દર્દીઓ એક્યુટ એક્કેફેલાઈટીસના લક્ષણો સાથે સારવાર હેઠળ દાખલ છે. આ ચારમાંથી એક વર્ષના એક બાળ દર્દીનું દુઃખદ અવસાન થયું છે. અન્ય ત્રણ બાળ દર્દીઓ પૈકી બેને પી.આઈ.સી.યુ માં ગંભીર સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે, જ્યારે એક દર્દીની તબિયત સ્થિર હોવાથી તેને સામાન્ય વોર્ડમાં ખસેડવામાં આવ્યો હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું હતું.

એક્યુટ એક્કેફેલાઈટીસના લક્ષણોમાં બાળ દર્દીને શરદી, ખાંસી, તાવ, ઝાડા-ઉલટી, માથાનો દુખાવો થવો અને ખેંચ આવવી જેવી તકલીફો જોવા મળે છે. આ રોગ સામાન્ય રીતે બાળકોમાં વધુ જોવા મળે છે અને તેનો મૃત્યુ દર ૬૦% જેટલો ઊંચો છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે.

દાખલ કરાયેલા તમામ દર્દીઓના ટેસ્ટ સેમ્પલો ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવ્યા છે. તેમાંથી કેટલાક બાળ દર્દીઓના સેમ્પલોના રિપોર્ટ નેગેટિવ હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ આ બાળકોમાં એક્યુટ એક્કેફેલાઈટીસ નામના રોગના સ્પષ્ટ લક્ષણો જોવા મળ્યા છે, જે સૂચવે છે કે આ કોઈ ચોક્કસ વાયરસથી થતી ગંભીર બિમારી છે.

#### પંચમહાલ અને દાહોદમાંથી વધુ કેસો

આજે પણ સયાજી હોસ્પિટલમાં વધુ ત્રણ બાળ દર્દીઓને એક્યુટ એક્કેફેલાઈટીસના લક્ષણો સાથે દાખલ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પંચમહાલ અને દાહોદ તરફના બાળ દર્દીઓ વધુ પ્રમાણમાં આવી રહ્યા છે, જે આ વિસ્તારોમાં રોગચાળાના ફેલાવા તરફ ઈશારો કરે છે. આરોગ્ય તંત્ર દ્વારા આ રોગને નિયંત્રિત કરવા અને તેના મૂળ કારણો શોધવા માટે તાત્કાલિક પગલાં લેવા અનિવાર્ય છે.

### વરસાદી પાણી ભરાયા મુદ્દે કાઉન્સિલર દ્વારા સિટી એન્જિનિયર સાથે જાહેરમં તૂ..તૂ..- મેં.. મેં..

# લેંઘો કાઢનાર ભાજપના કાઉન્સિલરે જ ભાજપની જાહેરમાં આબરૂ કાઢી!

### પ્રિ-મોન્સૂન કામગીરી નહીં થયાના ગંભીર આક્ષેપ સાથે જાહેરમાં અધિકારીઓનો ઉધડો લીધો





વડોદરા, તા.૫

આજે બપોરે વરસેલા ધોધમાર વરસાદમાં માંજલપુર કંચન ભગત ઉધ્યાન પાસેના રોડ ઉપર પાણી ભરાતાં રોષે ભરાયેલા વોર્ડ-૧૮ના કાઉન્સિલર કલ્પેશ પટેલ પાલિકાની કચેરીએ કમિશનરને મળવા પહોંચ્યા હતા. જોકે, કમિશનર ઉપસ્થિત ન હોવાથી સીટી એન્જિનિયર અને દક્ષિણ ઝોનના ડે. મ્યુનિ. કમિશનર અલ્પેશ મજમુંદારની ઓફીસે જઈને દક્ષિણ ઝોનના કાર્યપાલક ઈજનેર અનુપ પ્રજાપતિની ઉપસ્થિતિમાં તેમના વોર્ડમાં પ્રિ મોન્સૂનની કામગીરી માત્ર કાગળ ઉપર થયાંના તેમજ વોર્ડમાં કામો થતાં નથી તેવા આક્ષેપ સાથે હોબાળો મચાવ્યો હતો.જોકે, કાઉન્સિલર અધિકારીઓને લઈને સ્થળ પર આવ્યા હતા. અને માંજલપુર ગામ કંચન ભગત ઉધ્યાન ખાતે પહોંચ્યાં હતા. જ્યાં પણ કાઉન્સિલર અને સીટી એન્જિનિયર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ અંગે પાલિકાના અધિકારીએ કહ્યું હતુ કે, કાઉન્સિલરનો પાણી ભરાયું છે. તેવો ફોન આવ્યો એટલે તુરંત સ્ટાફ મોકલ્યો, કેચપીટ ઉપર થી કચરો દૂર કરાતં તમામ પાણી ઉતરી ગયાં છે.જોકે, કાઉન્સિલરે કોઈ પ્રિ મોન્સૂનની કોઈ કામગીરી કરાઈ નથી. તળાવમાં ડ્રેનેજના પાણી જાય છે. તેવા આક્ષેપ સાથે જાહેરમાં અધિકારીઓનો ઉઝડો લીધો હતો. અને કાઉન્સિલર તેમજ અધિકારીઓ વચ્ચે જાહેરમાં તુ..તૂ..મે...મે..ના દ્રષ્યો સર્જાયા હતા. જોકે, ત્યાર પછી કોટેશ્વર નાળું જે તાજેતરમાંજ નવું બન્યું છે. તેની મુલાકાત પણ લીધી હતી. જો કે આ સંદર્ભે કાઉન્સિલરે કામો નહીં થયા હોવાનો આક્ષેપ કર્યો હતો. જયારે અધિકારીએ વોર્ડમાં કામો થયા છે અને ચાલી રહ્યા હોવાનું કહ્યું હતું.

#### પગે લાગવાની સ્પર્ધા ચાલી

કાઉન્સિલર કલ્પેશ પટેલ અને સીટી એન્જિયર વચ્ચે ઉગ્ર રજૂઆતો વચ્ચે માજલપુર કંચન ભગત ઉધ્યાન પાસે પહોંચેલા સીટી એન્જિનિયર અને કાઉન્સિલર બન્ને એકબીજાને જાહેરમાં નત મસ્તક થઈને એક બીજાને જાહેરમાં પગે લાગતા પગે લાગવાની સ્પર્ધા ચાલી હતી.જોકે, જાહેરમાંજ હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.

### સતત બીજા દિવસે બપોરથી સાંજ સુધી એક ધારો વરસાદ થતાં અનેક વિસ્તારોમાં ઘૂંટણસમાં પાણી ભરાયાં

# અઢી ઈંચ વરસાદમાં રાજમાર્ગો નદીઓ બની

### આજવાની સપાટી ૨૧૦.૭૭ ફૂટ, વિશ્વામિત્રીની સપાટી ૧૨ ફૂટે પહોંચી, વરસાદે વિરામ પાળતાં તંત્રે રાહત અનુભવી







વડોદરા, તા.૫

હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે વડોદરા શહેરમાં સવારથી છુટો છવાયો વરસાદ થયાં બાદ બપોરે ૨ વાગ્યાથી સાંબેલા ધાર વરસાદ સતત ચાર કલાક થયો હતો. અને બે ઈંચ જેટલો વરસાદ ખાબકતાં શહેર જળબંબાકાર બની ગયું હતું. વડોદરા શહેરના અનેક મુખ્ય માર્ગો નદીઓમાં ફેરવાઈ ગયા હતા. તેમજ દુકાનદારો ચિંતામાં મુકાઈ ગયા હતા. તો બીજી બાજુ સતત વરસી રહેલા વરસાદને પગલે પાલિકા તંત્ર પણ ચિંતામાં મુકાઈ ગયું હતું. જોકે, સાંજ થતાં વરસાદનું જોર ઘટતાં મોટાભાગના વિસ્તારો માંથી પાણી ઉતરી ગયાં હતા. શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીની સપાટી ૧૨ ફૂટે પહોંચી ગઈ હતી. સતત વરસી રહેલા વરસાદને પગલે કોર્પોરેશન એલર્ટ થઈ ગયું હતું. જોકે, અઢી ઈંચ વરસાદમાં ઠેર ઠેર પાણી ભરાતા પાલિકા તંત્રની પોલ ખુલી ગઈ હતી.

સમગ્ર રાજ્યને ધમરોળી રહેલા મેઘરાજાએ આજે વડોદરા શહેર જિલ્લામાં સવારથી છુટોછવાયો વરસાદ બાદ શહેરમાં બપોરે ૨ વાગ્યાથી મેઘરાજાએ મન મૂકીને વરસવાનું શરૂ કર્યું હતું. એકધારા વરસી રહેલા વરસાદને પગલે શહેરના મુખ્ય માર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી. સતત વરસી રહેલા વરસાદને પગલે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું.

એકધારા વરસેલા વરસાદને પગલે વડોદરા શહેરના એમ. જી. રોડ, રાવપુરા રોડ, અમદાવાદથી પોળ, દાંડિયા બજાર, ચોખંડી, વાડી ટાવર, વાઘોડિયા રોડ પરિવાર ચાર રસ્તા, ખોડીયાર નગર, ગોત્રી, સુભાનપુરા, તરસાલી સહિતના વિસ્તારોમાં ઉપરાંત શહેરના પેરાફેરી વિસ્તારો ભાયલી, અટલાદરા, બિલ રોડ સહિત સ્થળે પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયાં હતા. બપોરે બે થી સાંજે ૬ વાગ્યા સુધીમાં બે ઈંચ વરસાદ વરસતા રેલવે સ્ટેશનનુ ગરનાળું ભરાઈ જતાં સયાજીગંજ અને અલકાપુરી વચ્ચેનો સંપર્ક કપાઈ ગયો હતો. રેલ્વે સ્ટેશન ગરનાળામાં પાણી ભરાઈ જતા વાહનચાલકોને એક કિલોમીટર ફરીને જેતલપુર બ્રિજ થઈને નિર્ધારિત સ્થળે પહોંચવાની ફરજ પડી હતી. ઠેર ઠેર ભરાયેલા પાણીના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. અનેક જગ્યાએ વાહનો પાણીમાં બંધ થઈ ગયા હતા. જેના કારણે ઓટો ગેરેજવાળાઓને તડાકો થઈ ગયો હતો. જોકે, સાંજ થતાં વરસાદનું જોર ઘટતાં તંત્રએ રાહત અનુભવી હતી.

વડોદરા શહેરની સાથે આજવા સરોવર અને તેના સ્ત્રાવ વિસ્તારમાં પણ વિતેલા ૨૪ કલાકમાં નોંધપાત્ર વરસાદ થતાં રાત્રે ૮ વાગે આજવાની સપાટી ૨૧૦.૭૭ ફૂટ અને વિશ્વામિત્રી નદીની સપાટી ૧૨ ફૂટે પહોંચી હતી.



### વહીવટદારઃ સંસ્કારીનગરીના પોલીસ સ્ટેશનોમાં ખાખી પર દાગ

# પોલીસની છાપ ખરડી રહ્યાં છે વહીવટદાર સાંસદ ડો.હેમાંગ જોશીએ વાજબી માગ ઉઠાવી

### દરેક પોલીસ સ્ટેશનમાં એક-એક વહીવટદાર! આ કેવો વહીવટ?

વડોદરા, તા.૫

સંસ્કારીનગરીના પોલીસ સ્ટેશનોમાં વહીવટદારની જરૂર કેમ પડે છે? પોલીસ સ્ટેશનમાં પીએસઓ હોય, પીઆઈ કે પીએસઆઈ હોય તેવી જ રીતે તેનો વહીવટદાર પણ હોય જ છે! શું પોલીસ વિભાગમાં આવી કોઈ જોગવાઈ છે ખરી? ના, નથી. છતાં વહીવટદાર નામનો વસૂલીખોર અહીં શું કરી રહ્યો છે? શહેરના યુવા સાંસદ ડો.હેમાંગ જોશીએ પોલીસ ભવનમાં યોજાયેલી સંકલન બેઠકમાં શહેરના પોલીસ કમિશનર સામે આ સવાલો ઊઠાવ્યાં છે.

શહેરની હાલત એવી છે કે, આજે પોલીસ સ્ટેશનમાં વહીવટદાર રાખવાનો વણલખાયેલો નિયમ બની ગયો છે. વહીવટદાર વિના પોલીસ સ્ટેશનની કલ્પના કરવી અધુરી ગણાય છે..! વહિવટદારનો મુખ્ય રોલ કાયદાની ઐસી...તૈસી..કરીને પૈસા ભેગાં કરવાનો હોય છે. વહીવટદારને માત્ર ઉઘરાણા માટે જ નોકરી મળી હોય તેવો ઘાટ છે. ઘણા પોલીસ સ્ટેશનોમાં તો વહીવટદારનો વટ પોલીસ ઈન્સપેક્ટર કરતા વધારે હોય છે. શહેરમાં કેટલાક વહીવટદાર તો એવા છે કે જેમનો સિક્કો તમામ પોલીસ સ્ટેશનમાં ઉછળે છે. બે દિવસ પહેલા વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીના મોંઢેથી વહિવટદાર નામનો શબ્દ સાંભળવા મળ્યો હતો.

હકીકતમાં શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે સંકલનની બેઠક યોજાઈ હતી, જેમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા વિશેના પોતાના મંતવ્યો રજૂ કરતી વખતે યુવા સાંસદ ડો. હેમાંગ જોશીએ પોલીસના વહીવટદારોનો ઉલ્લેખ કર્યો હતો. ભાજપની સરકારમાં પોલીસના વહીવટદારો વિશે વાત કરવી હિંમતનું કામ છે અને યુવા સાંસદ ડો. હેમાંગ જોશીએ આ વિષય પર પોતાનુ મંતવ્ય રજૂ કરીને વધુ એકવાર હિંમતનો પરિચય આપ્યો છે. એક જાગૃત અખબાર તરીકે લોકસત્તા જનસત્તા વડોદરાના તમામ પોલીસ સ્ટેશનોના વહીવટદારોના નામોની આખેઆખી યાદી છાપીને સમાજના પ્રહરી હોવાનું દર્શાવી રહ્યું છે. હવે, વારો શહેર પોલીસ કમિશનરનો છે. બેફામ ઉઘરાણા કરીને પોલીસ વિભાગને બદનામ કરી રહેલા વહીવટદારો સામે તેઓ શું પગલા લે છે? તે જોવું રહ્યું.

વડોદરાના યુવા સાંસદ ડો. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, જ્યારે પોલીસ કમિશનર કોઈની બદલી કરતા હોય તો એને પોલીસ સ્ટેશનમાંથી છૂટા કરવામાં વિલંબ કેમ થતો હોય છે? આવી બાબતોથી પ્રજામાં પોલીસ અને સરકારની છબી ખરડાતી હોય છે. આવા મામલામાં પોલીસ અધિકારીઓએ બદલીના ઓર્ડર પછી પોલીસ કર્મચારીને જે તે સ્થળેથી છૂટા કરવામાં આવ્યા છે કે નહીં? તેની પણ તપાસ કરવી જોઈએ. અને જો એમને છૂટા કરવામાં વિલંબ થતો હોય તો એના કારણો વિષે ઊંડાણપૂર્વકની તપાસ પણ કરવી જોઈએ.

#### કોણ કયા પોલીસ સ્ટેશનનમાં વહીવટદાર?

| પોલીસ સ્ટેશન | વહીવટદાર |
|---|---|
| રાવપુરા પોલીસ સ્ટેશન | નટુભાઈ પટેલ |
| નંદેસરી પોલીસ સ્ટેશન | ગજેન્દ્રસિંહ |
| માંજલપુર પોલીસ સ્ટેશન | ભરત રાજપુત |
| મકરપુરા પોલીસ સ્ટેશન | સંજય પાટીલ |
| ગોરવા પોલીસ સ્ટેશન | ધર્મેશભાઈ |
| જવાહરનગર પોલીસ સ્ટેશન | શૈલેન્દ્રસિંહ |
| લક્ષ્મીપૂરા પોલીસ સ્ટેશન | મોહિતભાઈ |
| નવાપુરા પોલીસ સ્ટેશન | તુલસીભાઈ |
| સયાજીગંજ પોલીસ સ્ટેશન | દિપક જબ્બર |
| અકોટા પોલીસ સ્ટેશન | હરપાલસિંહ પરમાર |
| વારસિયા પોલીસ સ્ટેશન | વિજયસિંહ |
| કપૂરાઈ પોલીસ સ્ટેશન | હરદીપસિંહ |
| ગોત્રી પોલીસ સ્ટેશન | પ્રકાશ પારઘી |
| જે પી રોડ પોલીસ સ્ટેશન | ભગીરથ સિંહ |
| અટલાદરા પોલીસ સ્ટેશન | અલય ભરવાડ |
| છાણી પોલીસ સ્ટેશન | ઈન્દ્રસિંહ ચૌહાણ |
| ફતેહગંજ પોલીસ સ્ટેશન | મનીષભાઈ અને મેહુલદાન ગઢવી |
| પાણીગેટ પોલીસ સ્ટેશન | ઘનશ્યામસિંહ |
| વાડી પોલીસ સ્ટેશન | રાજુભાઈ |
| બપોદ પોલીસ સ્ટેશન | લક્ષ્મણભાઈ |
| સિટી પોલીસ સ્ટેશન | અજયસિંહ ભાટી |
| કારેલીબાગ પોલીસ સ્ટેશન | ચેતનભાઈ |
| કુંભારવાડા પોલીસ સ્ટેશન | ભગીરથ સિંહ |
| સમા પોલીસ સ્ટેશન | અજીતસિંહ |
| હરણી પોલીસ સ્ટેશન | મનદીપસિંહ અને અલ્પેશભાઈ |
| ડીસીપી ઝોન વન | આઝાદ સુર્વે |
| ડીસીપી ઝોન ટુ | ભવદીપસિંહ |
| ડીસીપી ઝોન થ્રી | ફિરોઝભાઈ |
| ડીસીપી ઝોન ફોર | પંકજ પાટીલ |
| પીસીબી | દીપુભાઈ |
| ડીસીબી | મહેન્દ્રસિંહ જાડેજા |
| એસઓજી | કેતનભાઈ |

### ધારાસભ્ય ચૈતર વસાવાએ ડેડિયાપાડામાં એટીવીટી બેઠકમાં સાગબારા તાલુકા પંચાયત મહિલા પ્રમુખને અપશબ્દો બોલ્યા હોવાનો આક્ષેપ

# ચૈતર વસાવા અને તા.પં પ્રમુખ સંજય વસાવા વચ્ચે લાફાબાજી

રાજપીપળા, તા.૫

ડેડિયાપાડા પ્રાંત કચેરી ખાતે ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવા વચ્ચે લાફાબાજી થઈ હોવાનું જાણવા મળ્યું છે.તો બીજી બાજુ આ ઘટના બાદ ધારાસભ્ય ચૈતર વસાવાને ધક્કા મુક્કી કરી પોલીસ જીપમાં જબરજસ્તીથી બેસાડી રાજપીપળાની એલ.સી.બી કચેરી ખાતે લઈ અવાયા હતા.આ મુદ્દે બંનેવ પક્ષે પોલીસ ફરિયાદ નોંધાવાની કાર્યવાહી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.આ દરમિયાન ચૈતર વસાવાની બંનેવ પત્નીઓ ચૈતર વસાવાને મળવા માટે ત્યાં આવી પહોંચી હતી, એમને પોતાના પતિને પોલીસે મળવા ન દેતા પત્નીઓ પણ રોષે ભરાઈ હતી.

આ બાબતે ડેડિયાપાડા તા.પં પ્રમુખ સંજય વસાવાએ જણાવ્યું હતું કે ડેડિયાપાડા પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી, ટીડીઓ, સાગબારા તા.પં પ્રમુખ ચંપાબેન વસાવા, એ.ટી.વી.ટી સભ્યો સહિત સંબંધિત અધિકારીઓની ઉપસ્થિતિમાં એ.ટી. વી.ટી આયોજન અંગે બેઠક મળી હતી.એ દરમિયાન ચૈતર વસાવાએ કામ બાબતે ચંપાબેન વસાવાને અપશબ્દો બોલતા મેં એનો વિરોધ કર્યો હતો.દરમિયાન ચૈતર વસાવાએ મને લાફો મારી કાચનો ગ્લાસ છુટ્ટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

તો બીજી બાજુ ચૈતર વસાવાએ પોલીસ મથકમાં આપેલી અરજી



મુજબ અક્ષય મંગીલાલ જૈનનો એ.ટી.વી.ટી નો કેમ એ.ટી.વી.ટી કમિટી સભ્ય તરીકે સમાવેશ કર્યો છે એવો મેં પ્રશ્ન કર્યો હતો.અને એ.ટી. વી.ટી કમિટીના તમામ સભ્યોનું કામ આયોજનમાં લેવા આગોતરૂ આયોજન કર્યું હોવાં મુદ્દે મેં વિરોધ કર્યો હતો.મને વિશ્વાસમાં લીધા વગર એ.ટી.વી.ટી કમિટી સભ્યોની નિમણૂક કરી હોવા બાબતે મે વિરોધ કર્યો હતો.એ દરમિયાન ડેડિયાપાડા તા.પં પ્રમુખ સંજય વસાવાએ



ઉગ્રતાથી આવી મારી ફેંટ પકડી મારા કુર્તાના બટન તોડી નાખ્યા હતા.અને મને જોઈ લેવાની ધમકી આપી હતી.

આ ઘટના બાદ બંનેવ પક્ષે પોલીસ ફરિયાદ લેવાની તજવીજ પોલીસે ચાલુ કરી હતી.તો બીજી બાજુ મામલો વધુ ન ગરમાય એની અગમચેતીના ભાગ રૂપે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને રાજપીપળા એલ.સી.બી કચેરી ખાતે લઈ જવા માટે પોલીસે ચૈતર વસાવાને રીતસરના ધક્કા મારી પોલીસ વાનમાં જબરજસ્તીથી બેસાડતા ચૈતર વસાવાના સમર્થકો રોષે ભરાયા હતા.તમામ સમર્થકો પોલીસ વાનની આગળ આવી જતા પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું.

#### નર્મદા એલસીબી કચેરી ખાતે સમર્થકો ઉમટી પડયા

ચૈતર વસાવાને એલ.સી.બી ખાતે લવાતા એમના સમર્થકો ત્યાં આવી પહોંચ્યા હતા.તેઓ પોલીસ વિરુદ્ધ નારેબાજી કરી રહ્યા હતા. રાજપીપળા ટાઉન પીઆઈ વી.કે. ગઢવીએ ત્યાં આવી પહોંચતા ચૈતર વસાવાના સમર્થકો અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

જો કે ચૈતર વસાવાના સમર્થકો સામે પોલીસની સંખ્યા ઓછી હોવા છતાં પોલીસ ચૈતર વસાવાને ત્યાંથી લઈ જવામાં સફળ થઈ હતી.